उन्नति

# વિચાર

વર્ષ ૪ અંક ૩ જુલાઈ–સપ્ટેમ્બર, '૯૯

**અનુક્રમ**

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણઃ સમસ્યાનું સ્વરૂપ અને ઉકેલની દિશા

**આપના માટે** ૧૨
શિક્ષણનું ખાનગીકરણઃ વંચિત સમાજ માટે પડકાર

**આપણી વાત** ૧૫
શિક્ષણ વ્યવસ્થાને વેગ આપવા માટે થયેલાં બે દૃષ્ટાંતરૂપ કાર્યો

**મંતવ્ય** ૧૯
નૂતન સહસ્રાબ્દીમાં સુશાસન અંગે નાગરિક સમાજની દૃષ્ટિ

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** ૨૨

**સંદર્ભ સાહિત્ય** ૨૫

**અમારા વિશે** ૨૭

**'ઉન્નતિ'ના વિકાસ માટેના વિકલ્પો (પૂર્તિ)**

**સંપાદક ટીમઃ**
દીપા સોનપાલ
હેમંતકુમાર શાહ
મુરલી શ્રીનિવાસ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંસ્થાનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકીકરણ માટે પ્રતિબદ્ધતાની જરૂર

મનુષ્યની પાયાની જરૂરિયાતોમાં અન્ન, વસ્ત્ર, આવાસ અને આરોગ્યની સાથે શિક્ષણનો પણ સમાવેશ થાય છે. માનવ વિકાસનાં વિવિધ પાસાંઓમાં શિક્ષણની ભૂમિકા હવે સર્વત્ર સ્વીકારાઈ છે કારણ કે શિક્ષણ મનુષ્યને સક્ષમતા અર્પે છે. મનુષ્યની અંદરની સુષુપ્ત શક્તિઓને બહાર આણવાનું કામ શિક્ષણ કરે છે. શિક્ષણનું વિકાસલક્ષી મહત્ત્વ હોવા છતાં અને એ મહત્ત્વનો સાર્વત્રિક સ્વીકાર થયો હોવા છતાં પણ ભારતમાં પ્રાથમિક શિક્ષણ માટેની યોગ્ય સુવિધાઓ ઊભી કરવામાં રાજ્ય નિષ્ફળ ગયું છે. પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક અને સર્વાંગી બનાવવા માટેની રાજ્યની અને સમાજની પ્રતિબદ્ધતાનો અભાવ વર્તાય છે. સરકારી સ્તરે અને સામાજિક સ્તરે દેશના વિભિન્ન વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવા માટેના ઘણા પ્રયાસો થયા છે, પરંતુ આ પ્રયાસોનું કોઈ સર્વગ્રાહી નક્કર પરિણામ નીપજી શક્યું નથી. કેરળ જેવું પ્રમાણમાં નાનું રાજ્ય લગભગ સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ ઊભું કરવામાં સફળ થયું છે તો મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં રાજ્ય સરકારોના સંનિષ્ઠ પ્રયાસોએ નવતર યોજનાઓ દ્વારા શિક્ષણનો ફેલાવો કરવાનો પ્રયાસ કર્યો છે. વિશ્વ બેંકની સહાયથી દેશના વિભિન્ન વિસ્તારોમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમો શરૂ થયા છે. વધતી વસ્તી અને નાણાંની ખેંચને પરિણામે આ કાર્યક્રમોની પહોંચ મર્યાદિત બની જાય એવું પણ બને છે. સ્વૈચ્છિક સંસ્થાઓ દેશભરમાં સરકારની સહાય સાથે કે તે વિના પણ પ્રાથમિક શિક્ષણને ઉપયોગી, પ્રસ્તુત અને સાર્વત્રિક બનાવવાના પ્રયત્નો કરી રહી છે. આ તમામ પ્રયત્નો નિષ્ઠાપૂર્વકના હોવા છતાં પણ તેમને ધારી સફળતા મળતી નથી એનું મહત્ત્વનું કારણ શિક્ષણ સાથે સંબંધિત સૌ લોકો એટલે કે સરકાર, શિક્ષકો, આચાર્યો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને સંચાલકો સહભાગિતાના ધોરણે પોતાની જવાબદારીનું વહન કરતા નથી. આથી અનેક કાર્યક્રમો વિગતોની દૃષ્ટિએ બેવડાય છે, નીરસ બને છે, ઉપયોગી બનતા નથી, નાણાં વેડફાય છે અને સમાજ તેમાં તદ્દન અલિપ્ત રહે છે.

પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકીકરણ માટેના તમામ કાર્યક્રમો ભિન્ન ભિન્ન મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને વિદ્યાર્થીઓનાં સ્તર અને જરૂરિયાતો પર નહિવત્ ધ્યાન આપે છે. શિક્ષણ નીતિઓમાં ભાર વિનાના ભણતર માટેની પ્રતિબદ્ધતા દર્શાવાઈ છે ખરી પરંતુ શાળા અને શિક્ષણ બંને બાળકો માટે ભારરૂપ બનવાનું ચાલુ રહ્યું છે. વળી, શિક્ષણની સામગ્રીને વધુ રસપ્રદ અને આનંદપ્રદ બનાવવાની પણ જરૂર છે કે જેથી શાળામાં દાખલ થનાર બાળકને શાળામાં ટકી રહેવા માટેનું ઉચિત પ્રોત્સાહન મળી રહે. માત્ર ગરીબીને કારણે જ બાળકો શાળામાંથી બહાર ફેંકાઈ જાય છે એવું નથી પણ શિક્ષણની અનુપયોગિતા લાગતાં એ વલણ વધે છે. આને પરિણામે સ્થાનિક વિશેષતાઓ અભ્યાસક્રમમાં જળવાઈ રહે તેમ છતાં પણ રાષ્ટ્રીય સ્તરે પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકીકરણ માટેનો એક સર્વસામાન્ય કાર્યક્રમ આરંભ પામે અને રાજ્ય તથા સમાજ માટે એ કાર્યક્રમનો અમલ નિશ્ચિત લક્ષ્યાંકો સમયબદ્ધ પાર પાડવાનું જરૂરી છે. બીજો પડકાર વૈશ્વિકીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણના નવા માહોલમાં સરકારો હવે શિક્ષણના ક્ષેત્રમાંથી ધીમે ધીમે ખસી જવાનું વલણ ધરાવતી થઈ છે તે છે. પરંતુ ભારતમાં ગરીબ બાળકોના શિક્ષણને બજાર ઉપર છોડી શકાય નહિ. આ સંજોગોમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ આ વલણ પ્રત્યે સજાગ રહેવાની પણ આવશ્યકતા ઊભી થઈ છે. પ્રાથમિક શિક્ષણ પ્રત્યેની રાજ્યની ભૂમિકાને સામાજિક બળ દ્વારા જ સાચવી શકાશે.

# સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણઃ સમસ્યાનું સ્વરૂપ અને ઉકેલની દિશા

ભારતના મુંબઈ ખાતેના 'એશિયન-સાઉથ પેસિફિક બ્યુરો ઓફ એડલ્ટ એજ્યુકેશન' દ્વારા દક્ષિણ એશિયામાં પ્રાથમિક શિક્ષણ અને ખાસ કરીને કન્યા કેળવણી અંગે ૧૯૯૭માં નેપાળમાં એક પરિષદ યોજાઈ હતી. તેને આધારે તેણે 'બ્રિજિંગ ધ ગેપ બિટવીન ઈન્ટેન્શન એન્ડ એક્શન' શીર્ષક સાથે જે અહેવાલ પ્રકાશિત કર્યો છે તેનો વૈચારિક આધાર લઈને **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા આ લેખ તૈયાર કરાયો છે. ઉપરાંત, જુન-૧૯૯૯માં નૈનિતાલ ખાતે 'સિટિઝન્સ ઈનિશ્યેટિવ ઓન એલિમેન્ટરી એજ્યુકેશન' દ્વારા યોજાયેલી એક બેઠકમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના નેતાઓ સાથેની રૂબરૂ વાતચીત અને સંદર્ભ સામગ્રીનો પણ આ લેખમાં ઉપયોગ કરાયો છે.

**પ્રસ્તાવના**

દેશમાં શિક્ષણની સમસ્યા વ્યાપક છે. સ્વાતંત્ર્યનાં ૫૦ વર્ષ વીતી ગયા છતાં પણ સાર્વત્રિક મફત પ્રાથમિક શિક્ષણના ધ્યેયને પણ પાર પાડી શકાયું નથી. રાજકીય નેતાઓ, શિક્ષણકારો, અમલદારો અને સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મશીલો દાયકાઓથી સાર્વત્રિક અને મફત પ્રાથમિક શિક્ષણ માટેની જરૂરિયાતને પિછાણીને અવારનવાર એનું મહત્ત્વ આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રના વિકાસ સાથે જોડતા રહ્યા છે. અન્ય ક્ષેત્રોના પછાતપણાને ઘણી વાર શિક્ષણ ક્ષેત્રના પછાતપણા સાથે સાંકળવામાં આવે છે. આમ છતાં, ૧૯૯૧ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં ૫૨.૨ ટકા જ સાક્ષરતા છે. આનું કારણ એ છે કે રાજકીય પક્ષોએ કદી પણ તેમની કાર્યસૂચિમાં શિક્ષણને મહત્ત્વનું સ્થાન આપ્યું નથી. વિકાસલક્ષી કર્મશીલોએ મહદંશે તેમનાં ક્ષેત્રો પૂરતી સાક્ષરતાને મહત્ત્વ આપ્યું છે પણ સાર્વત્રિક મફત પ્રાથમિક શિક્ષણ માટે હિમાયતનું કામ ભારપૂર્વક કર્યું નથી. પરિણામે શિક્ષણ અંગેના નીતિવિષયક દસ્તાવેજોમાં અને સત્તાવાર નિવેદનોમાં શિક્ષણના પ્રચાર માટેની પ્રતિબદ્ધતા જોવા મળે છે પણ વ્યવહારમાં તે ચરિતાર્થ થતી દેખાતી નથી. એને માટે એક એવું કારણ પણ આપવામાં આવે છે કે પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક કરવા માટે જરૂરી નાણાં આપણી પાસે નથી. એક અછડતા અંદાજ અનુસાર પ્રાથમિક શિક્ષણની ખાઈ પૂરવા માટે આજના ભાવોએ આશરે રૂ. ૪૦,૦૦૦ કરોડની આવશ્યકતા છે. પરંતુ નાણાં જ એકમાત્ર સવાલ છે એવું નથી. શિક્ષણની કેન્દ્રિત વ્યવસ્થા અને સ્થાનિક સ્તરે લોકો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સ્થાનિક અમલદારોની સક્રિય સહભાગિતાના અભાવને લીધે શિક્ષણનું ખર્ચ વધારે આવે છે અને ગુણવત્તા પણ બગડે છે એવો અનુભવ રહ્યો છે. આ સંજોગોમાં પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે જેટલી પ્રતિબદ્ધતાની આવશ્યકતા છે તેટલી જ તેના સહભાગી સંચાલનની આવશ્યકતા છે.

શિક્ષણનો સવાલ માત્ર સાક્ષરતાનો જ નથી પણ તેમાં સ્ત્રી-પુરુષ તફાવતનો પ્રશ્ન પણ એટલો જ ગંભીર છે. ભારતના સામાજિક-સાંસ્કૃતિક પરિવેશનું પ્રતિબિંબ શિક્ષણમાં પણ પડે છે. પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે સાક્ષરતામાં મોટો તફાવત દેખાય છે. કન્યા કેળવણી માટેના છેલ્લાં ૫૦ વર્ષના સરકારી અને સ્વૈચ્છિક પ્રયાસો છતાં આ તફાવતો નજરે પડે છે એ નોંધપાત્ર છે. સમગ્ર ભારતનો સાક્ષરતાનો સરેરાશ દર ૧૯૯૧માં ૫૨.૨ ટકા છે પણ પુરુષોમાં તે ૬૩.૮૬ ટકા છે અને સ્ત્રીઓમાં તે ૩૯.૪૨ ટકા છે. ભારતનું એક પણ રાજ્ય એવું નથી કે જ્યાં સ્ત્રીઓ અને પુરુષોમાં સાક્ષરતાનું પ્રમાણ એકસરખું હોય. બલકે, એ તફાવતો ઘણા મોટા છે. જેમ કે, રાજસ્થાનમાં પુરુષોમાં સાક્ષરતાનું પ્રમાણ ૫૫.૦૭ ટકા છે જ્યારે સ્ત્રીઓમાં તે માત્ર ૨૦.૮૪ ટકા છે. લગભગ આવી જ પરિસ્થિતિ બિહાર અને મધ્ય પ્રદેશની છે. ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ દેશનાં બીજાં કેટલાંક રાજ્યોની તુલનાએ વધારે છે, પણ સ્ત્રી-પુરુષોનાં સાક્ષરતાનો તફાવત તો મોટો જ છે. ગુજરાતમાં ૫૨.૫૪ ટકા પુરુષો સાક્ષર છે જ્યારે ૪૮.૫૦ ટકા સ્ત્રીઓ જ સાક્ષર છે. રાજ્ય સ્તરના આ તફાવતો રાજ્યની અંદરના જુદા જુદા પ્રદેશોમાં અને સામાજિક સ્તરોમાં વધારે તીવ્રપણે દેખા દેતા હોય છે. હરિજનો અને આદિવાસીઓમાં તથા અન્ય પછાત વર્ગોમાં તથા પર્વતીય અને અંતરિયાળ વિસ્તારોમાં આ તફાવતો વધારે દૃષ્ટિગોચર થાય છે.

**વાસ્તવિક પરિસ્થિતિ**

સ્વાતંત્ર્ય બાદના પ્રયાસોને પરિણામે પ્રાથમિક શાળાઓમાં છોકરીઓનું જવાનું પ્રમાણ વધ્યું છે. ૧૯૫૦-૫૧માં શાળાએ નોંધણી પામતી છોકરીઓની સંખ્યા ૫૪ લાખ હતી અને તે ૧૯૯૩-૯૪માં વધીને ૪૬૪ લાખ થઈ છે. ૧૯૮૧-૯૧ના દસકા દરમ્યાન છોકરીઓનો શાળામાં નોંધણી વૃદ્ધિ દર વાર્ષિક ૩.૭ ટકા હતો અને છોકરાઓનો ૨.૫ ટકા હતો. આમ, છોકરીઓ માટેનો વૃદ્ધિ દર ઊંચો રહ્યો છે પણ અસમાનતા ચાલુ રહી છે. જે ૧૦૦ છોકરીઓ પહેલા ધોરણમાં પ્રવેશે છે, તેમાંની માત્ર ૪૦ જ પાંચમા ધોરણ સુધી પહોંચે છે, વળી, કૌટુંબિક આવક અને આરોગ્યની સ્થિતિને છોકરીઓના શિક્ષણ સાથે

સીધો સંબંધ છે એમ અનેક સર્વેક્ષણો દર્શાવે છે. સાક્ષરતાનો દર ઊંચો હોઈ શકે છે પણ શાળા છોડી જવાનું પ્રમાણ ઘણું ઊંચું હોય છે. રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ અને ઓરિસ્સા જેવાં રાજ્યોમાં ગરીબ કુટુંબોની મહિલાઓ માટે શિક્ષણ મેળવવાનું ખૂબ જ દુષ્કર છે. રાજસ્થાનની શિક્ષણની પરિસ્થિતિ વિશેની આંકડાકીય વિગતો જોતાં સ્પષ્ટપણે જણાય છે કે રાજસ્થાનમાં સાક્ષરતાનો દર સ્ત્રીઓમાં પુરુષો કરતાં નીચો છે એટલું જ નહિ, પણ શાળા છોડી જનારાં બાળકોમાં ગરીબ કુટુંબોમાં પણ છોકરીઓનું પ્રમાણ છોકરાઓ કરતાં ઘણું વધારે છે. વળી, હરિજનો અને આદિવાસીઓમાં કદી શાળાએ ન જનારાં બાળકોનું પ્રમાણ અન્ય સામાજિક જૂથો કરતાં ઘણું વધારે હોય છે એમ ૧૯૯૫નો 'મોડ'નો અભ્યાસ જણાવે છે. આ અભ્યાસ કહે છે કે સામાજિક-આર્થિક પરિસ્થિતિ સીધી કે આડકતરી રીતે શાળાએ જવામાં બાધા ઊભી કરે છે. અંતરિયાળ વિસ્તારોમાં છૂટાછવાયા રહેતા આદિવાસીઓ માટે મુખ્ય ગામમાં આવેલી શાળા પણ ખાસ્સા અંતરે પડતી હોય છે. વળી, શાળામાં ભેદભાવ દાખવવામાં આવશે એવા ભયને લીધે પણ આદિવાસી બાળકો શાળાએ જતાં નથી.

**રાજસ્થાનમાં શિક્ષણની પરિસ્થિતિ**

| | પુરુષો | સ્ત્રીઓ |
|---|---|---|
| સાક્ષરતા દર (૭ +) | ૬૦.૦૦ | ૧૯.૦૦ |
| શાળા નોંધણી દર (૬-૧૪) | ૭૮.૦૦ | ૪૨.૦૦ |
| શાળા છોડી જવાનો દર (૬-૧૪) | ૩.૧૦ | ૬.૬૦ |
| વેતન કમાતા ભૂમિહીનોમાં સાક્ષરતા દર | ૪૪.૦૦ | ૫.૬૦ |
| મધ્યમ કદના જમીનધારકોમાં સાક્ષરતા દર | ૬૩.૭૦ | ૧૯.૮૦ |
| મોટા જમીનધારકોમાં સાક્ષરતા દર | ૬૫.૯૦ | ૨૧.૪૦ |
| આદિવાસીઓમાં સાક્ષરતા દર | ૩૯.૧૦ | ૭.૫૦ |
| હરિજનોમાં સાક્ષરતા દર | ૫૧.૮૦ | ૯.૧૦ |
| વેતન કમાતા ભૂમિહીનોમાં શાળા નોંધણી દર | ૬૩.૧૦ | ૧૫.૨૦ |
| વેતન કમાતા ભૂમિહીનોમાં શાળા છોડી જનારાઓનો દર | ૪.૧૦ | ૧૭.૨૦ |

સ્રોત: 'એલિમેન્ટરી એજ્યુકેશન એન્ડ હેલ્થ ઈન રૂરલ ઈન્ડિયા - સમ ઈન્ડિકેટર્સ', અબુસાલેહ શરીફ અને સુદર્શન રત્ન, ૧૯૯૬.

આ ઉપરાંત કન્યાઓમાં શિક્ષણ ઓછું હોવાનાં જે કારણો છે તે મુખ્યત્વે નીચે મુજબ છે:

૧. કન્યાઓ અને સ્ત્રીઓની સામાજિક ભૂમિકા નિશ્ચિત છે કે જેમાં શિક્ષણ અને વિચાર પ્રક્રિયાને માટે નહિવત્ અવકાશ છે.
૨. કન્યાઓ અને સ્ત્રીઓ બળતણ, ઘાસચારો અને પાણી એકત્ર કરવામાં અને અન્ય રોજગારીમાં એટલી વ્યસ્ત છે કે બીજા કશા માટે તેમની પાસે સમય બચતો નથી.
૩. સામાજિક માન્યતાઓને પરિણામે શિક્ષણ, આરોગ્ય અને રોજગારીની જરૂરિયાતોના સંદર્ભમાં સ્ત્રીઓ અને કન્યાઓ વિશે સૌથી છેલ્લે વિચારવામાં આવે છે.
૪. તેમની પાસે માહિતીનો અભાવ છે અને નિર્ણય પ્રક્રિયાથી તેઓ અલગ છે. આથી સરકારી યોજનાઓમાં તેમની ભાગીદારી નહિવત્ છે.

ઔદ્યોગિક રીતે વિકસિત રાજ્ય ગુજરાતમાં પણ પુરુષો કરતાં સ્ત્રીઓમાં સાક્ષરતાનો દર ઘણો ઓછો છે. ગુજરાતની ૧૯૯૧ની ૪.૧૪ કરોડની વસ્તીમાંથી કુલ ૬૧.૨૯ ટકા લોકો સાક્ષર છે. પણ પુરુષોમાં સાક્ષરતાનું પ્રમાણ ૭૧.૧૨ ટકા છે અને સ્ત્રીઓમાં ૪૮.૬૪ ટકા છે. પરંતુ ગુજરાતના આદિવાસીઓમાં આ તફાવત ઘણો જ મોટો છે. રાજ્ય સરકારનાં અંદાજપત્રો અને સામાજિક-આર્થિક પરિસ્થિતિ અંગે સંશોધન કરનારી સ્વૈચ્છિક સંસ્થા 'પાથેય'ના સંશોધક શ્રી બિપીન ઠક્કર જણાવે છે કે ગુજરાતમાં આદિવાસી પુરુષો કરતાં આદિવાસી સ્ત્રીઓમાં નિરક્ષરતા ઘણી વધારે છે. ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં બનાસકાંઠા, કચ્છ, પંચમહાલ અને વડોદરાની આદિવાસી વસ્તી ૨૫ ટકાથી પણ ઓછો સાક્ષરતા દર ધરાવે છે. આદિવાસી સ્ત્રીઓનો સાક્ષરતા દર ૨૦ ટકાથી ઓછો હોય તેવા જિલ્લાઓમાં બનાસકાંઠા, સુરેન્દ્રનગર, કચ્છ, પંચમહાલ, વડોદરા, ખેડા અને જૂનાગઢનો સમાવેશ થાય છે. ગ્રામીણ વિસ્તારોમાં આદિવાસી સ્ત્રીઓમાં ૨૦ ટકાથી ઓછો સાક્ષરતા દર ધરાવતા ૧૧ જિલ્લાઓ છે જ્યારે શહેરી વિસ્તારોને માટે કચ્છ અને બનાસકાંઠાનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં આદિવાસીઓની વસ્તી બધા જિલ્લાઓમાં છે. પરંતુ ૩૫ તાલુકામાં આદિવાસીઓનો સાક્ષરતા દર ૨૦ ટકાથી પણ ઓછો છે. ઉપરાંત, ગુજરાતની પૂર્વ પટ્ટીમાં ડાંગ સિવાયના બધા જ જિલ્લાઓ - સાબરકાંઠા, વલસાડ, ભરૂચ, બનાસકાંઠા, પંચમહાલ, વડોદરા અને સુરત-ના ૪૬ તાલુકામાં ૨૦ ટકાથી પણ ઓછી આદિવાસી સ્ત્રીઓ સાક્ષર છે. વધુમાં, રાજ્યના ૩૩ તાલુકા એવા છે કે જ્યાં આદિવાસી સ્ત્રીઓમાં સાક્ષરતા દર ૧૦ ટકાથી પણ ઓછો છે. રાજ્યના કુલ ૧૭ તાલુકામાં સ્ત્રીઓનો સાક્ષરતા દર ૨૦ ટકાથી ઓછો છે પણ આદિવાસી સ્ત્રીઓ માટે એ પરિસ્થિતિ ૯૫ તાલુકામાં પ્રવર્તે છે. આમાં આદિવાસી સ્ત્રીઓમાં ૫ ટકાનો સાક્ષરતા દર ધરાવતા ૪ તાલુકા, ૫થી ૧૦ ટકાનો સાક્ષરતા દર ધરાવતા ૫૯ તાલુકા અને ૧૦થી ૨૦ ટકાનો સાક્ષરતા દર ધરાવતા ૬૨ તાલુકા છે. આદિવાસી સ્ત્રીઓમાં ૨.૯૯ ટકા સાથે સૌથી ઓછો સાક્ષરતા દર ધરાવતો તાલુકો બનાસકાંઠા જિલ્લાનો ધાનેરા તાલુકો છે. ગુજરાતના ૮ જિલ્લાના ૩૨ તાલુકામાં ૫૦ ટકાથી પણ વધુ વસ્તી આદિવાસીઓની છે. આઘાતજનક બાબત એ છે કે ઝાલોદ, દાહોદ, છોટા ઉદેપુર, નસવાડી, તિલકવાડા, માંગરોળ, બારડોલી,

ઉમરગામ અને ખેડબ્રહ્મા તાલુકાઓમાં સાક્ષરતાનો દર ઘટ્યો હતો! ૧૯૯૧માં જો કે તેમાં નજીવો વધારો થયો છે. ગુજરાતમાં ૩૨ આદિવાસી તાલુકાઓમાંથી આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું સૌથી ઓછું પ્રમાણ છોટા ઉદેપુરમાં ૭.૦૫ ટકા, દેવગઢ બારિયામાં ૭.૬૪ ટકા અને ખેડબ્રહ્મામાં ૭.૩૩ ટકા છે. રાજ્યની આદિવાસી સ્ત્રીઓમાં નિરક્ષરતાનું આ પ્રમાણ ખરેખર જ ચોંકાવનારું છે.

### સ્ત્રી શિક્ષણ વિશે નીતિવિષયક ભલામણો

શિક્ષણ વિશે જુદા જુદા સમયે ભારતમાં નિમાયેલી જુદી જુદી સમિતિઓએ જે ભલામણો કરી છે તે નીચે મુજબ છે:

૧. ચાલીને જઈ શકાય તેટલા નજીકના અંતરે એટલે કે નિવાસથી નજીક શાળા હોવી જોઈએ. જો જરૂરી જણાય તો અંતરિયાળ વિસ્તારો માટે પેટા શાળાઓ શરૂ કરી શકાય.
૨. શાળા દૂર હોય તો તેડાગરની વ્યવસ્થા કરવી.
૩. શાળાનો સમય ફેરફારક્ષમ હોવો જોઈએ અને જે તે પ્રદેશ મુજબ તેનું સમયપત્રક ઘડાવું જોઈએ.
૪. વૈકલ્પિક સ્વરૂપો પૂરાં પાડવાં, વૈધિક અને અવૈધિક શિક્ષણનું સંયોજન કરવું, શાળા છોડી જનારા માટે નાના અભ્યાસક્રમો ગોઠવવા, વિચરતી જાતિઓ માટે આશ્રમ શાળાઓ શરૂ કરવી.
૫. ગ્રામ વિસ્તારોમાં વધુ શિક્ષિકાઓની નિમણૂક કરવી અને તેમને આવાસની સગવડ પૂરી પાડવી.
૬. અસ્તિત્વ માટે જ લડત આપતી ગરીબ મહિલાઓની જિંદગી માટે પ્રસ્તુત હોય તેવો અભ્યાસક્રમ ઘડવો.
૭. બાળ મજૂરોની સમસ્યાઓ પિછાણવી અને તેમને વિશિષ્ટ સવલતો પૂરી પાડવી.
૮. શાળા છોડી જનારાં બાળકો ફરીથી શાળામાં દાખલ થાય તે માટે ટૂંકા કાર્યક્રમો ઘડવા.
૯. ભણતર આનંદદાયક અનુભવ બને તે માટે શિક્ષકોને પ્રોત્સાહિત કરવા.
૧૦.શાળાના સંચાલનમાં સ્થાનિક સમુદાયને સામેલ કરવો. ગ્રામ શિક્ષણ સમિતિઓની રચના કરવી. તેમાં કમ-સે-કમ ૫૦ ટકા મહિલાઓ તેવી હોવી જોઈએ.
૧૧.શિક્ષણના આયોજન અને વહીવટનું વિકેન્દ્રીકરણ કરવું. લોકોને તેમાં સામેલ કરવા કે જેથી તેમાં તેમની જરૂરિયાતો અને આકાંક્ષાઓનું પ્રતિબિંબ પડે.

સ્રોતઃ 'બ્રિજિંગ ધ ગેપ બિટવીન ઈન્ટેન્શન એન્ડ એક્શન' એશિયા-સાઉથ પેસિફિક બ્યુરો ઑફ એડલ્ટ એજ્યુકેશન, યુનેસ્કો-પ્રોએપ, નવી દિલ્હી.

### સરકારી પ્રયાસો

સમગ્ર દેશમાં ૧૯૮૮માં 'સંપૂર્ણ સાક્ષરતા ઝુંબેશ' શરૂ કરવામાં આવી. આ ઝુંબેશનો અનુભવ એમ દર્શાવે છે કે દેશના બહુ મોટા વિસ્તારોને બાદ કરતાં આ કાર્યક્રમ નિરક્ષરતા દૂર કરવામાં નિષ્ફળ ગયો છે. મોટા ભાગના વિસ્તારોમાં આરંભનો ઉત્સાહ મરી પરવાર્યો અને સાક્ષરતાના વર્ગો પહેલા છ મહિના પછી ચાલી શક્યા નહિ. જેઓ સાક્ષર બન્યા એમાંના પણ મોટા ભાગના પછીથી એમની સાક્ષરતા ટકાવી શક્યા નહિ કારણ કે તેમના શિક્ષણનો સતત ચાલતો કોઈ કાર્યક્રમ નહોતો. પ્રાથમિક શાળાઓ સાથે આ ઝુંબેશને જોડવામાં આવી નહોતી તેથી શિક્ષકો અને વહીવટી તંત્રમાં કોઈ જ ઉત્સાહ નહોતો.

આ ઝુંબેશનો અનુભવ એમ પણ દર્શાવે છે કે મહિલાઓ સાક્ષરતા માટે મોટી સંખ્યામાં આગળ આવી હતી અને પુરુષો કરતાં તેમણે વધુ ઉત્સાહ દાખવ્યો હતો. તેમને પ્રેરણા અને પ્રોત્સાહન આપવાની જરૂર જ નહોતી. તેઓ જાતે જ સાક્ષરતા ઝુંબેશમાં સક્રિય ભાગ લેતી હતી. પરંતુ, ખાસ કરીને પછાત વિસ્તારોમાં વાચન માટે સતત સામગ્રી ન મળતી હોવાને લીધે સ્ત્રીઓ તેમની સાક્ષરતા ટકાવી શકી નથી. આંધ્ર પ્રદેશના નેલ્લોર અને તામિલનાડુના પટ્ટુકોટ્ટઈ જિલ્લાઓમાં સ્ત્રીઓની સાક્ષરતાનું પરિણામ એ પણ આવ્યું કે તેમણે નશાબંધી માટે ઝુબેશ ચલાવી અને સાઈકલ ચલાવીને ગામમાં નીકળવા તેઓ તૈયાર થઈ. જ્યાં જ્યાં જિલ્લાના વહીવટી તંત્રે ઉત્સાહ દાખવ્યો હતો ત્યાં ત્યાં આ ઝુંબેશનાં સારાં પરિણામો મળ્યાં છે.

નિરક્ષરતા દૂર કરવા માટે અને સાક્ષરતાની પ્રક્રિયામાં લોકોને જોતરવા માટે સરકારી રાહે પણ નોંધપાત્ર પ્રયાસો થયા છે. આ પ્રયાસોમાં મહત્ત્વની બાબત શિક્ષકોને અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને શિક્ષણની પ્રક્રિયામાં સક્રિય બનાવવા અંગેની છે. શિક્ષકો શિક્ષણમાં સૌથી મોટું ચાલક બળ છે અને તેઓ સક્રિય રસ લે તો પ્રાથમિક શિક્ષણને રસપ્રદ અને સાર્વત્રિક બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે તેમ હોય છે. એ જ રીતે શિક્ષણના વહીવટને સ્થાનિક સ્તર સુધી લઈ જવામાં આવે તો સ્થાનિક સ્તરે ચૂંટાયેલા પ્રતિનિધિઓ શિક્ષણની વ્યવસ્થા ઊભી કરવામાં સામેલ થાય છે અને તેમનું ઉત્તરદાયિત્વ વધે છે. ગુજરાત અને ઓરિસ્સાના ડીપીઈપી (જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ)ના અનુભવો અને રાજસ્થાન તથા મધ્ય પ્રદેશની નવતર યોજનાઓના અનુભવો આ સંદર્ભમાં તપાસવા જેવા છેઃ

#### ૧. શિક્ષા કર્મી પરિયોજના, રાજસ્થાન

શિક્ષા કર્મી પરિયોજનાનો આરંભ ૧૯૮૭માં રાજસ્થાન સરકારે કર્યો હતો. તિલોનિયાના એસડબલ્યુઆરસીના અનુભવને આધારે પરિયોજના ઘડાઈ. સિલોરા બ્લોકના પ્રયોગમાં અને શિક્ષા કર્મી પરિયોજનામાં જે

નવતર બાબત હતી તે એ હતી કે પ્રાથમિક શિક્ષકને બદલે બે સ્થાનિક શિક્ષણ કાર્યકરોની ભરતી કરવામાં આવી. તેમને 'શિક્ષા કર્મી' તરીકે ઓળખવામાં આવે છે.

અંતરિયાળ વિસ્તારોમાં આવેલી કામ નહિ કરતી શાળાઓની સમસ્યા દૂર કરવાનો આ એક નવતર પ્રયોગ હતો. પ્રાથમિક શિક્ષકો માટે જે મૂળભૂત લાયકાતો જોઈએ તે દૂર કરવામાં આવી. એટલે કે વિધિવત્ શાળાને અવિધિસરનું સ્વરૂપ અપાયું. વર્તમાન વ્યવસ્થાની કોઈ પણ મહત્ત્વની બાબતમાં આ કાર્યક્રમ બંધબેસતો નહોતો તેથી તેમાં કામ કરનારાઓ અને સહભાગીઓ સરકારી શૈલીથી દૂર રહે એ જરૂરી હતું. સાથે સાથે સરકારી વ્યવસ્થાની કાયદેસરતા જાળવી રાખવામાં આવી. આ માટે સ્વાયત્ત 'શિક્ષા કર્મી બોર્ડ'ની રચના કરવામાં આવી. બિનસરકારી સહભાગીઓ તેમાં જોડાયા અને તેમણે તાલીમ, દેખરેખ, અભ્યાસક્રમ ઘડ્યો, પ્રેરણા અને ટેકો વગેરે પૂરાં પાડ્યાં. ગામડાંમાં ગ્રામ શિક્ષણ સમિતિઓ રચવામાં આવી. શિક્ષા કર્મી પરિયોજનાનું એક મહત્ત્વનું લક્ષણ એ છે તે પરિવર્તન માટે ઉદ્દામવાદી વ્યૂહરચના અપનાવતી નથી. તેનો ઉદ્દેશ વ્યવસ્થામાં ધરખમ ફેરફારોનો નથી. છેલ્લાં નવ વર્ષ દરમ્યાનની તેની કામગીરી જોતાં જણાય છે કે તેણે કદી પરિવર્તન માટે બળવાખોરની છાપ ઊભી કરી નથી. તે સમસ્યાના ઉકેલ માટેની જ પરિયોજના બની રહી છે. આ પરિયોજનાની એક મહત્ત્વની સિદ્ધિ એ છે કે પરિયોજનાની શાળામાં છોકરીઓ હવે વધારે આવે છે. પ્રતિબદ્ધ અને પ્રેરણાપ્રાપ્ત સ્થાનિક શિક્ષક આશ્ચર્યો સર્જી શકે છે તે આ પરિયોજના થકી સાબિત થયું છે.

**૨. પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ, ઓરિસ્સા અને ગુજરાત**

વિશ્વ બેંકની સહાય દેશનાં વિવિધ રાજ્યોમાં વિવિધ જિલ્લાઓમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (ડીપીઈપી) ચાલે છે. રાજ્ય સરકારો આ કાર્યક્રમનો અમલ કરે છે.

આ કાર્યક્રમ અન્વયે ઓરિસ્સામાં શિક્ષકોને તાલીમ આપવાનો મોટો કાર્યક્રમ હાથ ધરાયો. ગુજરાતના વિખ્યાત બાળ કેળવણીકાર ગિજુભાઈ બધેકાનું 'દીવાસ્વપ્ન' પુસ્તક સૌ શિક્ષકોને અપાયું. તેનાથી પોતાની ભાષા અને સંસ્કૃતિ વિશેનાં શિક્ષકોનાં વલણો બદલાયાં. કુલ ૨૮૦૦૦ શિક્ષકોમાંથી આશરે ૧૭૫૦૦ શિક્ષકોને તાલીમ અપાઈ છે. તેને પરિણામે આદિવાસી વિદ્યાર્થીઓ પ્રત્યેનો તેમનો વ્યવહાર બદલાયો છે. શિક્ષકોની શાળાઓમાં હાજરી વધી છે અને આદિવાસી બાળકોના શાળા પ્રવેશમાં ૪ ટકા વધારો થયો છે. શિક્ષકોએ પોતે આદિવાસી બાળકો પાસેથી સાઓરા અને કુભી નામની આદિવાસી ભાષાઓના શબ્દો શીખવાનું શરૂ કર્યું છે. પછી એ જ ભાષામાં બાળકોને વિષયો શિખવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આથી આદિવાસી બાળકોને ભણતર રસપ્રદ લાગે છે અને પરિણામે અધવચ્ચે શાળા છોડી જવાના પ્રમાણમાં મોટો ઘટાડો નોંધાયો છે.

આ પ્રયોગ એવા અંતરિયાળ વિસ્તારોમાં થઈ રહ્યો છે કે જ્યાં ખેતી નહિવત્ છે અને આજીવિકા માટે લોકો મહદંશે વનો ઉપર આધાર રાખે છે તથા ૭૦ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવે છે અને સાક્ષરતાનું પ્રમાણ પુરુષોમાં ૧૫થી ૨૦ ટકા અને સ્ત્રીઓમાં ૧૦ ટકા કરતાં ઓછું છે. વળી, અહીં ૯૫ ટકા શિક્ષકો આદિવાસીઓ નથી અને ૮૦ ટકા વિદ્યાર્થીઓ આદિવાસીઓ છે. આ પરિસ્થિતિમાં આદિવાસી જીવન અને સંસ્કૃતિને જો પાઠ્યપુસ્તકોમાં પ્રાધાન્ય અપાય તો જ સાક્ષરતામાં વધારો થઈ શકે. આથી શીખવાની અને શિખવવાની સામગ્રી આદિવાસી ભાષામાં તૈયાર કરવાનો પ્રયાસ પણ કરાયો છે.

### રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૧૯૮૬

૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે સમાનતા લાવવા માટેના સાધન તરીકે શિક્ષણને ભૂમિકા ભજવવાનું કહેતાં શિક્ષણ વિશેની ચર્ચામાં એક નવું જ પરિણામ ઉમેરાયું છે. આ નીતિમાં 'સત્રીઓની સમાનતા માટે શિક્ષણ' શીર્ષક હેઠળ એક અલગ પ્રકરણ મૂકવામાં આવ્યું છે. આ નીતિમાં જે મહત્ત્વના મુદ્દાઓ વ્યક્ત કરાયા છે તે નીચે મુજબ છે:

૧. સ્ત્રીઓના દરજ્જામાં મૂળભૂત ફેરફાર આણવાના સાધન તરીકે શિક્ષણનો ઉપયોગ કરવામાં આવશે. ભૂતકાળની વિકૃતિઓની અસર નેસ્તનાબૂદ કરવા માટે સ્ત્રીઓને લાભદાયી એવી સુગઠિત વ્યવસ્થા હશે.
૨. સ્ત્રીઓની સક્ષમતા વધારવામાં રાષ્ટ્રીય શિક્ષણ વ્યવસ્થા વિધાયક દરમ્યાનગીરીની ભૂમિકા ભજવશે.
૩. પ્રારંભિક શિક્ષણ મેળવવામાં અને તેમાં ચાલુ રહેવામાં જે અવરોધો છે તે દૂર કરવાને અને સ્ત્રીઓની નિરક્ષરતાના નિવારણને વિશેષ ટેકારૂપ સેવાઓ, સમયબદ્ધ લક્ષ્યાંકો અને અસરકારક દેખરેખ દ્વારા ઉચ્ચ પ્રાથમિકતા અપાશે.
૪. સ્ત્રીઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાના ઉદ્દેશ સાથે પાઠ્યપુસ્તકો અને બારાખડપોથીઓ ફરી તૈયાર કરવાની જરૂર છે.
૫. ગરીબીમાં સબડતી મજૂરી કરતી મહિલાઓ માટે સામાન્ય અને વ્યવસાયી શિક્ષણ ભેગું કરવું. વિકેન્દ્રિત ઢબે શિક્ષણના આ વિકલ્પો વિકસાવવાની જરૂર છે. એક એવું ફરતું ભંડોળ પણ હોવું જોઈએ કે જેમાંથી છોકરીઓ અને સ્ત્રીઓને શિષ્યવૃત્તિ આપી શકાય.
૬. છોકરીઓનાં મા-બાપને શિક્ષણની પ્રસ્તુતતા સમજાવવા સમુદાયની સભાનતા વધારવી.

પરંતુ શિક્ષકોનાં વલણો બદલવાનું કામ મુખ્ય છે. જે કંઈ સફળતા આ કાર્યક્રમને ઓરિસ્સામાં મળી છે તે શિક્ષકોની તાલીમ અને તેને લીધે વલણમાં થયેલા ફેરફારોને આભારી છે.

**૩. શિક્ષણ બાંયધરી યોજના, મધ્ય પ્રદેશ**

પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવાનો એક સરસ પ્રયાસ મધ્ય પ્રદેશમાં આરંભાયો છે. ગ્રામ પંચાયત, સ્થાનિક લોકો અને રાજ્ય સરકાર એમ ત્રણેયના સંયુક્ત પ્રયાસથી જ્યાં પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ય નહોતું ત્યાં તે હવે પ્રાપ્ય બન્યું છે. મધ્ય પ્રદેશ સરકારે તા. ૧.૧.૧૯૯૭થી શિક્ષણ બાંયધરી યોજના (એજ્યુકેશન ગેરન્ટી સ્કિમ-ઈજીએસ)ની શરૂઆત કરી છે. ઓગસ્ટ-૧૯૯૮ સુધીમાં જે ૧૯,૨૭૪ વસવારોમાં પ્રાથમિક શિક્ષણની સવલત પ્રાપ્ય નહોતી તે તમામમાં આ સવલત ઊભી થઈ છે. ૮૦ ટકા શાળાઓ આદિવાસીઓ અને હરિજનોના વિસ્તારોમાં ઊભી થઈ છે. શાળાઓમાં લગભગ ૧૦ લાખ બાળકો નવાં નોંધાયાં છે અને તેમાં ૪૫ ટકા છોકરીઓ છે અને ૭૦ ટકા આદિવાસી બાળકો છે.

ઈજીએસના ત્રણ સિદ્ધાંતો છેઃ

૧. તેમાં તાકીદતા મહત્ત્વની છે. બાળકોની પ્રાથમિક શિક્ષણની જરૂરિયાત તત્કાળ સંતોષવી જ જોઈએ. જો ૧ કિ.મી.ના વિસ્તારમાં ૨૫ બાળકોની પ્રાથમિક શિક્ષણની માંગ ઊભી થાય (બિનઆદિવાસી વિસ્તારો માટે ૪૦ બાળકો) તો ૯૦ દિવસમાં જ તેમને તે સગવડ પૂરી પડાય છે. સ્થાનિક લોકોએ ગ્રામ પંચાયતને બાળકોની યાદી સાથે માગણી રજૂ કરવાની હોય છે. લોકોએ પોતે જ બાળકોના શિક્ષક કોણ હશે તે પસંદ કરવાનું છે. તેને 'ગુરુજી' કહેવાય છે. બ્લોક સ્તરે આ તાલીમ અપાય છે અને તેમની નિમણૂક ગ્રામ પંચાયત કરે છે અને શાળા માટેની જગ્યા ગ્રામ પંચાયત અને લોકો નક્કી કરે છે. જિલ્લાનું વહીવટી તંત્ર પાઠ્યપુસ્તકો અને મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા કરે છે. આ બધું જ ૯૦ દિવસમાં થઈ જાય છે.
૨. દર વર્ષે આ શાળા પાછળ રૂ. ૬૫૦૦નું ખર્ચ થાય છે. એમાં મુખ્યત્વે શિક્ષકનો પગાર, પાઠ્યપુસ્તકો અને શિક્ષણનાં સાધનોનો સમાવેશ થાય છે. બધી શાળાઓ માટે વર્ષે રાજ્ય સરકારને માત્ર રૂ. ૧૭ કરોડનું ખર્ચ થશે. સમય જતાં વધતા ખર્ચને પંચાયતો અને સરકાર સંયુક્ત રીતે વેંઢારશે.
૩. આ શાળા સમુદાય-કેન્દ્રી છે. સ્થાનિક લોકોની ઈચ્છા અને માગણીથી તે શરૂ થાય છે તેથી તેઓ જ આ શાળા ઉપર દેખરેખ રાખે છે. સ્થાનિક શાસકોની ભાગીદારી પણ મહત્ત્વની છે કારણ કે એક વાર શાળા મંજૂર થાય પછી એના ખર્ચની રકમ રાજ્ય સરકારમાં મંજૂર કરે છે.

આમ, પંચાયતો અને સ્થાનિક લોકો આ વ્યવસ્થામાં સક્રિય ભાગીદાર બને છે. ખર્ચ ઓછું છે અને છતાં સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની જોગવાઈ આસાનીથી અને ઝડપથી થાય છે.

શિક્ષકોને સક્ષમ બનાવવાનું કામ ધાર જિલ્લાથી શરૂ થયું અને પછી તે સમગ્ર રાજ્યમાં વિસ્તર્યું છે. અત્યાર સુધીમાં લગભગ ૫૦૦ શિક્ષકોને તાલીમ અપાઈ છે અને બાળકોને કેવી રીતે શિખવવું તે માટે જુદાં જુદાં ધોરણો માટે 'શિક્ષક-પોથી' તૈયાર કરવામાં આવી છે. 'મધ્ય પ્રદેશ રાજ્ય શૈક્ષિક અનુસંધાન ઔર પ્રશિક્ષણ પરિષદ' દ્વારા 'શિક્ષક સમાખ્યા પરિયોજના' અન્વયે પછીથી આ 'શિક્ષક-પોથી'ઓનું પ્રકાશન થયું છે. ઘણી વાર જ્યાં પાઠ્યપુસ્તકો પહોંચ્યાં હોતાં નથી ત્યાં આ પોથીઓ શિક્ષકો પાસે પહોંચી ગઈ હોય છે અને તેઓ તેનાથી શિક્ષણનું કામ સુપેરે ચલાવે છે.

વળી, શાળાને બાળકો માટે રસપ્રદ બનાવવા ધાર જિલ્લામાં શિક્ષકને જ તેમના પગાર ઉપરાંત રૂ. ૫૦૦ આપવામાં આવ્યા. શિક્ષકોએ આ રકમનો ઉપયોગ બાળકો માટે રસપ્રદ અને આનંદપ્રદ સામગ્રી ખરીદવામાં કર્યો. વળી, શાળાને સમુદાય સાથે જોડવા માટે સમુદાયમાંથી દરેક શાળા દીઠ આશરે રૂ. ૨૦૦૦નો ફાળો એકત્ર કરાયો. સોસાયટીના પ્રમુખ ડૉ. મનુ એન. કુલકર્ણી કહે છે કે ધાર જિલ્લાનો આશરે દોઢ

**'શ્રમ શક્તિ' અહેવાલ–૧૯૮૮**

સ્વાશ્રયી મહિલાઓ અને અવૈધિક ક્ષેત્રની મહિલાઓ અંગેના રાષ્ટ્રીય પંચે ૧૯૮૮માં આપેલા 'શ્રમ શક્તિ' અહેવાલમાં સ્ત્રીઓના શિક્ષણની બાબતમાં નીચેની ભલામણો કરવામાં આવી છેઃ

૧. પ્રાથમિક શાળાઓમાં ઘોડિયાઘર નિયમિત ચાલવાં જોઈએ.
૨. પ્રાથમિક શાળાના સ્તર સુધી તમામ છોકરીઓને મફત ગણવેશ, પાઠ્યપુસ્તકો અને સ્વાધ્યાય પોથીઓ પૂરાં પાડવાં જોઈએ અને દર મહિને રોકડ રકમ પ્રોત્સાહન તરીકે આપવી જોઈએ.
૩. ગ્રામ વિસ્તારોનાં બાળકો માટે પ્રસ્તુત હોય તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ. પશુપાલન, ઢોરસંભાળ, જમીન સંરક્ષણ, ખેતી અને સામાજિક વનીકરણ જેવા વ્યવહારુ વિષયો ઉમેરાવા જોઈએ અને ઇતિહાસ, આધુનિક વિજ્ઞાન અને ભૌતિક શાસ્ત્ર જેવા વિષયો સાથે તે વૈકલ્પિક વિષયો તરીકે હોવા જોઈએ.
૪. સ્ત્રી શિક્ષકો તો જ વધી શકે જો તેમની ગામમાં જ કે નજીકનાં ગામોમાં નિમણૂક કરવામાં આવે.
૫. ગ્રામ વિસ્તારોમાં સ્ત્રી શિક્ષકો વધારવા એક વર્ષ કે નવ માસની સઘન તાલીમ યોજવામાં આવે. તેમાં તાલીમ, આવાસ અને ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક કરવામાં આવે.

વર્ષનો આ પ્રયોગ રાજ્યના બીજા ૨૦ જિલ્લાઓમાં અત્યારે પ્રસર્યો છે. શિક્ષકોએ પોતે જ કરેલા સૂચન અન્વયે શાળાઓના ઓરડામાં બધી જ ભીંતો ઉપર નીચેથી ત્રણ ફૂટની ઊંચાઈ સુધી કાળો રંગ લગાડાયો છે કે જેથી બાળકો તેનો ઉપયોગ કાળા પાટિયા તરીકે કરી શકે.

**સ્વૈચ્છિક પ્રયાસો**

દેશમાં વિવિધ રાજ્યોમાં પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ પણ કાર્યરત છે. તેમની વ્યૂહરચના શાળાઓમાં બાળકોનો નોંધણી દર વધે, બાળકો શાળાઓ અધવચ્ચે છોડીને જતાં ન રહે તેમ જ શાળા બાળકો માટે રસપ્રદ બને તે છે. એ માટે તેમણે વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સત્તાવાળાઓને તેમના પ્રયાસોમાં સહભાગી બનાવવા છે. આ પ્રયાસોની વિગતો ટૂંકમાં નીચે મુજબ છેઃ

**ગણતર, ગુજરાત**

૧૯૯૨માં સ્થપાયેલી 'ગણતર' સંસ્થા ગુજરાતના નળકાંઠાના સાણંદ, ધોળકા અને વિરમગામ તાલુકાનાં ૧૮ ગામોમાં, સુરેન્દ્રનગર જિલ્લાના ખારાઘોડા વિસ્તારનાં ૧૧ ગામમાં અને પાટણ જિલ્લાના સોનલપુર તાલુકાનાં ૧૦ ગામોમાં કામ કરે છે. 'ગણતર'ના સ્થળાંતરિત મજૂરોનાં બાળકોના અને અગરિયાઓનાં બાળકોના સંદર્ભમાં તેના પ્રયોગો નોંધપાત્ર છે.

'ગણતર'ની વ્યૂહરચના ચાલુ શાળા માટે છાત્રાલય સ્વરૂપે અલગ ટેકારૂપ વ્યવસ્થા ઊભી કરવાની છે. વળી, તે શિક્ષણની વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવામાં માનતું નથી, પરંતુ સંસાધનો સાથેની હાલની વ્યવસ્થા વધુ સારી અને સુદૃઢ બને તે માટે પ્રયાસો કરવાની છે. 'ભણતર ફેરી' અને 'ભણતર રથ' દ્વારા બાળકોની શાળામાં નોંધણી કરવા માટેના પ્રયાસો કરાયા છે. તેમાં ગામના આગેવાનો, સરપંચ, શિક્ષકો, તલાટી, આરોગ્ય કાર્યકર વગેરેનો સહકાર મેળવાયો છે. વળી, સ્થળાંતરિત અગરિયાઓનાં બાળકો માટે તેમના કામના સ્થળની નજીક રણમાં અગરો પાસે ઝૂંપડા નિશાળ ચલાવાય છે. આવી શાળાઓને રાજ્ય સરકાર દ્વારા માન્યતા પણ મળી છે.

**પ્રાથમિક શિક્ષણ અંગે નાગરિકોનું ખતપત્ર**

સ્વાતંત્ર્યની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે દેશભરની પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓએ 'સિટિઝન્સ ઈનિશ્યેટિવ ઓન એલેમેન્ટરી એજ્યુકેશન ઈન ઈન્ડિયા' નામે એક નેટવર્કની રચના કરી છે અને તેણે ૧૯૯૭ના શિક્ષક દિને પ્રાથમિક શિક્ષણ અંગે નાગરિકોનું એક ખતપત્ર તૈયાર કરીને પ્રસિદ્ધ કર્યું છે. આ ખતપત્રમાં જે માગણીઓ રજૂ કરવામાં આવી છે તેમાંની કેટલીક નીચે મુજબ છેઃ

૧. રાજ્યે શાળાઓનું સ્થાન એ રીતે ગોઠવવું જોઈએ કે દરેક બાળક તે સ્થળે આસાનીથી પહોંચી શકે. સાંસ્કૃતિક અને સામાજિક સંદર્ભમાં બાળકીઓની અને સમાજનાં વંચિત જૂથોનાં બાળકોની સગવડતા ધ્યાનમાં રાખીને શાળાઓ ઊભી થવી જોઈએ.
૨. રાજ્યે વિવિધ કાર્યક્રમો દ્વારા વાલીઓ બાળકોને શાળાએ મોકલવા માટે પ્રોત્સાહિત થાય અને બાળકો શિક્ષણમાં સહભાગી થવા માટે પ્રોત્સાહિત થાય તેવું વાતાવરણ ઊભું કરવું જોઈએ.
૩. રાજ્યે નિશ્ચિત સમયપત્રક ઘડીને બાળ મજૂરી દૂર થાય તેવાં તમામ કાનૂની, વહીવટી, આર્થિક અને સામજિક પગલાં નિર્ણાયક અને મક્કમ રીતે ભરવાં જોઈએ.
૪. રાજ્યે શિક્ષણ પ્રથામાં યોગ્ય સુધારા કરવા જોઈએ કે જેથી તે સ્થાનિક વાસ્તવિકતાઓ સાથે મેળ ખાતી હોય.
૫. રાજ્યે સમુદાયમાં શિક્ષણની માંગ ઊભી થાય તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સક્ષમ બનાવવી જોઈએ અને તેમને પ્રોત્સાહિત કરવી જોઈએ.
૬. મહિલાઓ માટે નોકરીઓમાં અનામત જેવી વિધાયક તફાવતકારી નીતિઓ રાજ્યે દાખલ કરવી જોઈએ કે જેથી સ્ત્રીઓને શિક્ષણ મેળવવા પ્રોત્સાહન મળે.
૭. બાળકીઓની સલામતી અને વિશિષ્ટ જરૂરિયાતો માટે યોગ્ય સવલતોની જોગવાઈ રાજ્યે કરવી જોઈએ. તેમાં શાળામાં શિક્ષિકાઓ હોવી અનિવાર્ય છે.
૮. રાજ્યે ૧૯૯૫ના 'પર્સન્સ વિથ ડિઝેબિલિટી એક્ટ'નો તત્કાળ અમલ કરવો જોઈએ કે જે ૧૪ વર્ષ સુધીની વયનાં તમામ અપંગ બાળકો માટે યોગ્ય શિક્ષણનો અધિકાર પ્રસ્થાપિત કરે છે.
૯. રાજ્યે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવવું જોઈએ અને તેની અસરકારકતાની જવાબદારી સરકાર, શિક્ષકો, મા-બાપો અને સમુદાય દ્વારા સંયુક્ત રીતે ઉઠાવાય.
૧૦. શાળામાં જરૂરી માળખાગત સવલતો અને સામગ્રી હોય તથા અભ્યાસક્રમ સ્થાનીય રીતે ઉપયોગી અને પ્રસ્તુત હોય તે રાજ્યે જોવું જોઈએ અને તેવી શિક્ષણ પ્રથા ઊભી કરવા માટે ધરખમ સુધારા કરવા જોઈએ.

સ્રોતઃ 'એલિમેન્ટરી એજ્યુકેશન ઈન ઈન્ડિયાઃ સિટિઝન્સ ચાર્ટર', સિટિઝન્સ ઈનિશ્યેટિવ ઓન એલિમેન્ટરી એજ્યુકેશન, ૩, રેસ્ટ હાઉસ રોડ, બેંગલોર-૫૬૦૦૦૧

### નવદીપ પ્રગતિ યુવક મંડળ, પોશીના

ઉત્તર ગુજરાતના આદિવાસી સાબરકાંઠા જિલ્લામાં આશરે છેલ્લા બે દાયકાથી ગ્રામ વિકાસની પ્રવૃત્તિઓમાં સામેલ પોશિનાના 'નવદીપ પ્રગતિ યુવક મંડળ' દ્વારા ૧૯૯૩-૯૪થી પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે પણ સક્રિય કામ હાથ ધરાયું છે. ખેડબ્રહ્મા તાલુકાનાં ૩૬ આદિવાસી ગામોમાં મંડળ દ્વારા પ્રાથમિક શિક્ષણ માટેની વર્તમાન વ્યવસ્થાને વધારે મજબૂત અને લોકાભિમુખ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મંડળ દ્વારા નીચેનાં કામો હાથ ધરાયાં છેઃ

૧. જે ગામનાં ફળિયાંમાં શાળાઓ નથી ત્યાં ધોરણ ૧થી ૪ની વર્ગશાળા માટે સંસ્થાએ દરખાસ્તો સરકારમાં મોકલી અને તે શાળાઓ ચાલુ કરાવી. કારીકાકર, ચંદ્રાણા, કોટડા, ગણેર, ચોલિયા, ગુણભાખરી અને લક્ષ્મણપુરા ગામોનાં ફળિયાંમાં આવી શાળાઓ શરૂ થઈ છે. આ શાળાઓમાં આશરે ૩૦૦ જેટલાં બાળકો અભ્યાસ કરી રહ્યાં છે.
૨. ૬ વર્ષથી વધુ વયનાં બાળકોનો શાળા પ્રવેશ મહત્ત્વની બાબત છે. એ માટે દર વર્ષે એક સપ્તાહની 'શિક્ષણ રથયાત્રા' કાઢવામાં આવે છે. એમાં ચાલુ શાળાનાં બાળકો, શિક્ષકો અને વાલીઓ જોડાય છે અને એ રીતે વાલીઓને પોતાનાં બાળકોને શાળામાં મોકલવા માટે પ્રોત્સાહિત કરાય છે.
૩. ગામોમાં ચોથા ધોરણ સુધીની જ શાળા છે. પાંચમા ધોરણમાં પ્રવેશ મેળવવા શહેરમાં જવું પડે છે. ત્યાં બાળકોની પરીક્ષા લેવાય અને નપાસ થાય તો તેમને કાં તો પહેલા ધોરણમાં પ્રવેશ અપાય છે અથવા તો એ બાળક શાળાની બહાર ધકેલાઈ જાય છે. આ પ્રક્રિયા રોકવા માટે ૧૭ ગામોની શાળાઓનાં ચોથા ધોરણનાં આશરે ૨૦૦ બાળકોને મંડળના કાર્યકર્તાઓએ ટ્યુશન આપવાનું કામ કર્યું છે. તેઓ અનૌપચારિક શિક્ષણ વર્ગોમાં આ ટ્યુશન આપે છે. આ વર્ગો સ્વૈચ્છિક દાતા સંસ્થાઓની સહાયથી ચલાવાય છે. આ વર્ગોનાં બાળકો માટે વર્ષમાં એક વાર બે દિવસનો 'બાળ મેળો' યોજાય છે અને અભ્યાસ પ્રવાસ પણ યોજાય છે. આથી બાળકો શાળા અને શિક્ષણમાં રસ લેતાં થાય છે. આ ઉપરાંત, પાંચમા ધોરણમાં બાળકોને પ્રવેશ અપાવવામાં સહાય પણ કરાય છે. વળી, ચાર ધોરણવાળી શાળાઓમાં પાંચમું ધોરણ શરૂ થાય તે માટે પ્રયાસો કરાઈ રહ્યા છે.
૪. ૧૭ ગામમાં અનૌપચારિક શિક્ષણ વર્ગો ચાલે છે. એમાં આશરે ૫૦૦ બાળકો ભણે છે. આ શાળાઓનાં બાળકોને તેમની ઉંમરના સંદર્ભમાં પ્રાથમિક શાળાના વર્ગમાં દાખલ કરાવામાં આવે છે. આ રીતે ૧૦૦ બાળકો દાખલ થયાં છે.
૫. જ્યાં ચાર ધોરણવાળી શાળામાં ૧ જ શિક્ષક છે ત્યાં મંડળના કાર્યકર્તા શિક્ષક તરીકે જાય છે. આવા ૧૭ શિક્ષકો કામ કરે છે.

'નવદીપ પ્રગતિ યુવક મંડળ'ના આ અનુભવોની વિગતો આપતાં તેના નિયામક શ્રી અબ્દુલ કરીમ કુરેશી માને છે કે આ પ્રક્રિયાને લીધે સ્થાનિક શિક્ષકો, પ્રાથમિક શાળાઓના જૂથમંત્રીઓ અને બીટ નિરીક્ષકોનાં વલણો બદલાયાં છે. તેઓ શાળાઓમાં ઓછાં બાળકો દાખલ થાય છે અથવા અધવચ્ચે શાળા છોડી જાય છે એ એક સમસ્યા છે એ પિછાણતા થયા છે અને તે હલ કરવા સક્રિય પણ થયા છે. જો કે, જિલ્લા પંચાયત કક્ષાએ શિક્ષણ સમિતિ અને શિક્ષણ અધિકારી તરફથી આ પ્રક્રિયાને નહિવત્ ટેકો મળે છે. શિક્ષકોની ઘટ, બદલીઓ અને નિમણૂકોની સત્તા તેમના હાથમાં કેન્દ્રિત છે તેથી પરિસ્થિતિમાં ઝડપથી પરિવર્તન આવતું નથી. આ માટે શ્રી કુરેશી એમ સૂચવે છે કે શાળાની જવાબદારી ગ્રામ પંચાયતને સોંપી દેવી જોઈએ અને શિક્ષકોને શાળા તથા સમુદાય પ્રત્યે ઉત્તરદાયી બનાવવા માટે શિક્ષકોનો પગાર પણ ગ્રામ પંચાયત મારફતે થવો જોઈએ. વાસ્તવમાં, ગ્રામ પંચાયતો પ્રાથમિક શિક્ષણ માટેનું કેન્દ્ર બનવી જોઈએ.

### દિગંતર શિક્ષા એવમ્ ખેલકૂદ સમિતિ - જયપુર

'દિગંતર શિક્ષા એવમ્ ખેલકૂદ સમિતિ' હાલ પાંચ શાળાઓ આશરે ૫૦૦ બાળકો માટે ચલાવે છે. એમાં વંચિત અને પછાત વર્ગોનાં બાળકો છે. વાસ્તવમાં એક કુટુંબના દાનમાંથી એક શાળા જયપુર શહેરમાં ૧૯૭૮માં શરૂ થઈ હતી. તેમાં ૨૦થી ૨૫ બાળકો ભણતાં હતાં અને બે શિક્ષકો હતા. આજે 'દિગંતર'માં શિક્ષકો સહિત ૫૪ કાર્યકરો કામ કરે છે. ૧૯૮૯માં કેન્દ્રના માનવ સંસાધન મંત્રાલયે ૫૦ બાળકો સાથેની એક શાળા માટે નાણાકીય મદદ આપવાનું સ્વીકાર્યું. આ કાર્યક્રમનો હેતુ ગ્રામીણ બાળકો માટે પ્રારંભિક શિક્ષણનો એક એવો નમૂનો ઊભો કરવાનો છે કે જે યોગ્ય અભ્યાસક્રમ, સામગ્રી અને શિક્ષણ વ્યવસ્થા સાથે શિક્ષણને બાળકો માટે સાનુકૂળ બનાવે. ૧૯૯૨માં આ કાર્યક્રમનો વિસ્તાર કરાયો અને ત્રણ શાળાઓ શરૂ કરાઈ, જેમાં ૨૭૦ બાળકો અભ્યાસ કરે છે.

આ પ્રયોગમાં બાળકોને અમુક વર્ગમાં વિભાજિત કરવામાં આવતાં નથી. બાળકોને ભણવાની ઝડપ માટે પસંદગીની છૂટ એ 'દિગંતર'નો એક મૂળભૂત સિદ્ધાંત છે. એટલે ભણતરનું જુદું જુદું સ્તર ધરાવતાં ૨૦-૨૩ બાળકોનું એક જૂથ હોય છે. બાળક સ્વતંત્રતા, ખુલ્લાપણું, સલામતી અને નિર્ભયતા સાથે આ શાળાઓમાં ભણે છે. સ્વ-ભણતર અને જૂથ ભણતર એ અહીં મુખ્ય સિદ્ધાંત છે. શાળાઓ ચલાવવા માટે 'દિગંતર' પોતાનો અભ્યાસક્રમ ઘડે છે,

'દિગંતર'ના વડા શ્રી રોહિત ધનકર જણાવે છે કે, આ શાળાઓમાં સમુદાય સાથેનો સંપર્ક એક મહત્ત્વનું પાસું છે. શિક્ષકો સતત વાલીઓ સાથે સંપર્કો જાળવે છે અને શાળા તથા શિક્ષણ વિશે તેમનાં મંતવ્યો

જાણે છે. સમુદાય અનેક રીતે આ પ્રયોગને ટેકો આપે છે. ત્રણમાંથી એક શાળા ૧૯૯૨થી ૧૯૯૬ દરમ્યાન સમુદાયની જ એક વ્યક્તિએ આપેલા ઘરમાં ચાલતી હતી. એના માલિકે જ્યારે મકાન ખાલી કરવાનું કહ્યું ત્યારે સમુદાયે પોતે જ શાળા માટે જમીન નક્કી કરી. એ માટે રૂ. ૨૫,૦૦૦ એકત્ર કર્યા અને શાળા માટેનું મકાન પણ ચણ્યું. બીજી એક શાળા પણ સમુદાયે આપેલી જમીન પર ચાલે છે. સમુદાયે પોતે જ શાળાના મકાનની ડિઝાઈન તૈયાર કરી છે અને મકાન બાંધ્યું છે. શાળા માટેના હેન્ડ પંપના રૂ. ૩૦,૦૦૦ના ખર્ચમાંથી અર્ધું ખર્ચ સમુદાયે પોતે ભોગવ્યું છે. મહત્ત્વની બાબત એ છે કે સમુદાયે શિક્ષણની નવી પદ્ધતિ, વાતાવરણ અને સંગઠનાત્મક વ્યવસ્થાને સ્વીકાર્યાં છે.

### રાજસ્થાનમાં રાજકીય નેતાઓને ઉત્તરદાયી બનાવવાનો પ્રયાસ

'પ્રારંભિક શિક્ષા લોક વ્યાપીકરણ મંચ'માં રાજસ્થાનની સ્વૈચ્છિક સંસ્થાઓ, સંગઠનો અને વ્યક્તિઓ એકત્ર થયાં છે. તા. ૧૫.૧૨.૧૯૯૭ના રોજ જયપુરમાં સ્થપાયેલા આ મંચે ભારત સરકાર બંધારણમાં પ્રારંભિક શિક્ષણ માટે જે ૮૩મો સુધારો લાવવા માગતી હતી તેના સંદર્ભમાં રાજ્યસભાની સ્થાયી સમિતિને પોતાનાં મંતવ્યો મોકલ્યાં. તે સમયે રાજ્યની આશરે ૪૦ જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓએ મળીને ચર્ચા-વિચારણા કરી અને તેણે એક વૈકલ્પિક ખરડો પણ તૈયાર કરીને મોકલ્યો.

આ ખરડામાં મંચે અન્ય મુદ્દાઓ સહિત નિમ્નલિખિત ત્રણ મુદ્દાઓ પર ખાસ ભાર મૂક્યોઃ

૧. મફત, સમાન અને ગુણવત્તાયુક્ત પ્રારંભિક શિક્ષણ 'પડોશી વિદ્યાલય વ્યવસ્થા' પર આધારિત હોય.
૨. ગરીબી, ભૌગોલિક પરિસ્થિતિ અને સ્થાનિક પરિસ્થિતિ સમાન અને ગુણવત્તાયુક્ત શિક્ષણની બાબતમાં અવરોધરૂપ ના બનવી જોઈએ.
૩. પ્રારંભિક શિક્ષણની વ્યવસ્થામાં સમુદાયની સહભાગિતા અને તેનું પર્યાપ્ત નિયંત્રણ હોવું જોઈએ.

આ મુદ્દાઓના સંદર્ભમાં જ મંચે રાજસ્થાન રાજ્યની વિધાનસભાની ૧૯૯૮ની ચૂંટણી સમયે પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકીકરણનો પ્રશ્ન ઉઠાવ્યો. તે માટે તેણે નક્કી કર્યું કે રાજકીય પક્ષો, તેમના ઉમેદવારો અને અન્ય ઉમેદવારો સાથે પ્રારંભિક શિક્ષણ અંગે સંવાદ કરવો. આ માટે મંચે રાજકીય પક્ષોના પ્રમુખ નેતાઓ અને જાણીતા શિક્ષણશાસ્ત્રીઓ પ્રારંભિક શિક્ષણના પ્રશ્નો અંગે કેટલાક સવાલો પૂછ્યા અને એ કાર્યક્રમ જયપુર દૂરદર્શન પર તા. ૧૬.૧૧.૧૯૯૮ના રોજ પ્રસારિત થયો. ઉપરાંત, મંચ દ્વારા તમામ પક્ષોના ઉમેદવારો અને અપક્ષોને ચાર મહત્ત્વના પ્રશ્નો પૂછવામાં આવ્યાઃ

૧. જો આપનો પક્ષ સરકારમાં આવે તો પ્રત્યેક બાળકને શિક્ષણ મળે તે માટે કાર્યલક્ષી યોજના ઘડશે? શું તે મફત અને ફરજિયાત શિક્ષણ આપશે? રાજ્યના ૧૬૪૫૫ વિસ્તારોમાં એક કિમીની ત્રિજ્યામાં શાળા નથી તો ત્યાં તે શાળાઓ ખોલશે?
૨. રાજ્ય સરકાર દ્વારા સંચાલિત શાળાઓમાં જનતાનો વિશ્વાસ ઊભો કરવા તમારા પક્ષની શી યોજના છે? પર્યાપ્ત શિક્ષકો માટે આપના પક્ષની શી યોજના છે? ૩૦૪૪ શાળાઓ મકાન વિનાની અને મોટા ભાગની શાળાઓ પાયાની સવલતો વિનાની છે. એ માટે આપની શી યોજના છે?
૩. રાજ્યમાં ૫૬ ટકા વિદ્યાર્થીઓ પાંચમા ધોરણ પહેલાં અને ૨૫ ટકા વિદ્યાર્થીઓ આઠમા ધોરણ પહેલાં શાળા છોડી દે છે. આ પરિસ્થિતિ દૂર કરવા આપના પક્ષની સરકારની કાર્યપ્રણાલી શી હશે?
૪. પ્રારંભિક શિક્ષણ માટે પૂરતા પ્રમાણમાં ખર્ચ કરવા માટે આપના પક્ષની નીતિ શી છે?

મંચે ૪૫૬ ઉમેદવારોને પ્રશ્નાવલીઓ મોકલી પણ તેમાંથી માત્ર ૨૬ ઉમેદવારોએ જ તેનો જવાબ આપ્યો. કોંગ્રેસના ૯, ભાજપના ૧૫, માર્ક્સવાદી સામ્યવાદી પક્ષના ૧ અને એક અપક્ષ ઉમેદવારોએ પ્રશ્નાવલીઓ ભરી મોકલી. તે વખતના મુખ્ય પ્રધાને જવાબ આપ્યો પરંતુ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનોએ જવાબ આપ્યો નહિ.

જો કે, આ પ્રયાસનું પરિણામ એ આવ્યું કે કોંગ્રેસે ઈ.સ. ૨૦૦૧ સુધીમાં અને ભાજપે ઈ.સ. ૨૦૧૦ સુધીમાં તમામ બાળકોને મફત અને ફરજિયાત પ્રારંભિક શિક્ષણ આપવાનો સંકલ્પ તેમના ઢંઢેરાઓમાં વ્યક્ત કર્યો. ભાજપના ત્રણ ઉમેદવારોએ અભ્યાસક્રમમાં ભારતીય સંસ્કૃતિ પર ભાર મૂક્યો, તો એક ઉમેદવારે ભયરહિત, સમરસ, આનંદમય અને જીવનને ધરાતલ સાથે જોડનારા શિક્ષણ ઉપર ભાર મૂક્યો. ભાજપના એક ઉમેદવારે શિક્ષણના વ્યવસાયીકરણને રોકવાની વાત કરી તો કોંગ્રેસના એક ઉમેદવારે તમામ ખાનગી શાળાઓ બંધ કરી દેવાની ભલામણ કરી અને સરકારી શાળાઓમાં ખાનગી શાળાઓ જેવી જ સુવિધાઓ ઊભી કરવાની વાત કરી. કોંગ્રેસના એક ઉમેદવારે કહ્યું કે જો પ્રામાણિકતાથી સરકારી ખર્ચ કરવામાં આવે તો પ્રારંભિક શિક્ષણ માટેનું લક્ષ્ય સિદ્ધ થઈ શકે. મુખ્ય બાબત એ છે કે પ્રશ્નાવલીને મળેલો મોળો પ્રતિભાવ એ રાજકીય પ્રશ્નોની પ્રારંભિક શિક્ષણ પ્રત્યેની ઓછી પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ પાડે છે.

## 'માયા' અને સીઆઈઈઈ-કે બેંગલોર

'માયા' ('મુવમેન્ટ ફોર ઓલ્ટરનેટિવ્ઝ એન્ડ યૂથ અવેરનેસ' - એમએવાયએ) બેંગલોરમાં ૨૧ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં ૨૦,૦૦૦ કુટુંબો અને બેંગલોરની આસપાસનાં ૩૫ ગામોમાં ખાસ કરીને બાળ અધિકારોના ક્ષેત્રમાં કામ કરે છે. બેંગલોર શહેરમાં આશરે ૧૨ લાખ બાળકો છે, એમાંથી ૩.૫ લાખ બાળકો સરકારી શાળાઓમાં ભણે છે, એમાં ૪૦ ટકા બાળકો તદ્દન અનિયમિત છે અને આશરે બે લાખ બાળકો મજૂરો છે. 'માયા' માને છે કે જે બાળકો શાળામાં જતાં નથી તે તો સંભવિત બાળ મજૂરો છે જ પરંતુ જેઓ શાળામાં હાજરી આપે છે તેઓ પણ સંભવિત બાળ મજૂરો છે.

'માયા' અને 'સિટિઝન્સ ઇનિશ્યેટિવ ઓન એલિમેન્ટરી એજ્યુકેશન' -કર્ણાટકે બંનેએ સાથે મળીને આ પરિસ્થિતિ સુધારવાનો પ્રયાસ કર્યો છે. એમાં ત્રણ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરાયું છેઃ ઉત્તરદાયિત્વ, ગુણવત્તા અને સમતા. લોકોની સહભાગિતા પ્રાથમિક શિક્ષણને વધુ ફળદાયી બનાવવા જરૂરી છે. પ્રાથમિક શાળાઓ અને તેના શિક્ષકો સ્થાનિક લોકો પ્રત્યે જવાબદાર બને એ અનિવાર્ય છે એમ તેઓ માને છે. જ્યારે વાલીઓની ભાગીદારી વધે છે ત્યારે તેનાં સારાં પરિણામો આવે છે. શ્રી સોલોમને કહ્યું કે એક ઝૂંપડપટ્ટીમાં સાતમા ધોરણમાં કુલ ૫૨ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૭ જ વિદ્યાર્થીઓ પાસ થયા ત્યારે વાલીઓએ શાળા પાસેથી તેનો જવાબ માગ્યો.

આ પ્રક્રિયા દરમ્યાન બંને સંસ્થાઓને રાજ્ય સરકારના સત્તાવાળાઓ સાથે સતત સંઘર્ષમાં ઊતરવાનું બન્યું. પરંતુ તેમના કાર્યકર્તાઓએ હકીકતોથી સજ્જ બનીને જ્યારે સત્તાવાળાઓ સમક્ષ રજૂઆત કરી ત્યારે તેમણે પરિસ્થિતિ બદલવા માટે પગલાં ભરવાં પડ્યાં. સ્થાનિક લોકોનાં જૂથો સરકાર પર અને શિક્ષકો પર દબાણ લાવવા માટે ઊભાં કરવામાં આવ્યાં. આ દરમ્યાનગીરીને પરિણામે જાજરૂ અને પીવાના પાણી જેવી પાયાની સવલતો વિનાની શાળાઓમાં આ સવલતો વધવા માંડી, શાળાઓમાં બાળકો નોંધવા માંડ્યાં અને હાજરી વધવા માંડી અને શિક્ષકોની હાજરી પણ વધી.

## 'એક્ટ - બોધગ્રામ' - રાજસ્થાન

૧૯૮૮માં શરૂ થયેલી 'સોસાયટી ફોર એજ્યુકેશન કન્સાયન્ટાઈઝેશન, અવેરનેસ એન્ડ ટ્રેનિંગ' (એક્ટ) નામક સંસ્થા રાજસ્થાનના નાગૌર જિલ્લામાં કુકનવાલી ખાતે ગ્રામ વિકાસનાં કામો કરે છે. બાળકો, માતાઓ અને કિશોરીઓના આરોગ્ય ક્ષેત્રે, મહિલાઓની આવક સર્જન અને સંગઠનની પ્રવૃત્તિ ક્ષેત્રે અને આદિવાસીઓના વિકાસ ક્ષેત્રે કામ કરનારી આ સંસ્થા શિક્ષણની પ્રવૃત્તિ સાથે પણ સંકળાયેલી છે. તેની વ્યૂહરચના સ્ત્રીઓમાંના નીચા સાક્ષરતા દરને અસરકારક રીતે ઊંચો લાવવાની, બાળકીઓના શિક્ષણ માટે સભાનતા લાવવાની અને સ્ત્રીઓ તથા બાળકીઓના આરોગ્યમાં શિક્ષણ દ્વારા સુધારો કરવાની છે. સંસ્થા બાળકીઓ અને સ્ત્રીઓના શિક્ષણ દ્વારા સક્ષમતા વધારવા માટે કામ કરે છે. સંસ્થા 'મહિલા શિક્ષણ કેન્દ્ર' ચલાવે છે. તેમાં તદ્દન નિરક્ષર અથવા થોડું-ઘણું ભણેલી મહિલાઓને સંસ્થાના પ્રાંગણ 'બોધગ્રામ'માં ૨થી ૩ વર્ષની તાલીમ આપવામાં આવે છે. આ રીતે તાલીમ પામેલી મહિલાઓ શિક્ષાકર્મી શાળાઓ અને આંગણવાડીઓમાં શિક્ષિકાઓ તરીકે કામ કરે છે. ઉપરાંત, તેઓ સંસ્થા દ્વારા ચાલતા 'દ્વાકરા' અને અન્ય કાર્યક્રમોમાં સંયોજકો તરીકે કામ કરે છે.

'શિક્ષાકર્મી' યોજના રાજસ્થાન સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણના વ્યાપક ફેલાવા માટે ચાલે છે. તેનો મુખ્ય હેતુ શિક્ષણને ગ્રામ સમુદાયો સુધી પહોંચાડવાનો અને તેમના જીવન તથા પર્યાવરણને માટે વધારે પ્રસ્તુત બનાવવાનો છે. 'શિક્ષાકર્મી' શિક્ષક હોય છે અને તે જે ગામમાં શરૂ થાય છે એ જ ગામના હોય છે. સંસ્થા આ યોજના માટે શિક્ષિકાઓને તાલીમ આપે છે.

લોક ભાગીદારીની બીજી એક બાબત એ છે કે દરેક શાળા માટે 'ગ્રામીણ શિક્ષણ સમિતિ'ની રચના કરાઈ છે. એમાં મોટે ભાગે સાત અથવા નવ સભ્યો હોય છે. તેમને શિક્ષણના સંચાલન માટે સંસ્થા તાલીમ આપે છે. આ સમિતિમાં માત્ર વાલીઓ જ હોય છે. તેમને સંસ્થાના શિક્ષા સહયોગી મદદ કરે છે. આ સમિતિ જ શાળાઓ માટે શિક્ષકોની પસંદગી કરે છે, શિક્ષકોની ઉપર દેખરેખ રાખે છે અને તેમની કામગીરીનું મૂલ્યાંકન કરે છે. જે શિક્ષક નિમ્ન સ્તરના માલૂમ પડે તેમને તે છૂટા પણ કરી શકે છે. આ સ્વાયત્તતા સામે સ્થાપિત હિતો તરફથી વાંધો ઊઠે એ સ્વાભાવિક છે. એક ગ્રામ પંચાયતના સરપંચે પોતાની સત્તાઓ આમાં જોખમાતી અનુભવીને સંસ્થા સામે જિલ્લા અદાલતમાં કેસ પણ કર્યો હતો. પરંતુ અદાલતે સરપંચની અરજી રદ કરી અને એમ કહ્યું કે રાજ્ય સરકારને શિક્ષણની વ્યવસ્થા વૈકલ્પિક રીતે ઊભી કરવાનો અધિકાર છે.

## ઉપસંહાર

પ્રાથમિક શિક્ષણની સમસ્યા આ રીતે ખૂબ જ વ્યાપક છે અને ખાસ કરીને કન્યા કેળવણીની સમસ્યા વધારે તીવ્ર છે. ભારતમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકીકરણ માટેના પ્રયાસો જો સફળ બનાવવા હશે તો શાળામાં બાળકોની નોંધણી થાય અને બાળકો એ શાળામાં ટકી રહે તે જોવાનું ખૂબ જ મહત્ત્વનું બને છે. જો કે, આમ છતાં, ભારતમાં પ્રવર્તતો જાતિવાદ તથા સામાજિક માળખાના ભેદભાવો પણ પ્રાથમિક શિક્ષણનો વ્યાપ ઈચ્છિત સ્તરે નહીં પહોંચવા દેવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. આદિવાસીઓ અને હરિજનોમાં તથા અન્ય પછાત

વર્ગોમાં પ્રાથમિક શિક્ષણ ન પ્રસરવા માટેનું એક મહત્ત્વનું કારણ તેમનું સામાજિક પછાતપણું છે એ બાબતને વિસરી શકાય તેમ નથી.

આ સંદર્ભમાં શિક્ષકોની ગેરહાજરી અને વાલીઓ, વિદ્યાર્થીઓ તથા સમુદાયની સહભાગિતાની ગેરહાજરી ઓછા શિક્ષણ માટે વધુ જવાબદાર રહ્યાં છે. સરકારી કાર્યક્રમો સામાજિક અસમાનતાને દૂર કરવાના નિશ્ચય સાથે પ્રાથમિક શિક્ષણને સાંકળે તે પણ એટલું જ અગત્યનું છે. ઉપરાંત, સરકારી કાર્યક્રમોમાં સ્થાનિક સ્તરના પંચાયતોના નેતાઓ જોડાય અને ગ્રામ સભાને શિક્ષણના વહીવટ માટેની સત્તાઓ અપાય તો સ્થાનિક શાસનની અને વાલીઓ તથા સમુદાયોની ભાગીદારી વધશે. પ્રાથમિક શિક્ષણની જરૂરિયાત લોકોને સમજાય અને લોકોમાંથી તેની માંગ ઊભી થાય એવો સરકારનો પ્રયાસ હોવો જોઈએ. સરકારે શિક્ષણ આપવાનું કામ કરવાનું નથી પણ શિક્ષણ લોકોને મળે તેને માટેનો માર્ગ મોકળો કરવાનો છે. સરકારે આ ભૂમિકા વધારે સ્પષ્ટ રીતે સમજવાની છે. પણ એનો અર્થ એવો નથી કે સરકાર પોતાની જવાબદારીઓમાંથી સાવ જ પાછી હટી જાય. સરકારે પોતાની બંધારણીય જવાબદારીઓ અદા તો કરવી જ જોઈએ.

સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધારવામાં પરસ્પર સહયોગી બને એ સમયની તાતી જરૂરિયાત છે. બધાં કામો સરકાર આપમેળે કરી શકે તેમ નથી એ હકીકત જોતાં અને સરકારી કાર્યોનો અનુભવ જોતાં આપણે એવા તારણ પર ચોક્કસ આવી શકીએ કે, શિક્ષણ માટે સરકારે લોકોને અને લોકોની સંસ્થાઓને જવાબદારીઓ અને સત્તાઓ સોંપવાં પડશે. આમ થશે તો જ લોકોને શિક્ષણ પૂરું પાડનારી સંસ્થાઓ પોતાની લાગશે અને શિક્ષણની જરૂરિયાતને આપમેળે પરિપૂર્ણ કરી શકશે.

### ‘કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ’ને સહાય માટે આહ્‌વાન

અમદાવાદનું ‘કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ’ ઔદ્યોગિક કામદારો અને સફાઈ કામદારોના આરોગ્યની સુરક્ષા ક્ષેત્રે કામ કરે છે. કાપડ મિલોના કામદારોને રૂની રજોટી ફેફસાંમાં જતાં થતા બિસિનોસિસ નામના રોગમાંથી ઉગારવાને માટે તથા રોગગ્રસ્ત કામદારોને વળતર અપાવવા માટે મંડળ કામ કરે છે. ઉપરાંત, અતિશય ઘોંઘાટને પરિણામે આવતી બહેરાશ સામે વળતર મેળવી આપવામાં પણ તે કામદારોને સહાય કરે છે.

મંડળે સર્વેક્ષણો દ્વારા સેંકડો કામદારો વ્યવસાયજન્ય રોગોથી પિડાતા હોવાનું બહાર આણ્યું છે. તેણે મૃત્યુ પામેલી વ્યક્તિઓનાંપરિવારોને કાયદેસર મળતા લાભો અપાવ્યા છે અને માલિકો, મજૂરો અને સરકાર સૌની જાગૃતિ વધારવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. તેણે તાજેતરમાં પહેલી જ વાર બહેરાશ સામે વળતર અપાવવામાં સફળતા મેળવી છે. તે તબીબી તપાસ માટે કામદારોની શિબિરો યોજે છે, વધુ સારવાર માટેનો બંદોબસ્ત કરે છે અને સજગતા ઊભી કરવા જરૂરી પ્રકાશનો પણ કરે છે. મંડળ વરસેદહાડે આ કાર્ય પાછળ રૂ. ૨ લાખનો ખર્ચ કરે છે. ૧૯૯૧માં સક્રિય થયેલી અને ૧૯૯૪થી જાહેર ટ્રસ્ટ અને સોસાયટી અધિનિયમ હેઠળ નોંધાયેલી આ સંસ્થાને દાન આપનારને આવક વેરા ધારા-૧૯૬૧ની કલમ ૮૦-જી અન્વયે કરમુક્તિનો લાભ મળે છે. મંડળ તેનું કાર્ય આગળ વધતું રહે અને મજૂરોની કામની સ્થિતિ આરોગ્યપ્રદ બને તે માટેના પ્રયાસોમાં તે મજબૂત બને તે માટે તેને નાણાકીય સહાય આપવા નમ્ર અપીલ કરે છે.

**પૃષ્ઠ ૧૮નો શેષ ભાગ**

બનેલી નવી શાળા અને તેની વિકાસલક્ષી પ્રવૃત્તિઓમાં ગ્રામજનોની જાગૃતિની ઝલક જોવા મળે છે. સમૂહ વિકાસ ટ્રસ્ટે શાળાના મકાનની તપાસ કરી. મકાનમાં અગવડો તો પાર વગરની હતી જ. નવેસરથી મકાન બંધાય તો જ કંઈક સરખું થશે એવું ‘ટ્રસ્ટ’ને લાગ્યું. આ પરિસ્થિતિમાં સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થા ‘શેષ’ (સેન્ટર ફોર ઇકોનોમિક એન્ડ સોશ્યલ કન્સર્ન) દ્વારા શિક્ષણની સાથે સાથે ગ્રામ વિકાસનું કામ થાય તેવું મકાન શોધવાનો પ્રસ્તાવ રજૂ થયો. ગ્રામજનોએ આ પ્રસ્તાવને વધાવી લીધો. આવા મકાન માટે સરપંચ ઘનશ્યામભાઈએ પોતાના સ્વર્ગસ્થ પિતાશ્રીના સ્મરણાર્થે ગામને અડીને આવેલી ૩૫૦૦ વાર જમીન ‘શેષ’ સંસ્થાને દાનમાં આપવાનું નક્કી કર્યું. જમીન તો મળી હવે મકાન ઊભું કરવાનું હતું. મકાન ઊભું કરવા માટે આસપાસના ગ્રામજનો, વેપારીઓ તથા અમદાવાદની ‘રાઉન્ડ ટેબલ’ સંસ્થાએ દાન આપ્યું. દાનની રકમમાંથી છ ઓરડા અને એક મોટો હૉલ બાંધવામાં આવ્યા. હજુ વધારાના નવ ઓરડા બંધાશે. આમ શિક્ષણ અને વિકાસ માટેનું એક પૂર્ણ કક્ષાનું સંકુલ ઊભું થશે. નવા મકાનમાં ૮થી ૧૦ ધોરણની શાળા સાથે ગ્રામ વિકાસની પ્રવૃત્તિઓ પણ થશે. વિકાસલક્ષી તાલીમો, પ્રદર્શનો, આરોગ્ય શિબિરો, તબીબી તપાસ શિબિરો, પંચાયત માર્ગદર્શન કેન્દ્ર, કાનૂની સહાય કેન્દ્ર, રોજગાર માર્ગદર્શન કેન્દ્ર, લાઈબ્રેરી, રાત્રિ અભ્યાસ વર્ગો તથા જાહેર હિતને લગતી પ્રવૃત્તિઓ પણ આ મકાનમાં ચાલશે. આમ, શિક્ષણના અધિકાર માટેની લડત ગ્રામ વિકાસરૂપી યજ્ઞમાં ફેરવાઈ. **સંપર્ક સરનામાં:** શ્રી પારૂલ શેઠ, શ્રી ફાલ્ગુન શેઠ, ‘શૈશવ’, આનંદવિહાર અખાડા પ્રાંગણ, પ્રભુદાસ તળાવ, ભાવનગર-૩૬૪૦૦૧. શ્રી ભાનુપ્રસાદ મિસ્ત્રી, શ્રી ઘનશ્યામભાઈ પટેલ, ‘શેષ’, મુ.પો. કણભા, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

# શિક્ષણનું ખાનગીકરણ: વંચિત સમાજ માટે પડકાર

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનું ખાનગીકરણ કરવાના સરકારી પ્રયત્નો થયા છે. તેમનું હાર્દ સમજાવતો અને તેમની વંચિત સમાજો પર પડનારી સંભવિત વિપરીત અસરો પર પ્રકાશ પાડતો આ લેખ 'કોમ્યુનિટી સાયન્સ સેન્ટર'નાં **સુશ્રી સોનલ મહેતા** દ્વારા તૈયાર કરાયો છે.

**પ્રસ્તાવના**

ઈ.સ. ૧૯૪૭માં ભારત દેશ આઝાદ થયો અને ઈ.સ. ૧૯૫૦માં ભારતની બંધારણ સભાએ સાર્વભૌમ ભારતનું બંધારણ દેશને સમર્પિત કરી તે અન્વયે દેશનું સંચાલન કરવાની જવાબદારી દેશની સર્વોચ્ચ સત્તાધારી સંસ્થા સંસદને સોંપી. આપણા બંધારણમાં બક્ષવામાં આવેલા કેટલાક મૂળભૂત નાગરિક અધિકારોની વિવિધ કલમો અન્વયે નીતિ વિષયક અનુચ્છેદ-૪૫માં કહેવામાં આવ્યું કે "આ બંધારણને લાગુ કરાયાનાં ૧૦ વર્ષની અંદર ૧૪ વર્ષ સુધીનાં તમામ બાળકોને અનિવાર્ય અને મફત શિક્ષણ આપવાની ગોઠવણ કરવામાં આવશે."

ઈ.સ. ૧૯૬૬માં ઘડવામાં આવેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આ લક્ષ્યને સિદ્ધ કરવા દરેક બાળક માટે સમાન પ્રાથમિક શિક્ષણને લાગુ કરવા શું શું કરવું જોઈએ તે વિશે વિસ્તારપૂર્વક સૂચનો કરવામાં આવ્યાં. ૧૯૮૬માં ઘડવામાં આવેલી નવી શિક્ષણ નીતિમાં કહેવામાં આવ્યું કે "૧૧ વર્ષની ઉંમર સુધીના દરેક બાળકને ૧૯૯૦ની સાલ સુધીમાં ધો. ૫ સુધીનું અને ૧૪ વર્ષની ઉંમર સુધીના દરેક બાળકને ૧૯૯૫ સુધીમાં ધો. ૮ સુધીનું શિક્ષણ આપી દેવામાં આવશે." ૧૯૯૨માં આ શિક્ષણ નીતિમાં કેટલાંક સંશોધનો કરાયાં તે મુજબ "હવે આ લક્ષ્યાંક ઈસ. ૨૦૦૦ સુધીમાં હાંસલ કરવામાં આવશે." શું આ શક્ય છે?

૧૯૮૬માં ઘડવામાં આવેલી શિક્ષણ નીતિમાં કહેવામાં આવ્યું કે, પ્રાથમિક શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવશે અને ૧૯૯૦ સુધીમાં તેનું સાર્વત્રિકીકરણ કરવામાં આવશે. ૧૯૯૨માં આ લક્ષ્યાંક હાંસલ કરવાની સમય મર્યાદા ૨૦૦૦ની સાલ સુધી લંબાવવામાં આવી અને હવે તેને ૨૦૧૦ સુધી લંબાવવાની વાત થઈ રહી છે. અને આજે આ દેશમાં શાળાએ જવાની ઉંમર ધરાવતાં લગભગ અડધોઅડધ બાળકો શાળાની બહાર છે અને તેમાંથી ૨/૩ ભાગ બાળકીઓનો છે.

દેશની શિક્ષણ નીતિ ઘડનારા, તેનો અમલ કરનારા અને શિક્ષણ જગત સાથે સંકળાયેલા સૌ કોઈમાં શિક્ષણના સાર્વત્રિકીકરણ પરત્વે કેટલી ગંભીરતા કે સભાનતા છે તે નક્કી કરવાનું અઘરું છે.

આઝાદ ભારતના બંધારણમાં દર્શાવાયેલ પ્રતિબદ્ધતાના પાંચ દસકાઓ બાદ પણ ભારત દેશ દુનિયાના સૌથી વધુ નિરક્ષર બાળકો અને એનાથીય વધુ નિરક્ષર પ્રૌઢોના દેશ તરીકેનું નામોશીભર્યું સ્થાન મેળવવાની હોડમાં મોખરે રહેવા કટિબદ્ધ હોય તેવો ભાસ સતત થાય છે.

દેશમાં પ્રવર્તમાન શિક્ષણ પરત્વેની ઉદાસીનતા, તેના સાર્વત્રિકીકરણમાં અમલમાં રહેલી ત્રુટિઓ અને આ ગંભીર સમસ્યાનો સામનો કરતી વખતે આડે આવતાં પરિબળો વિશે ચિંતન કરવાની જવાબદારી આજ સુધી જે કોઈના શિરે સમયાનુસાર આવતી રહી છે તેમણે આ સમસ્યાના મૂળને શોધવાના અને તેને દૂર કરવાનાં દિશા નિર્દેશનો કરવાના અનેક પ્રયત્નો કર્યા છે.

**સામાજિક ન્યાય અને શિક્ષણ**

દેશનું બંધારણ અમલમાં મુકાયું તે સમયે દેશનું સુકાન સંભાળનાર સૌ કોઈએ સ્વીકાર્યું હતું કે ભારતીય સમાજની ઐતિહાસિક વિશિષ્ટતાઓ જેવી કે વર્ણભેદના આધારે કરાયેલી સમાજ રચના, આર્થિક અને સામાજિક વ્યવસ્થા, ૨૦૦ વર્ષનો ગુલામીનો ઇતિહાસ, સામંતવાદી શોષણ પદ્ધતિ અને સ્ત્રીઓ પરત્વે અન્યાયપૂર્ણ અને તિરસ્કારજનક સાંસ્કૃતિક વલણો દેશની દુર્દશા માટે મુખ્યત્વે જવાબદાર હતી. આથી જ નૂતન ભારતના નિર્માણમાં સામાજિક ન્યાયને ખૂબ જ પ્રાધાન્ય આપવામાં આવ્યું. બંધારણીય અધિકારો અને ફરજોની લાંબી યાદીમાં સામાજિક ન્યાય દ્વારા સમાનતા અને નાગરિક સ્વાતંત્ર્યની ખાસ આગવી પરિભાષા પણ આપણે આને કારણે ઊભી કરી શક્યાં.

ઐતિહાસિક, સામાજિક અને આર્થિક કારણોસર શિક્ષણથી વંચિત રહી ગયેલા સમુદાયોમાં નીચલી જાતિઓમાં આવતા સમુદાયો, આદિવાસીઓ, લઘુમતીઓ અને સ્ત્રીઓનો સમાવેશ થાય છે. આ દરેક સમુદાયને શિક્ષણની તક મળી રહે અને અત્યાર સુધી પ્રવર્તતી પરિસ્થિતિને કારણે ઊભી થયેલી અસમાનતાની ખાઈની ઊંડાઈ ઓછી કરી શકાય તે હેતુથી આ વર્ગો માટે શિક્ષણ વ્યવસ્થામાં

બંધારણની રૂએ ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. સંવિધાનમાં કરાયેલી જોગવાઈઓની સમજણને વિકસાવવાની સાથે સાથે તેના અમલ માટે પણ ઘણાં મહત્ત્વનાં પગલાં ભરવામાં આવ્યાં.

અનુસૂચિત જાતિ-જનજાતિ અને અન્ય સામાજિક-શૈક્ષણિક રીતે પછાત જાતિઓ માટે દરેક સ્તરે અનામત બેઠકો ઉપરાંત આર્થિક મદદ અને કેટલીક વિશેષ સુવિધાઓ ઊભી કરવાની દિશામાં પણ કેન્દ્રીય તેમ જ રાજ્ય સરકારોએ અનેક પગલાંઓ ભર્યાં છે. આ પ્રયત્નોને પરિણામે એટલું સ્પષ્ટ છે કે આઝાદી વખતે જે નિરક્ષરતા અને શૈક્ષણિક ઉદાસીનતા આ બહુસંખ્યક વર્ગોમાં જોવા મળતી હતી તેમાં બહુ જ મોટાં પરિવર્તનો આજે જોઈ શકાય છે. ખાસ કરીને શહેરી વિસ્તારમાં રહેતા પછાત સમાજોમાં શિક્ષણ પ્રત્યે આવેલી વિશેષ સભાનતા આનું સીધું પરિણામ છે. શાળાએ આવતાં બાળકોની સંખ્યામાં, ૧૪ વર્ષની ઉંમર સુધી શાળામાં ટકી રહેતા વિદ્યાર્થીઓની સંખ્યામાં, શાળાએ આવતી બાળકીઓની સંખ્યામાં, ઉચ્ચ શિક્ષણના પ્રવાહોમાં દાખલ થતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો તો જોઈ જ શકાય છે. પરંતુ તેમાંય પછાત જાતિઓ અને શહેરી તેમ જ કેટલેક અંશે ગ્રામીણ ગરીબોનાં બાળકોની ભાગીદારી પણ વધતી જોવાઈ છે. આમ છતાંય આગળ દર્શાવ્યું તેમ હજુ આજેય આપણે પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકીકરણથી જોજનો દૂર છીએ અને આ લક્ષ્યાંક સિદ્ધ કરવાની જરૂરિયાત જેમ જેમ અનિવાર્ય બનતી જાય છે તેમ તેમ આ કાર્ય પ્રત્યેની રાજકીય અને સામાજિક કટિબદ્ધતામાં જાણે કે એક મોટી ઓટ આવી રહી હોય તેવું તાજેતરની કેટલીક સરકારી નીતિઓ જોતાં લાગે છે.

### શિક્ષણમાં ખાનગીકરણના પ્રયાસો

ગુજરાત રાજ્ય શિક્ષણના ક્ષેત્રે કંઈક અંશે આગળ પડતું રહ્યું છે. આઝાદી પહેલાં પણ ૧૭મીથી ૧૯મી સદીની સામાજિક સુધારણાઓની ચળવળો, કેટલાક ઉદારમતવાદી શાસકો જેવાં કે ગાયકવાડી શાસન, ગોંડલ રાજ્યનું શાસન વગેરે અને ગાંધીવાદી વિચારધારાની ઊંડી અસરના કારણે ગુજરાતમાં શિક્ષણ અને તેમાંય સ્ત્રી શિક્ષણ પરત્વે ખાસ્સી સજાગતા જોવા મળે છે. આ સજાગતાને વધુ યોગ્ય પરિણામલક્ષી કાર્યક્રમમાં ફેરવવાનું કામ ગુજરાત રાજ્યના ગઠન બાદ કરવાનું શ્રેય આપણી વિવિધ રાજ્ય સરકારોને આપી શકાય. લગભગ છેલ્લા અઢી દાયકાથી ગુજરાતમાં સ્ત્રી શિક્ષણની સંપૂર્ણ જવાબદારી રાજ્ય સરકારના શિરે છે. કોઈ પણ કક્ષાએ પોતાની દીકરીને ભણાવવા ઈચ્છતાં મા-બાપને માટે તે બોજારહિત બનાવી સ્ત્રી-શિક્ષણના ફેલાવામાં સરકારના આ પગલાનો સિંહફાળો રહ્યો છે. આથી ઉચ્ચ શિક્ષણના સ્તરે સ્ત્રીઓની ટકાવારીમાં ગુજરાતનું સ્થાન ભારતનાં અન્ય રાજ્યોની સરખામણીમાં ખૂબ જ આગળ પડતું છે. પરંતુ આ હકીકત એકાએક વળાંક લઈ રહી છે. ખાનગીકરણ અને ઉદારીકરણની મોહજાળમાં ફસાયેલી અને નફાખોરીના નશામાં વધુ ને વધુ ડૂબી રહેલી હાલની ગુજરાત સરકારે કેટલાક ખાસ પરિપત્રો દ્વારા પોતાની આ જવાબદારીમાંથી છટકવાના પ્રયત્નો આરંભી દીધા છે.

એક ધ્યાન ખેંચે તેવો પરિપત્ર ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તા. ૨૮.૮.૧૯૯૮ના રોજ 'અનુદાન વગરની બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સ્વૈચ્છિક રીતે સ્વાયત્તતા આપવા બાબત' બહાર પાડવામાં આવ્યો. આ પરિપત્ર અનુસાર હવે જે સંચાલકો કાયમી ધોરણે સરકાર પાસેથી અનુદાન લીધા વગર શાળા ચલાવવા માંગતા હોય તેમને લગભગ બધાં જ સરકારી નિયંત્રણો અને સામાન્ય રીતે અન્ય ખાનગી ક્ષેત્રમાં લાગુ પડતા કાયદા-કાનૂનમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. આ પરિપત્રની કેટલીક જોગવાઈઓ આઘાતજનક અને ચોંકાવનારી છે.

**૧૯૯૮ના ગુજરાત સરકારના પરિપત્રની વિગતો**

૧. અનુસૂચિત જાતિ-જનજાતિ કે બક્ષી પંચનાં બાળકો માટે અનામતની જોગવાઈ રાખવાની રહેશે નહીં.
૨. શાળાના સંચાલકો પોતાની મરજી પ્રમાણે વિદ્યાર્થીઓ પાસેથી ફી લઈ શકશે.
૩. તેઓ સ્વમરજી મુજબ શિક્ષકોને નોકરીએ રાખી શકશે, છૂટા કરી શકશે અને તેમનાં પગાર ધોરણો પણ જાતે જ નક્કી કરી શકશે. કોઈ પણ કારણસર છૂટા કરવામાં આવતા શિક્ષકોના અધિકારોની કોઈ જ જવાબદારી સરકારની રહેશે નહિ.
૪. આવી શાળાઓમાં સ્ત્રી શિક્ષણની મફત જોગવાઈ રદ કરવામાં આવી છે, જેથી સરકાર તરફથી આ શાળાઓમાં ભણતી વિદ્યાર્થિનીઓને કોઈ સહાય મળશે નહીં અને સંચાલકો સ્વેચ્છાએ તેમની પાસેથી ફી લઈ શકશે.
૫. આવી શાળાઓને સરકારી ઓડિટથી મુક્તિ આપવામાં આવશે અને કર્મચારીઓની ભરતી માટે પણ કોઈ જ સરકારી પ્રમાણપત્ર તેમણે મેળવવાનું રહેશે નહીં.
૬. આ ઉપરાંત શાળાઓએ ભરવી પડતી ફરજિયાત થાપણ, વર્ગોની મંજૂરી વગેરેમાંથી તેમને મુક્તિ આપવામાં આવશે.

આમ, સ્વાયત્તતાના લોભામણા નામે બેફામ ખાનગીકરણ, નફાખોરી અને સ્વચ્છંદતાને ઉત્તેજન આપવા સિવાય આ પરિપત્રનો બીજો કોઈ અર્થ નીકળી શકે તેમ નથી. બીજા શબ્દોમાં કહીએ તો, ભારતના બંધારણમાં આપવામાં આવેલા કેટલાક મૂળભૂત અધિકારોનો સીધો અનાદર આ પરિપત્રમાં સ્પષ્ટપણે જાહેર થાય છે. ગુજરાતમાં (વિના ગ્રાન્ટ) શાળા સંચાલક મંડળ તરફથી અગાઉની નીતિની શરતોને

હળવી કરવા બાબત વારંવાર કરાયેલી રજૂઆતને સરકાર આ પરિપત્રના સંદર્ભ તરીકે ગણાવે છે. પરંતુ આ ફક્ત સરકારની નીતિનો એક નાનકડો અંશ છે જે માત્ર જાહેર નિધિમાંથી સીધેસીધો ફાળો લીધા વગર ચાલતા ખાનગી પ્રવાહને જ લાગુ પડે છે.

પરંતુ આ પછી તા. ૩૦.૬.૧૯૯૯ના રોજ એક બીજો ઠરાવ ‘બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં અનુદાન સહાય ધોરણ સુધારવા બાબત’ કરવામાં આવ્યો છે. આ ઠરાવનો મુખ્ય ઉદ્દેશ “રાજ્યની આર્થિક સ્થિતિને નજરમાં રાખી શિક્ષણમાં સમાજની ભાગીદારી વધારવા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં ઉત્તરોત્તર વધતું નાણાકીય ખર્ચ ઘટાડવા તેમ જ શિક્ષણની ક્ષિતિજો વિસ્તૃત અને બૃહદ્ બનાવવા અભ્યાસમાં વિજ્ઞાન અને કોમ્પ્યુટરના વિષય સાથે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે ગહન અભ્યાસ કરી શિક્ષણની નીતિમાં ફેરફાર કરવાનો હતો.”

### ખાનગીકરણ અને સામાજિક ન્યાય

આ પરિપત્રનું અર્થઘટન કરીએ તો હવે સરકારને સ્ત્રીઓની કેળવણી બિનજરૂરી ખર્ચનો બોજ લાગે છે. ખાસ કરીને એવી વિદ્યાર્થિનીઓ કે જે સામાજિક અને આર્થિક બોજના કારણે અનેક મુશ્કેલીઓનો સામનો કરીને મહામહેનતે શાળાએ આવવાનો અને શિક્ષણના પ્રવાહમાં ટકી રહેવાનો પ્રયત્ન કરે છે, તેમને માટે શિક્ષણના દરવાજા વધુ સાંકડા બનાવાયા છે. જેમ જેમ વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે પ્રગતિની જરૂરિયાત વધતી જાય છે તેમ તેમ આ શિક્ષણ સામાન્ય પ્રજા માટે વધુ દોહ્યલું બનાવાઈ રહ્યું છે. કોમ્પ્યુટર અને વિજ્ઞાન શિક્ષણની સવલતો વધારવાના ઉદ્દેશ જાહેર કરી એ જ વિષયોના પાયારૂપ વિજ્ઞાન પ્રવાહને જરૂરી વિશેષ સહાય આપવાનું બંધ કરવાની નીતિ, આ બંને વાત એક જ પરિપત્ર દ્વારા કરી સરકાર પોતાની બેવડી અને છેતરામણી નીતિને ઉઘાડી પાડતાં જરાય ક્ષોભ અનુભવી નથી.

અને છેલ્લે એક ત્રીજો ઠરાવ તા. ૨.૭.૧૯૯૯ના રોજ ‘બિનસરકારી/ માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની ભરતી કરવા અંગે’ બહાર પાડવામાં આવ્યો. આ ઠરાવનો ઉદ્દેશ પણ સરકારી ખર્ચ ઘટાડવા અંગેનો જ દર્શાવવામાં આવ્યો છે. તે મુજબ હવે કોઈ પણ શાળા પહેલાં પાંચ વર્ષ માટે જરૂરી શિક્ષણ અને વહીવટી કર્મચારીઓની ભરતી કરવા માટે આવા કર્મચારીઓને મજૂર કાયદા અન્વયે અપાયેલા કાનૂની રક્ષણને નજરઅંદાજ કરી માસિક ઉચ્ચક પગાર આપી શકશે. એટલે કે શિક્ષકને માસિક રૂ. ૪૫૦૦/- અને ૪૦૦૦/-, ક્લાર્કને રૂ. ૨૫૦૦/- તેમ જ પટાવાળાને રૂ. ૧૫૦૦/-નું માસિક ઉચ્ચક માનદ્ વેતન આપી ભરતી કરી શકાશે. સરકારી ગ્રાન્ટથી ચાલતી શાળાઓમાં આ કર્મચારીઓને અન્ય કાનૂની રક્ષણ, જેમ કે, પ્રોવિડંટ ફંડ, પેન્શન, અન્ય ભથ્થાંઓ, મોંઘવારી વગેરે પહેલાં પાંચ વર્ષ સુધી મળી શકશે નહીં. આમ અન્ય ખાનગી ક્ષેત્રે બક્ષવામાં આવેલી મૂળભૂત કાનૂની જોગવાઈઓથી પણ આ કર્મચારીઓને વંચિત રાખવાની જોગવાઈ સરકાર તરફથી કરવામાં આવી છે.

#### ૧૯૯૯ના સરકારી ઠરાવની જોગવાઈઓ

૧. કન્યા શાળાઓને અપાતા ૧૦૦ ટકા અનુદાનના અગાઉના (૧.૯.૯૭)ના ઠરાવને રદ કરી કન્યા શાળાઓને અન્ય નવી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માફક અનુદાન આપવામાં આવશે.

૨. ૧૦૦ ટકા શિક્ષણ ફી સહાય માટે કન્યાઓ માટે ૭૫ ટકા હાજરી અને અગાઉના ધોરણમાં ૫૦ ટકા પરિણામ બંને ફરજિયાત રહેશે. બેમાંથી એક શરત ન પળાતી હોય તો આ સહાય ૫૦ ટકા એટલે કે અડધી જ આપવામાં આવશે.

૩. વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પણ અપાતી વિશેષ સવલતો અને અનુદાન રદ કરવામાં આવે છે અને તેમને પણ અન્ય શાળાઓની જેમ જ અનુદાન મળશે.

ખાનગીકરણની આંધળી દોટમાં અટવાયેલ સરકારનું અત્યંત હીન કક્ષાનું નફાખોરી માનસ છતું કરતા આ પરિપત્રો/ ઠરાવો પ્રજાના ગરીબ, તરછોડાયેલા અને વંચિત સમાજને બક્ષવામાં આવેલા સામાજિક ન્યાય અને બંધારણીય અધિકારોનો ખુલ્લેઆમ ભંગ તો છે જ અને સાથે આજ સુધી જે કંઈ થોડા પ્રયત્નો દ્વારા આ દેશમાં શિક્ષણ પરત્વેની ઉદાસીનતા ધીરે ધીરે દૂર થઈ રહી હતી તેને ફરીથી ઘોર ઉદાસીનતામાં ધકેલી દેવાનો ખુલ્લંખુલ્લા પ્રયત્ન છે.

સામાજિક ન્યાય, સમાનતા અને પ્રબુદ્ધ ભારતના નિર્માણ માટે કટિબદ્ધ કે ચિંતિત દરેક કર્મશીલ માટે આ એક મોટી ચુનૌતી છે. તેની સામે એકઠા થઈ સરકારનાં આ પગલાંઓનો વિરોધ કરવા સાથે સાથે ખાનગીકરણની સમગ્ર પ્રક્રિયાનું પુનઃ મૂલ્યાંકન કરવું આજે ખૂબ જ જરૂરી બની રહ્યું છે, નહીં તો એ દિવસો બહુ દૂર નહીં હોય કે જ્યારે ફક્ત અત્યંત ધનવાન કુટુંબોના નબીરાઓ માટે શિક્ષણ અનામત બની જશે. કારણ કે આમેય હિંદુ સમાજમાં દલિતો, આદિવાસીઓ અને સ્ત્રીઓને ક્યારેય ભણવાનો અધિકાર ક્યાં આપવામાં આવ્યો છે?


દીપાવલીની શુભકામનાઓ
અને
નૂતનવર્ષાભિનંદન

# શિક્ષણ વ્યવસ્થાને વેગ આપવા માટે થયેલાં બે દૃષ્ટાંતરૂપ કાર્યો

'શૈશવ'ના નિયામકો અને કાર્યકરો સાથેની રૂબરૂ મુલાકાત તથા 'શેષ'ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ભાનુભાઈ મિસ્ત્રી સાથેની વાતચીત ઉપરથી **શ્રી સંજય દવે (ચરખા)**એ આ લેખ તૈયાર કર્યો છે.

**પ્રાસ્તાવિક**

ઔદ્યોગિક દૃષ્ટિએ સમૃદ્ધ ગણાતું ગુજરાત શિક્ષણ ક્ષેત્રે 'પછાત' છે તેમ કહેવામાં સહેજે અતિશયોક્તિ નથી. સરકારી આંકડા મુજબ ગુજરાતમાં શાળામાં દાખલ થયા પૈકીનાં પચાસ ટકા બાળકો પ્રાથમિક શિક્ષણ પણ પૂરું કરતાં નથી. શાળા છોડી દેતાં બાળકોના આ ઊંચા પ્રમાણ માટે બાળમજૂરીનું દૂષણ જવાબદાર છે. તેની સાથે સાથે આજની આપણી શિક્ષણ વ્યવસ્થા પણ તેટલી જ જવાબદાર છે. શિક્ષણમાં ક્યાંક કશુંક ખૂટે છે, બાળકને ભણતરનો બોજ વર્તાય છે, તેમાંથી તેને આનંદ મળતો નથી, પરિણામે બાળકો શાળા છોડી જાય છે અને તેમાંથી મોટા ભાગનાં બાળકો બાળમજૂરો બની જાય છે એવું બાળમજૂરી અંગેનાં અનેક સર્વેક્ષણો ઉપરથી પુરવાર થયું છે. વળી, બાળમજૂરી નાબૂદીનો પ્રશ્ન એ સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ સાથે અવિભાજ્ય રીતે સંકળાયેલો છે. દેશના બંધારણમાં અનુચ્છેદ-૪૫ મુજબ આઝાદી પછીનાં દશ વર્ષમાં જ સમગ્ર દેશમાં મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ લાવવાની ફરજ સરકાર ઉપર મૂકવામાં આવી હતી. ૧૯૬૧માં મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરવાની જવાબદારી ગુજરાત સરકારે સ્વીકારી છે. તેમ છતાં મોટા પ્રમાણમાં બાળકો પ્રાથમિક શિક્ષણથી એક કે બીજી રીતે આજે પણ વંચિત રહેતાં આવ્યાં છે. સાર્વત્રિક મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૬૧માં બન્યો હોવા છતાં હજુ આજ દિન સુધી એટલે કે ૩૮ વર્ષ પછી પણ તેને અમલમાં મૂકવામાં આવ્યો નથી.

આ સંજોગોમાં ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણની સ્થિતિ સુધારવા માટે ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ મથી રહી છે. નિરસ શિક્ષણને રસદાયક બનાવીને, બાળમજૂરોને શિક્ષણમાં જોતરીને અને શિક્ષણમાં પ્રવર્તતી ગેરરીતિઓ સામે લડત આપીને ગુજરાતમાં શિક્ષણની પરિસ્થિતિ સુધારવા માટે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે. પોતાના કાર્યવિસ્તારમાં પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધારવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સરાહનીય કામો થઈ રહ્યાં છે. તેમના અથાગ પરિશ્રમ અને સંઘર્ષના પરિણામ રૂપે જે તે કાર્યક્ષેત્રમાં શિક્ષણની સ્થિતિ નોંધપાત્ર રીતે સુધરી હોય એવાં અનેક દૃષ્ટાંતો મોજૂદ છે. તેમાંથી શિક્ષણને અસરકારક બનાવવા અને ગરીબ બાળકોનું ભણતર બચાવવા માટે થયેલાં બે અલગ અલગ નોંધપાત્ર કાર્યોની વાત અહીં રજૂ કરી છે:

**શિક્ષણમાં બાળકોની અભિરુચિ કેળવવાનો 'શૈશવ'નો પ્રયોગ**

બાળકો- ખાસ કરીને તકવંચિત બાળકો-ના ચારિત્ર્યનું ઘડતર થાય, શક્તિઓની વૃદ્ધિ થાય, બુદ્ધિનો વિકાસ થાય અને તેઓ આત્મનિર્ભર બને તેવી પ્રવૃત્તિઓ વિકસાવવાના હેતુ સાથે ભાવનગર શહેરમાં સ્વૈચ્છિક સંસ્થા 'શૈશવ' કાર્યરત છે. ભાવનગર શહેરમાં મુખ્યત્વે સિમેન્ટ, રસાયણો અને ખાતરોની ખાલી પ્લાસ્ટિકની થેલીઓ સાફ કરવાનું કામ કરતાં; હીરા અને બિસ્કીટ ફેક્ટરીઓમાં કામ કરતાં, પ્લાસ્ટિકનાં દોરડાં વણતાં, બાંધકામ મજૂરી સાથે સંકળાયેલાં તથા છૂટક મજૂરી કરતાં ૪૦૦થી વધુ બાળકો 'શૈશવ' દ્વારા ચાલતી પ્રવૃત્તિઓનો લાભ લે છે.

શહેરના જુદા જુદા વિસ્તારમાં ચાલતાં ચાર પ્રવૃત્તિ કેન્દ્રોમાં બાળકોને ભાષા, ગણિત, પર્યાવરણ વગેરે વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે. ઉપરાંત ચિત્ર, હસ્તકળા, ગીત, વાર્તા, અભિનય ગીતો, નાટક અને રમત-ગમત જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. બાળકોમાં શિક્ષણ પ્રત્યેની રુચિ વિકસે, વલણ કેળવાય, કુતૂહલ વધે અને આનંદ મળે તે રીતે પ્રવૃત્તિઓ યોજીને શિક્ષણ આપવામાં આવે છે. વળી, પ્રવૃત્તિ-કેન્દ્રોમાં આવતાં બાળકોને શાળામાં દાખલ થવા સતત પ્રોત્સાહન આપવામાં આવે છે તે આ કેન્દ્રોની નોંધપાત્ર બાબત છે.

બાળકનાં મા-બાપ સાથે સીધો સંપર્ક કેળવીને, તેઓને પણ બાળકના વિકાસ પ્રત્યે જાગૃત થવા અને રસ કેળવવા સમજાવવામાં આવે છે. જે તે વિસ્તારના સ્થાનિક આગેવાન અને લોકો સાથે ફળિયા મીટિંગો યોજીને બાળમજૂરીનાં દૂષણો અંગે અને શિક્ષણના મહત્ત્વ અંગે જાગૃતિ આણવાના પ્રયાસો 'શૈશવ' દ્વારા થઈ રહ્યા છે. પ્રવૃત્તિ કેન્દ્રોમાં શિક્ષણ મેળવવા માટે રસપ્રદ વાતાવરણ ઊભું કરીને છેલ્લાં ચાર વર્ષમાં કુલ ૫૫૯ બાળકોને શાળામાં દાખલ કરવામાં 'શૈશવ'ને સફળતા મળી છે. શાળામાં દાખલ થયેલાં ૫૫૯ બાળકોમાંથી ૫૫૧ બાળકો શાળામાં ટકી શક્યાં છે અને શિક્ષણ મેળવતાં થયાં છે, તે એક વધુ નોંધપાત્ર બાબત છે. શાળા પ્રવેશ માટે અને શાળામાં

પ્રવેશેલાં બાળકો શાળા છોડી ન જાય તે માટે બાળકોમાં શિક્ષણ પ્રત્યે રસ જગાવવો જરૂરી છે. તેથી 'શૈશવ' દ્વારા તે માટે નીચે મુજબના બે પ્રયોગો થયાઃ

**ભણતાં-ભણતાં રમીએ, રમતાં-રમતાં શીખીએ**

જાન્યુઆરી, ૧૯૯૫માં 'શૈશવ' દ્વારા ભાવનગર શહેરમાં કામ કરતાં બાળકોની વિગતો મેળવવા માટે સર્વેક્ષણ હાથ ધરાયું. સર્વેક્ષણ દરમ્યાન બાળકો સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે, બાળકોને ભણવું તો છે જ, મા-બાપ પણ બાળકોને ભણાવવા ઈચ્છે છે. પરંતુ નિરસ શિક્ષણ પદ્ધતિને કારણે તેઓ શાળા છોડી દે છે. સર્વેક્ષણનાં આ તારણોને ધ્યાનમાં રાખીને 'શૈશવ' સંસ્થાએ બાળકોને બોજવિહીન અને રસપ્રદ શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનું બીડું ઝડપ્યું. પ્રથમ પ્રયોગ રૂપે શહેરના કુંભારવાડા વિસ્તારમાં આવેલી મ્યુનિસિપલ શાળામાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની મંજૂરી લઈને વેકેશન શિબિર યોજવામાં આવ્યો.

'ભણતાં-ભણતાં રમીએ, રમતાં-રમતાં શીખીએ' એ શિબિરનું વિચારસૂત્ર હતું. અનેકવિધ પ્રવૃત્તિઓથી ભર્યો આ વેકેશન શિબિર બાળકો માટે આનંદોત્સવ બની રહ્યો! શિક્ષણમાં બાળકોની રુચિ કેળવવાના તે પ્રથમ પ્રયોગની સફળતા વિશે 'શૈશવ'ના નિયામકો ફાલ્ગુનભાઈ અને પારૂલબહેન કહે છે કે, "શિબિરના છેલ્લા દિવસે છૂટા પડતી વખતે બાળકોની આંખોમાં આંસુ હતાં! સૌથી તોફાની પ્રકાશ ચોધાર આંસુએ રડે! ધીર-ગંભીર અને શાંત ભાવેશ ડૂસકાં ભરે, રમતિયાળ બશીરા રડે. બાળકોનો ભાવપ્રેમ જોઈ અમે પણ ઢીલાં થઈ ગયાં હતાં. પણ એટલું જ કે રડી નહોતાં શકતાં. આખરે બાળકોએ અમને કહી દીધું કે, એમ કરોને હવે તમે જ કાયમ અમને ભણાવવા આવોને!" શિબિરના આવા સરસ અનુભવ ઉપરથી સંસ્થાને લાગ્યું કે, બાળકના ભણતરને આનંદોત્સવમાં પલટાવી દઈએ અને તેમને પ્રેમપૂર્વક શીખવીએ તો બાળક ક્યારેય શાળા છોડીને જતું નથી. આ વિચારને ધ્યાનમાં રાખી બાળકોની શિક્ષણ અને જીવન પ્રત્યેની રુચિ જન્માવવા તથા બાળકોને બાળમજૂર બનતા અટકાવવાના હેતુ સાથે ૧૯૯૬માં 'મલ્ટી-પરપઝ મોબાઈલ સ્કૂલ' (બહુહેતુક હરતી-ફરતી શાળા) નામે નવતર પ્રયોગ શરૂ કર્યો.



**શાળામાં પ્રાણ પૂરતી હરતી-ફરતી શાળા**

મોબાઈલ સ્કૂલ એટલે જેમ હરતી-ફરતી બેંક, હરતાં-ફરતાં પુસ્તકાલયો હોય તેવી જ રીતે હરતી-ફરતી શાળા. શાળા અને બાળક વચ્ચે, શિક્ષકો અને બાળકો વચ્ચે તથા વાલીઓ અને શિક્ષકો વચ્ચે એક સેતુ રચાય તે હેતુથી 'મોબાઈલ સ્કૂલ' શરૂ કરવામાં આવી છે. મોબાઈલ સ્કૂલ એટલે સમાંતર ચાલતી શાળા તો નહીં જ પરંતુ શાળાઓ હકીકતમાં શાળા બને તેવી 'કેટલાક સમય' માટેની વ્યવસ્થા. બાળકોને શાળા પોતાની લાગે, શિક્ષણ વ્યવહારુ લાગે અને બાળકોના શાળા છોડી જવાના પ્રમાણમાં ઘટાડો થાય તે માટે મોબાઈલ સ્કૂલ કાર્યરત છે. સનગ્રેસ મફતલાલ ગ્રુપ તરફથી કંપનીની એક જૂની વાન મોબાઈલ સ્કૂલ ચલાવવા માટે 'શૈશવ'ને આપવામાં આવી છે.

વાનની સીટો કાઢીને તેની જગ્યાએ કબાટ બનાવાયાં. કબાટના દરવાજા ફોલ્ડિંગ હોવાથી તેમનો નોટિસ બૉર્ડ કે બ્લેક બૉર્ડ તરીકે પણ ઉપયોગ કરવામાં આવે છે. વાનની બહારના ભાગમાં એલ્યુમિનિયમની પટ્ટીઓ લગાવીને તેના ઉપર પ્રદર્શન ગોઠવી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. બાળકોના અર્થપ્રદ, રસપ્રદ અને હેતુલક્ષી શિક્ષણ માટે જુદાં જુદાં શૈક્ષણિક સાધનો, વિજ્ઞાનના પ્રયોગોનાં

સાધનો, જ્ઞાનવર્ધક પુસ્તકો, બૌદ્ધિક વિકાસની રમતો, રમકડાં અને દૃશ્ય-શ્રાવ્ય સાધનો રાખવામાં આવ્યાં છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની મંજૂરી મેળવી ૧૯૯૬માં પાંચમી ઑક્ટોબરે મૂર્ધન્ય કેળવણીકાર શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી થીરૂ પુગલના સાંનિધ્યમાં 'મલ્ટી-પરપઝ મોબાઈલ સ્કૂલ' કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની નવ શાળાઓમાં 'શૈશવ' દ્વારા પછાત વિસ્તારમાં ચાલતાં ત્રણ કેન્દ્રો ઉપર મોબાઈલ સ્કૂલ દર અઠવાડિયે પહોંચી જાય છે. દર અઠવાડિયે સોમથી શુક્રવાર સુધી વિસ્તારદીઠ બેથી અઢી કલાકનો સમય ફાળવવામાં આવે છે. અગાઉથી આયોજન કરી જુદા જુદા વર્ગોમાં જુદી જુદી પ્રવૃત્તિઓ દ્વારા અભ્યાસને લગતું અને અન્ય શિક્ષણ આપવામાં આવે છે. ક્યાંક ભાષા શીખવાય તો ક્યાંક વિજ્ઞાનના પ્રયોગો ચાલે, ક્યાંક બાળકો રમકડાં રમે તો બીજાં પ્રદર્શનો નિહાળે, કેટલાંક બાળકો પુસ્તકો વાંચવામાં મશગૂલ થઈ જાય. બાળકો દર અઠવાડિયે પોતાને ત્યાં મોબાઈલ સ્કૂલ નિયત સમયે આવે તેની રાહ જોઈને બેઠાં હોય છે. મા-બાપ પણ પોતાનાં સંતાનોની ભણવાની હોંશ જોઈને સંતોષ અને આનંદની લાગણી અનુભવવા લાગ્યાં છે એ જ આ મોબાઈલ સ્કૂલ કાર્યક્રમની સૌથી મોટી સિદ્ધિ છે તેમ કહી શકાય. મોબાઈલ સ્કૂલ સાથે 'શૈશવ'ના કાર્યકરોની ટીમ સદા બાળકોને મળવા તત્પર રહે છે. ભાવનગરની મ્યુનિસિપલ શાળાઓ અને પછાત વિસ્તારનાં બાળકો મળીને બાર હજારથી વધુ બાળકોએ મોબાઈલ સ્કૂલની સંગત માણી છે.

બાળ-પ્રવૃત્તિમાં રસ ધરાવનાર લોકો, સંસ્થાઓ, સરકારી અધિકારીઓ અને મોચીથી માંડી ડૉક્ટર, વાળંદથી લઈને વકીલ સુધીના જુદા જુદા વ્યવસાયીઓને સાંકળી સમાજને શાળા તરફ દોરવામાં મોબાઈલ સ્કૂલ કાર્યક્રમે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ કાર્યક્રમ હેઠળ શાળા અને સમાજ વચ્ચે સંવાદ ઊભો કરવા માટે પ્રયાસ થઈ રહ્યો છે. શાળામાં પ્રવેશ મેળવવા ઈચ્છતાં બાળકોને જન્મ તારીખના દાખલા વગર શાળા પ્રવેશ મળતો નહીં, તેથી વાલીઓ બાળકોને શાળાએ મૂકવાનું ટાળતા. 'શૈશવ' દ્વારા સરકાર ઉપર દબાણ લાવીને ત્યાંનાં ૨૩૯ બાળકોને સમજાવીને શાળામાં પ્રવેશ અપાવાયો હતો. આમ, મોબાઈલ સ્કૂલ કાર્યક્રમ માત્ર શાળાઓનો જ કાર્યક્રમ ન બની રહેતાં લોકો માટેનો કાર્યક્રમ બની રહ્યો છે તે એક નોંધપાત્ર વાત છે.

કાર્યક્રમની ટીમ જ્યારે નિયત સમય મુજબ મ્યુનિસિપલ શાળામાં પહોંચે ત્યારે ઉત્સાહપૂર્વક રાહ જોઈ રહેલાં શિક્ષકો અને બાળકો તેમની પ્રવૃત્તિને ઉમળકાભેર વધાવી લે છે. ભાવનગર મ્યુનિસિપલ શાળાના શિક્ષકો મોબાઈલ સ્કૂલ કાર્યક્રમની જરૂરિયાત વિશે વાત કરતાં જણાવે છે કે, "અમારી મર્યાદાઓ અને શૈક્ષણિક સાધનોના અભાવને કારણે અમે બાળકોને જ્ઞાન સાથે ગમ્મત નથી આપી શકતા, તેથી આવી પ્રવૃત્તિઓ થાય અને બાળકો આનંદ સાથે શિક્ષણ મેળવે એ અમને ખૂબ ગમે છે." છેલ્લાં ત્રણ વર્ષમાં ભાવનગરની ૧૦ મ્યુનિસિપલ શાળાઓ અને 'શૈશવ' દ્વારા સંચાલિત ચાર બાલકેન્દ્રો ઉપર મોબાઈલ સ્કૂલ કાર્યક્રમ હેઠળ શિક્ષણ સાથે બાળવિકાસની પ્રવૃત્તિઓ થઈ છે. આજે જ્યારે દેશમાં દર ચાર બાળકમાંથી એક બાળક બાળમજૂરી તરફ વળે છે ત્યારે બાળકને શિક્ષણમાં અભિરુચિ જન્મે તે માટે 'શૈશવ' દ્વારા સંચાલિત ચાર બાલકેન્દ્રો દ્વારા નોંધપાત્ર પ્રવૃત્તિઓ થઈ રહી છે.

### શિક્ષણ બચાવવા માટે 'શેષ'ની સફળ લડત

કણભા એટલે અમદાવાદથી પૂર્વમાં ૧૮ કિમી દૂર મુખ્ય રસ્તા ઉપર ૪૮૦૦ની વસ્તી ધરાવતું દસક્રોઈ તાલુકાનું ગામ. ગામમાં જિલ્લા પંચાયત સંચાલિત ૧થી ૭ ધોરણ સુધીની પ્રાથમિક શાળા ઘણાં વર્ષોથી ચાલે છે. તેમાં ૫૫૦ છોકરાં-છોકરીઓ હાલ ભણી રહ્યાં છે. સાતમા ધોરણ પછી માધ્યમિક શિક્ષણ માટે તેઓ ગામના સાર્વજનિક વિદ્યાલયમાં પ્રવેશ મેળવતાં. ૮થી ૧૦ ધોરણ સુધીની સુવિધા ધરાવતી આ શાળા ૧૯૬૫થી એક સાર્વત્રિક ટ્રસ્ટ દ્વારા ચાલતી હતી. 'ધર્મશાળા' તરીકે ઓળખાતું પંચાયતની માલિકીનું મકાન ગ્રામ પંચાયત તરફથી માત્ર એક રૂપિયાના ટોકન ભાડાથી ટ્રસ્ટને વાપરવા માટે આપવામાં આવ્યું હતું.

કણભાની આસપાસનાં ત્રણ ગામોના વિદ્યાર્થીઓ આ માધ્યમિક શાળામાં ભણવા આવે છે. દરેક ધોરણના બે વર્ગો છે. તેમાં કુલ ૨૮૯ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગનાં બાળકો અહીં શિક્ષણ લેવા આવે છે. જો કે, સુખી અને સાધનસંપન્ન વર્ગનાં બાળકો કણભાથી રોજ ઓઢવ સુધી પણ ભણવા જાય છે કે પછી શહેરમાં સ્થળાંતર કરી દે છે.

#### નવા મકાનમાં હાજર થવાનો અજબ ફતવો

જુન, ૧૯૯૪માં શાળા સંચાલક મંડળ તરફથી વિદ્યાર્થીઓને પરિણામની સાથે સાથે અચાનક શાળા છોડ્યાનાં પ્રમાણપત્રો પણ આપી દેવામાં આવ્યાં. નવા વર્ષથી શાળા ઓઢવ ખાતે ખસેડવામાં આવી છે એવું જાહેર કરી દેવામાં આવ્યું. શિક્ષકોને પણ નવા વર્ષથી ઓઢવના નવા મકાનમાં હાજર થવાનું ફરમાન કરવામાં આવ્યું.

ગામના તે વખતના સરપંચ ઘનશ્યામભાઈનાં પત્ની તે શાળામાં શિક્ષિકા હતાં. તેમણે શાળા ઓઢવ ખાતે ખસેડવાનું કારણ જાણવા પ્રયાસ કર્યો. વાત જાણવા મળી કે "શાળાનું બાંધકામ નબળું છે,

મકાન ગમે ત્યારે પડી જાય એમ છે. પંચાયત તરફથી કોઈ જ સમારકામ થતું ન હોવાથી સંચાલક મંડળે શાળા ખસેડી ઓઢવ લઈ જવાનું નક્કી કર્યું છે તથા તે અંગે જરૂરી પરવાનગી પણ મેળવી લેવામાં આવી છે. બધું જ કાયદેસર છે."

આ આશ્ચર્યજનક સમાચાર હતા. બધું એટલું છાનું-છપનું પતી ગયું કે ગામને એની ગંધ સરખી પણ ન આવી. શાળાના સંચાલક મંડળે ગામને જાણ કરવાની દરકાર પણ ન કરી. એકાએક આવું બને ત્યારે શું પગલાં લેવાં તે ઘડીભર તો સૂઝ જ ના પડે. એમાંય વેકેશનનો સમય. છતાંય ગામના સરપંચ ઘનશ્યામભાઈ અને સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થા 'શેષ'ના કાર્યકરોએ ગ્રામજનોને એકત્ર કરી ચર્ચા આરંભી. ચર્ચાના અંતે શાળા સંચાલકોની મેલી મુરાદનો ખ્યાલ આવ્યો.

વાત એમ હતી કે, ૧૯૯૪માં મોટાં શહેરોમાં નવી શાળાઓ શરૂ કરવા માધ્યમિક શિક્ષણ બૉર્ડની મંજૂરી મળતી નહોતી. તેથી ગ્રામીણ વિસ્તારની ચાલુ માન્ય શાળાઓને એક યા બીજા બહાને શહેરમાં ખસેડવાની પેરવી ચાલતી હતી. શાળાને ઓઢવમાં ખસેડ્યા પછી ધોરણ ૮થી ૧૦ સુધીની શાળાને અગિયાર અને બારમા ધોરણના વર્ગોની પણ મંજૂરી મળે એટલે શિક્ષકોની ભરતીમાં લાખો રૂપિયા કમાઈ લેવાની પણ શાળા સંચાલકોની ગણતરી હતી. તે વર્ષે ૮૦ જેટલી શાળાઓ ખસેડવાની અરજીઓ બૉર્ડમાં આવેલી. કણભાની સાર્વજનિક વિદ્યાલય પણ તેમાંની એક હતી એવી ગ્રામજનોને પ્રતીતિ થઈ.

**ગ્રામજનોએ અદાલતનાં દ્વાર ખખડાવ્યાં**

સંચાલક મંડળના મલીન ઇરાદાઓનો પર્દાફાશ થયા પછી ગ્રામજનોએ વડી અદાલતમાં જવાનું નક્કી કર્યું. શાળાને ગામમાંથી ખસેડવા સામે ગ્રામજનોએ હાઇકોર્ટમાં એક રિટ પિટિશન દાખલ કરી. સાથે સાથે વિદ્યાર્થીઓ અને વાલીઓની બનેલી એક લડત સમિતિની રચના કરવામાં આવી. ગ્રામજનોમાં શાળાના સ્થળાંતરના પ્રશ્ને જાગૃતિ આણવામાં આવી. ગ્રામજનો દ્વારા સર્વાનુમતે ગામના સરપંચ ઘનશ્યામભાઈને સમિતિનું નેતૃત્વ સોંપાયું. રણનીતિના ભાગરૂપે 'સમૂહ વિકાસ ટ્રસ્ટ' નામનું એક સાર્વજનિક ટ્રસ્ટ માત્ર શૈક્ષણિક સંસ્થા ચલાવવાના હેતુને ધ્યાનમાં લઈ રજિસ્ટર્ડ કરાવાયું. ટ્રસ્ટમાં ગામના જ આગેવાનોને જોડ્યા અને અદાલત સમક્ષ શાળા સંચાલન નવા ટ્રસ્ટને સોંપવા દાદ માંગી.

શાળાના સંચાલક મંડળે પોતાના ઈરાદાઓના બચાવ માટે અદાલતમાં ઘણી દલીલો કરી. શાળાનું મકાન સારી હાલતમાં નથી; નવી જગ્યાએ શાળા ખસેડીશું, ત્યાં વિદ્યાર્થીઓને લાવવા લઈ જવા મફત બસ સર્વિસ પૂરી પાડીશું વગેરે. આ દલીલોનો પ્રતિકાર કરવા સામાજિક દૃષ્ટિબિંદુ ધરાવતી પ્રતિદલીલો કરવી ગ્રામજનો માટે ખૂબ જરૂરી હતી. તેની જવાબદારી સંભાળી ગ્રામજનોના વકીલ તરીકે કેસ લડી રહેલા લોક અધિકાર સંઘના શ્રી ગિરીશભાઈ પટેલે. તેમણે કહ્યું: સંચાલક મંડળે આટલાં વર્ષો સુધી પંચાયતને શાળાના મકાનની ખરાબ હાલત અંગે કોઈ ફરિયાદ કરી છે ખરી? શાળાનું મકાન ઠીક નહોતું તો સંચાલક મંડળે એમાં એક પણ રૂપિયાનો ખર્ચ કર્યો છે ખરો? જો આગળ ભણવાની સગવડ ગામમાંથી ઝૂંટવી લેવામાં આવશે તો આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ શિક્ષણની તકથી વંચિત રહી જશે. ગરીબ વર્ગની બહેનોએ ભણવાનું છોડવું પડશે એ સૌથી મોટું નુકસાન છે. વળી, ગ્રામીણ પ્રદેશનાં બાળકો શહેરમાં ભણવા જશે તો એમના સાંસ્કૃતિક માહોલમાં પણ મોટું પરિવર્તન આવશે, બાળકો લઘુતાગ્રંથિ અનુભવશે અને ભણવાનું છોડી દેશે.

રોજ શાળાએ જવા-આવવામાં આ ખેડૂતપુત્રોને બેથી ત્રણ કલાક જેટલો સમય લાગશે અને શાળાએ જવા-આવવામાં વધારાનો આર્થિક ખર્ચ ઉપાડવો પડશે એ તો નફામાં! ગ્રામજનોની મુખ્ય દલીલ એ પણ હતી કે, શહેરના પૂર્વમાં જે શાળાઓ છે તેમાં વિદ્યાર્થીઓ ખૂબ છે ત્યારે કણભાથી ખસેડીને ઓઢવમાં શરૂ થતી શાળા માટે વિદ્યાર્થીઓ ક્યાંથી આવશે? નવા બનેલા ટ્રસ્ટને શાળાનો વહીવટ સોંપવાની માગણી કરવામાં આવી. ગામલોકો અને પંચાયત મળીને બીસ્માર મકાનને રિપેર કરાવી વાપરવા લાયક કરશે એવી ખાતરી પણ આપવામાં આવી.

**સત્યનો આખરે વિજય થયો**

બધી દલીલો સાંભળ્યા પછી સ્થળ તપાસ માટે નામદાર કૉર્ટ દ્વારા કમિશન નીમવામાં આવ્યું. કમિશન અહેવાલ ન આપે ત્યાં સુધી શાળા જે સ્થળે છે તે જ સ્થળે ચાલુ રાખવાનો કૉર્ટે હુકમ કર્યો. જાણીતા કેળવણીકાર શ્રી યશવન્તભાઈ શુક્લની અધ્યક્ષતામાં નીમાયેલા કમિશને સ્થળ તપાસ પછી ગ્રામજનોની તરફેણમાં અહેવાલ આપ્યો. તેથી 'સ્ટે' કાયમી થયો. થોડા સમય પછી 'સમૂહ વિકાસ ટ્રસ્ટ' તરફથી શાળાનો વહીવટ સંભાળી લેવામાં આવ્યો. આખરે શાળા ગામમાં જ રહી. આ આખીયે લડતમાં ગ્રામજનોની ભાગીદારી નોંધપાત્ર હતી. 'શેષ' દ્વારા ગામ લોકોને સાથે લઈને ગ્રામજનોના હિતમાં લડાયેલી આ વ્યૂહાત્મક લડતને દાદ દેવી પડે. શાળા બચાવની આ લડતથી શાળાનું સ્થળાંતર તો અટક્યું જ પણ સાથે સાથે ગ્રામજનોનું દૃષ્ટિબિંદુ વ્યાપક બન્યું. ગ્રામજનોમાં ગામ અને સમાજના વિકાસ માટેના સંઘર્ષનું મહત્ત્વ સમજાયું. જૂની શાળાને બદલે આજે ગામમાં

**જુઓ પૃષ્ઠ ૧૧**

# નૂતન સહસ્ત્રાબ્દીમાં સુશાસન અંગે નાગરિક સમાજની દૃષ્ટિ

'નૂતન સહસ્ત્રાબ્દીમાં નાગરિક સમાજ' અંગેનો એક અભ્યાસ 'સિવિક્સ' (વોશિંગ્ટન) સાથેના સહયોગમાં 'ધ કોમનવેલ્થ ફાઉન્ડેશન' દ્વારા હાથ ધરાયો છે. તેમાં રાજ્ય અને તેના નાગરિકો વચ્ચેના સંબંધો તપાસાયા છે. કોમનવેલ્થના ૪૭ દેશોમાં ૧૮ માસના ગાળા દરમ્યાન આ અભ્યાસ હાથ ધરાયો છે. ભારતમાં ૧૨ રાજ્યોના ૧૯ વિસ્તારોમાં તે હાથ ધરાયો. 'પ્રિયા'એ તેનું સંકલન કર્યું અને આઠ સ્વૈચ્છિક સંસ્થાઓએ તે હાથ ધર્યો. આ લેખ 'ઉન્નતિ'નાં **સુશ્રી એલિસ મોરિસે** ઉપરોક્ત અભ્યાસમાંથી તૈયાર કર્યો છે.

### પ્રસ્તાવના

નાગરિકો અને તેમનાં સામૂહિક કાર્યો આપણા સમાજના પાયાના તાણાવાણા છે. વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે તેઓ સમુદાય અને સમાજને સુધારવા માટે કામ કરે છે. લોક આંદોલન, મજૂર મંડળ જેવી સંસ્થાઓ, લોકોનાં જૂથો અને સમુદાય આધારિત સંગઠનો જેવાં વિવિધ સ્વરૂપોમાં એ ઉપસી આવે છે. તેના હેતુની પરિપૂર્તિ માટે બેકારી, નિરક્ષરતા, ગરીબી અને સામાજિક અન્યાયના નિવારણ અર્થે તેઓ વિવિધ પ્રવૃત્તિઓ કરે છે કે જેથી સમાજની સામાજિક-આર્થિક સ્થિતિ સુધરી શકે.

છેલ્લા દાયકા દરમ્યાન ભારતના વિકાસના પરિવેશમાં અનેક પરિવર્તનો આવ્યાં છે. ૧૯૯૧માં ભારતે માળખાગત ગોઠવણ કાર્યક્રમ (સ્ટ્રક્ચરલ એડજસ્ટમેન્ટ પ્રોગ્રામ-એસએપી) સ્વીકાર્યો અને નવી બજારમિત્ર અર્થતંત્રની વ્યવસ્થા સ્વીકારી. ઔદ્યોગિકીકરણ અને ઉદારીકરણના સંદર્ભમાં આર્થિક વિકાસ માટે ઉદ્યોગો અને ખાનગી સાહસોને અંકુશમુક્ત કરવામાં આવ્યા છે. એને ટેકો આપવા માટેની નીતિઓ ઘડવામાં આવી છે. ભારતને વિશ્વના અર્થતંત્રમાં ચાવીરૂપ કર્તા તરીકે પ્રસ્થાપવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ નીતિઓની બહુમતી નાગરિકો ઉપર અને ખાસ કરીને ગરીબો તથા સમાજના નબળા વર્ગોનાં જીવન અને જીવનનિર્વાહ ઉપર વિપરીત અસર પડે છે. વૈશ્વિક પરિબળો રાષ્ટ્રીય સ્તરે કામ કરે છે ત્યારે નાગરિકોને તેમની નિયતિને આકાર આપવામાં સહભાગી થવાનો અધિકાર છે એ વાત પણ વધુ ને વધુ સ્વીકારવામાં આવી રહી છે. ૭૩મા અને ૭૪મા બંધારણીય સુધારાએ અનુક્રમે ગ્રામ વિસ્તારોમાં પંચાયતી રાજ સંસ્થાઓ અને શહેરી વિસ્તારોમાં મ્યુનિસિપાલિટીઓમાં સત્તાની સોંપણી કરી છે. લોકશાહીને સ્થાનિક સ્તર સુધી લઈ જવામાં આને પ્રથમ પગલા તરીકે જોવામાં આવે છે. જો કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સત્તાની સોંપણી અત્યંત ધીમી ગતિએ થઈ રહી છે.

છેલ્લા દાયકામાં નાગરિકોનાં અસંતોષ અને અસંમતિ વ્યક્ત થાય એવા અનેક પ્રસંગો આપણે જોયા છે. જે પ્રક્રિયા તેમની જિંદગીને અસર કરે છે તેના પ્રત્યે તેઓ અસંતોષ ધરાવે છે. વૈશ્વિકીકરણ, બજારલક્ષી અર્થતંત્ર અને સ્પર્ધા જેવાં પરિબળોથી ઊભા થતા ખતરાઓએ સામાન્ય નાગરિકોને અસલામત બનાવ્યા છે અને વિકાસની પ્રક્રિયામાં અલગ પાડી દીધા છે. રાજકીય અનિશ્ચિતતા અને અલ્પજીવી સરકારોએ નાગરિકોનાં દુઃખો વધાર્યાં છે. વારંવાર આવતી ચૂંટણીઓએ નાગરિકોનો દરજ્જો માત્ર મતદારોનો કરી નાખ્યો છે.

ભારતનું અર્થતંત્ર અને ભારતનો સમાજ ઊંચા જીવનધોરણવાળો, સહનશીલ અને સંવેદનશીલ તથા મજબૂત નાગરિક સમાજવાળો બને તેવી રાજકીય સંસ્થાઓ નથી એવી નિરાશા અને હતાશાની લાગણી પ્રસરી રહી છે. સરકાર ગુણવત્તાયુક્ત સેવાઓ આપે એવું તેના પર દબાણ છે. સંસાધનો મર્યાદિત છે અને તે નાગરિક સમાજની માગણીઓ અને અપેક્ષાઓ મુજબ પ્રતિભાવ આપી શકે તેમ નથી. આ સંદર્ભમાં વિકાસના ક્ષેત્રે નવા કર્તાઓ ઊભા થયા છે. એ છે સ્વૈચ્છિક સંસ્થાઓ, મહિલાઓનાં સંગઠનો, સહકારી મંડળીઓ, સ્વસહાય જૂથો અને નાગરિક સમાજનાં સંગઠનોનાં અન્ય સ્વરૂપો. આ સંગઠનો વધારે પ્રમાણમાં દેખાય છે અને તેઓ વિકાસલક્ષી પ્રવૃત્તિ માટે સંસાધનો પણ ઊભાં કરી શક્યાં છે. વિવિધ દેશોમાં નાગરિક સમાજની તાકાત જુદી જુદી છે. ભારતમાં સરકારની ભૂમિકા સંકોચાઈ રહી છે અને બજાર તથા નાગરિક સમાજની ભૂમિકા વધી રહી છે. નૂતન સહસ્રાબ્દીના આરંભે નાગરિકોનાં આશા-અપેક્ષાઓ વાસ્તવિક બને એવો અવકાશ છે અથવા રાજકીય પક્ષો અને સંસ્થાઓ તેમને છેહ દે એવી શક્યતાઓ પણ છે. આ તબક્કે યોગ્ય પગલાં લેવા માટે તેમના અવાજને સાંભળવો એ મહત્ત્વનું છે.

### નાગરિકોનું કર્તૃત્વ

દિલ્લીમાં તા. ૩-૪ માર્ચ, ૧૯૯૯ દરમ્યાન યોજાયેલી એક બેઠકમાં થયેલી ચર્ચાને આધારે અહીં આ મંતવ્યો જણાવ્યાં છે. દેશના ૧૯ જેટલા વિસ્તારોમાં થયેલા અભ્યાસ બાદ 'નૂતન સહસ્રાબ્દીમાં નાગરિક સમાજઃ નાગરિકોના કતૃત્વની પ્રબળતા' શીર્ષક હેઠળ જે તારણો

રજૂ થયાં તેનો અહીં નીચોડ અપાયો છે.

આ અભ્યાસમાં ત્રણ પાયાના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતાઃ

૧. સારા સમાજ વિશે તમારો મત શો છે? આજે કેટલે અંશે આવો સમાજ અસ્તિત્વ ધરાવે છે?
૨. આવા સારા સમાજમાં નાગરિકોએ કઈ ભૂમિકાઓ ભજવવાની હોય અને રાજ્યની સંસ્થાઓએ તથા અન્ય ક્ષેત્રોએ કઈ ભૂમિકાઓ ભજવવાની હોય?
૩. ભવિષ્યમાં આવો સમાજ ઊભો કરવા નાગરિકો તેમની ભૂમિકાઓ વધારે અસરકારક ભજવવા કેવી રીતે સક્ષમ બને?

૨૦૦૦ કરતાં વધુ નાગરિકોએ તેમનો મત વ્યક્ત કર્યો છે. સમાજના વિવિધ વર્ગોમાંથી આ પ્રશ્નો અંગેના પ્રતિભાવ મેળવવામાં આવ્યા છે. તેમાં ઓરિસ્સાની મહિલાઓ, આસામ અને નાગાલેન્ડનાં કુટુંબો, દિલ્લીના યુવાનો, બિહારના સંથાલ આદિવાસીઓ, કેરળના માછીમારો, મુંબઈના ઝૂંપડાવાસીઓ, અમદાવાદના કામદારો, ઉત્તર પ્રદેશના કિસાનો, હરિયાણા અને કચ્છના કિસાનો તથા હરિયાણાના નાના વેપારીઓનો સમાવેશ થાય છે. વળી, આ લોકો વચ્ચે કામ કરતાં સંગઠનો અને જૂથોના નેતાઓ, ચૂંટાયેલા નેતાઓ, અગ્રણી સ્વૈચ્છિક સંસ્થાઓના નેતાઓ, સરકારી અધિકારીઓ અને પત્રકારોનાં મંતવ્યો પણ એકત્ર કરાયાં છે કે જેઓ આ જૂથોની સમસ્યાઓને સમજે છે.

આ અભ્યાસને આધારે ભારતના નાગરિકો માટે 'સારું જીવન' એટલે શું તેની વ્યાખ્યા નીચે મુજબ બંધાઈ છેઃ

૧. તેમાં આર્થિક સલામતીનો સમાવેશ થાય છે. તે સંસાધનો અને રોજગારીને આવરી લે છે.
૨. આરોગ્ય સંભાળ, પાણી, સફાઈ, પરિવહન અને સંચાર જેવી પાયાની સેવાઓની પ્રાપ્તિનો તેમાં સમાવેશ થાય છે.
૩. ઊંચી ગુણવત્તાવાળા પાયાના શિક્ષણ સાથેનો સામાજિક ન્યાય.
૪. ઘરમાં અને ઘરની બહાર કુટુંબ માટે બાળકો અને સ્ત્રીઓની શારીરિક સલામતીનો તેમાં સમાવેશ થાય છે.
૫. પ્રતિભાવાત્મક સરકારનો તેમાં સમાવેશ થાય છે કે જે નાગરિકોને સાંભળે છે અને તેમની સાથે ચર્ચા કરે છે અને સરકાર નિયમિતપણે તેમાં નાગરિકો પ્રત્યે ઉત્તરદાયી હોય છે.

### નાગરિકોનું સ્વપ્ન જગત

સારા જીવન વિશેનું ભારતના નાગરિકોનું સ્વપ્ન નીચે મુજબ છેઃ
"પીવાનું પાણી અને સિંચાઈ માટેનું પાણી, અમારાં બાળકો માટે શાળા, રોજગારી અને દુકાળ દરમ્યાનના ખર્ચાને પહોંચી વળવા માટે ધિરાણ..."

"એવો સમાજ કે જેમાં કોઈ ભૂખે ના મરે, કામ મેળવવા કોઈને અહીંતહીં ભટકવું ના પડે, પાણી, વીજળી અને આરોગ્યની પાયાની જરૂરિયાતો પરિપૂર્ણ થઈ હોય અને દહેજ જેવાં સામાજિક દૂષણો ના હોય કે મહિલાઓને વધુ સ્વતંત્રતા કે સહભાગિતા મળ્યાં હોય..." (કેરળના એક માછીમાર)

"સારા સમાજમાં અસમાનતા ના હોય, ભ્રાતૃત્વની ભાવના હોય. લોકો પરસ્પર એકતાથી કામ કરતા હોય... શોષણ ના હોય... પોતાનો જીવનનિર્વાહ આસાનીથી ચલાવી શકતા હોય... સૌને ન્યાય હોય..." (મધ્ય પ્રદેશના એક આદિવાસી)

"ઝૂંપડપટ્ટીમાં મારાં ૧૫ વર્ષ વીત્યાં છે... પણ મારાં બાળકોને સારો આશ્રય મળવો જોઈએ કે જેથી તેઓ શાળાએ જઈ શકે..." (મુંબઈની એક ઝૂંપડાવાસી સ્ત્રી)

"બધાનો... નીચલી જ્ઞાતિના લોકોનો પણ સમાજ અને સરકારનાં કાર્યોમાં અવાજ હોવો જોઈએ..." (આસામના એક સરકારી અધિકારી)

"પાયાની જરૂરિયાતોની પૂર્તિ, સારું શિક્ષણ અને આરોગ્ય, ઉત્પાદક ખેતી-પશુપાલન, આવકની સલામતી અને સંતોષ સારા જીવનનાં ઘટક તત્ત્વો છે." (ઉત્તર પ્રદેશના પર્વતીય વિસ્તારોના એક નેતા)

### વાસ્તવિક પરિસ્થિતિ

જો કે, ભારતમાં આ સ્વપ્ન અને વાસ્તવિકતા વચ્ચે ભારે અંતર છે. આર્થિક, સામાજિક અને ભૌતિક અસલામતી વ્યાપક છે અને તમામ નાગરિકો વધારે અક્ષમતા ધરાવે છે. નાગરિકોને સરકારમાં વિશ્વાસ નથી. પાણી, આરોગ્ય, શિક્ષણ વગેરે જેવી પાયાની સવલતો પ્રાપ્ય નથી. બજાર, ધિરાણ અને સંચાર જેવી પાયાની માળખાગત સગવડો તેમને મળતી નથી. નાગરિકોને પોલિસ અને ન્યાયતંત્ર જેવી સરકારી સંસ્થાઓમાં પણ વિશ્વાસ નથી. પોલિસ સામાન્ય નાગરિકોને કનડે છે. ન્યાયતંત્ર ગરીબો અને નબળા વર્ગોને ન્યાય આપતું નથી અને ધનવાનો તથા તાકતવર લોકોને રક્ષણ આપે છે. સરકારી કર્મચારીઓ ભ્રષ્ટ અને સ્વાર્થી છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ ચૂંટણી પત્યા બાદ નાગરિકોને ભૂલી જાય છે.

"સરકાર અમારાથી ઘણી દૂર છે અને અધિકારીઓ અમારા ગામની મુલાકાત લેતા નથી, અને અમે જ્યારે તેમને મળવા જઈએ છીએ ત્યારે, તેઓ અમને મળતા નથી... આવી સરકાર કેવી રીતે અમારા ભલા માટે કામ કરી શકે અને અમારી જરૂરિયાતો પરિપૂર્ણ કરી શકે?" (મધ્ય પ્રદેશના એક ગુજ્જર)

"નબળી સરકાર અને જાહેર જીવનનો ભ્રષ્ટાચાર આપણા સામાજિક તાણાવાણાને છિન્નભિન્ન કરે છે..." (ઓરિસ્સાના એક તબીબ)

"ભારે બોજ ઊંચકવામાં કોઈને આનંદ આવતો નથી પરંતુ અમારી પાસે કોઈ વિકલ્પ નથી, અમારું પેટ ભરવા અમે એ કરીએ છીએ..." (હિમાચલ પ્રદેશના એક મજૂર)

"જીવન, જીવનનિર્વાહ અને આવાસની જ્યાં બાંયધરી ના હોય એ તે વળી કેવા પ્રકારનો સમાજ છે? જ્યાં લોકોનો અવાજ સંભળાતો નથી એને સારો સમાજ કહી શકાય નહિ." (કચ્છના એક કિસાન)

"સરકારી અધિકારીઓને લોકોના પ્રશ્નોની કંઈ પડી નથી..." (રાજસ્થાનના રણ વિસ્તારના એક ગરીબ ખેડૂત)

"ગરીબોનાં માઈ-બાપ કોઈ નથી અને ભ્રષ્ટાચારે ગુનાખોરીને જન્મ આપ્યો છે..." (ભોપાલનો એક યુવાન)

**રાજ્યની ભૂમિકા**

નાગરિકો તેમનાં સપનાં સાકાર કરવા માટે સરકાર અને નેતાઓ પાસેથી વધારે અપેક્ષાઓ રાખે છે. સરકાર પાણી, આરોગ્ય, શિક્ષણ અને રોજગારી જેવી પાયાની સવલતો પૂરી પાડે એમ તેઓ ઈચ્છે છે. સરકાર કાયદાઓ અને નીતિઓનો અમલ કરે અને એ રીતે સમાજનું રક્ષણ કરે, અને નાગરિકોનાં તથા ખાસ કરીને સમાજના નબળા વર્ગો અને સ્ત્રીઓનાં જીવન અને જીવનનિર્વાહને ટેકો આપે એમ તેઓ ઈચ્છે છે. રાજ્યે અસરકારક શાસન ઊભું થાય, નાગરિકોની ભાગીદારી અને માલિકોની ભાવના વધે એવું વાતાવરણ ઊભું કરવું જોઈએ એમ તેઓ કહે છે.

"રાજ્યે ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે કારણ કે મોટા ભાગના લોકો નિરક્ષર છે, ઘણા લોકો ગ્રામ વિસ્તારોમાં રહે છે અને તેમની પાસે સંસાધનો નથી..." (મહારાષ્ટ્રના એક સરકારી અધિકારી)

"કાર્યક્ષમ સેવાઓ અને લોકતાંત્રિક સિદ્ધાંતોને પ્રોત્સાહન મળવું જોઈએ અને તેમનો અમલ થવો જોઈએ. સરકાર સારા સમાજના ઓરકેસ્ટ્રા કન્ડક્ટર છે... યોગ્ય સરકાર વિના સારો સમાજ ના હોય..." (કેરળના એક સરકારી અધિકારી)

"પોલિસ અધિકારીએ નાગરિકોની સમસ્યાઓને માનવીય પાસાંથી નિહાળવી જોઈએ. પોલિસે નાગરિકોના માનવ અધિકારોનું રક્ષણ કરવાનું કામ કરવાનું છે." (ઓરિસ્સાના એક નેતા)

"સર્વસંમતિ ઊભી કરવા રાષ્ટ્રીય ચર્ચા થવી જોઈએ કે જેથી છેવાડે ફેંકાયેલા નાગરિકો મુખ્ય પ્રવાહમાં ભળી શકે..." (ઉત્તર પ્રદેશના એક સરકારી અધિકારી)

"મહાનગરપાલિકા એક ઉદ્દીપક બનવી જોઈએ પરંતુ વાસ્તવમાં ખરું નિર્માણ તો લોકો દ્વારા જ થવું જોઈએ." (મુંબઈના એક નિવૃત્ત વડા ઈજનેર)

**નાગરિકોની ભૂમિકા**

સારા સમાજના નિર્માણમાં નાગરિકો તેમને માટે સક્રિય ભૂમિકા જોઈ રહ્યા છે. તેઓ નિરાશ છે, અસંતુષ્ટ છે પણ તેઓ ભવિષ્ય માટે આશા-અપેક્ષા ધરાવે છે. ભારતના નાગરિકો અસ્તિત્વની તેમની રોજિંદી લડતમાં ખૂબ વ્યસ્ત છે, પરંતુ તેઓ માને છે કે તેઓ પોતાની જવાબદારીઓ સ્વીકારીને સારા નાગરિકો તરીકેનાં ઉદાહરણો આપી શકે છે.

તેઓ ભ્રાતૃત્વ અને પારસ્પરિક સમજની લાગણી જન્માવી શકે તેમ છે. નેતાઓ અને સરકારી અધિકારીઓ એમ માને છે કે તેઓ પોતે સંગઠિત બનીને સામૂહિક રીતે કંઈક કરી શકે તેમ છે. તેઓ સંગઠન ઊભું કરવા, નેતૃત્વને મજબૂત બનાવવા, એકતા ઊભી કરવા, પ્રશ્નો વિશે જાગૃતિ ઊભી કરવા, માહિતીની આપ-લે કરવા અને રાજ્યની સંસ્થાઓ સાથે સંવાદ ઊભો કરવા કામ કરી શકે છે એમ તેમને લાગે છે.

"સામાન્ય નાગરિકો શું કરી શકે? તેઓ સખત મહેનત કરી શકે અને બીજાઓ માટે ઉદાહરણ પૂરું પાડી શકે..." (હરિયાણાના એક ખેડૂત)

"દારૂ પીવાની આદત ઓછી થાય તો સંથાલીનું જીવન સુધરે. આજે સંથાલી સમાજ અંધશ્રદ્ધાઓ અને જરીપુરાણી માન્યતાઓ પર ઊભો છે.." (બિહારના એક સરકારી અધિકારી)

"અમે સંગઠિત થયા તો અમારી તાકાત વધી..." (મુંબઈની એક સ્ત્રી)

"લોકોની પાયાની જરૂરિયાતો પરિપૂર્ણ થાય અને લોકોને પોતાને સત્તા મળે તો સમાજના વિકાસમાં નાગરિકો પોતાની ભૂમિકા ભજવી શકે..." (કચ્છના એક રાજકીય નેતા)

**જુઓ પૃષ્ઠ ૨૯**

# સાંપ્રત પ્રવાહ

### ઝેરી કચરા અંગે સઘન ગોષ્ઠી

ઔદ્યોગિકીકરણની દૃષ્ટિએ અને ઝડપથી વિકાસ પામી રહેલાં ભારતનાં રાજ્યોમાં ગુજરાત અગ્રીમ સ્થાન ધરાવે છે. પરંતુ ગુજરાતના ઉદ્યોગોની કુદરતી સંસાધનો અને પર્યાવરણ ઉપર વિપરીત અસર થઈ રહી છે, તેની સામે આંખમીંચામણાં કરવામાં આવે છે. જળ, જમીન અને જંગલનું ન સુધારી શકાય તેટલી હદે પ્રદૂષણ થાય છે. 'કહેવાતો વિકાસ' કુદરતે બક્ષેલાં તમામ સાધનો સામાન્યજન પાસેથી ઝૂંટવી લઈને મસમોટાં ઔદ્યોગિક એકમોને હવાલે કરે છે.

ગુજરાતના આવા બધા પ્રશ્નોને ખ્યાલમાં રાખી પર્યાવરણ સુરક્ષા સમિતિ, લોક અધિકાર સંઘ, સેતુ, અસાગ, વડોદરા કામદાર યુનિયન, ચરખા અને સંદર્ભ સ્ટડીઝ એન્ડ ઈન્ટરવેન્શનના સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં પ્રદૂષણ અંગેના પાયાના પ્રશ્નો અને પેદા થતા ઝેરી કચરા અંગે ૧ ઑગસ્ટ, ૧૯૯૯ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ ખાતે એક સઘન ગોષ્ઠી યોજાઈ ગઈ.

'ગ્રીન પીસ' સંસ્થાનાં અગ્રણી વિજ્ઞાની શ્રીમતી પેટ કોસનર આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓ ઘણાં વર્ષોથી દુનિયાભરનાં પ્રદૂષણ વિરોધી આંદોલનોમાં સક્રિય ભૂમિકા બજાવી રહ્યાં છે. આ એક દિવસની ગોષ્ઠીમાં પ્લાસ્ટિક, તેનું દહન, ડાયોક્સિન, પ્રવાહી પ્રદૂષિત કચરાને શુદ્ધ કરવા માટે ચલાવાતા કેન્દ્રીય શુદ્ધિકરણ પ્લાન્ટ અને ઘન કચરાનો નિકાલ કરવા માટે વપરાતી પદ્ધતિઓની પોકળતા અંગે લંબાણથી ચર્ચા થઈ.

દિવસ દરમ્યાન કર્મશીલો સાથે ગોષ્ઠી યોજાઈ અને સાંજે સૌને માટે ખુલ્લી સભા યોજાઈ. આ ગોષ્ઠીમાં આશરે ચાલીસ સામાજિક કાર્યકરો અને અન્ય રસ ધરાવતી વ્યક્તિઓએ ભાગ લીધો હતો. મેડિકલ વેસ્ટ (તબીબી કચરો) અને તેના દહન અંગેના પ્રશ્નો વિશે પણ ચર્ચા થઈ હતી.

ઔદ્યોગિક રસાયણોથી જુદા જુદા વિસ્તારનાં જળ અને જમીન ઉપર થયેલી અસરો અંગે ગોષ્ઠી દરમ્યાન તસવીર પ્રદર્શન પણ યોજાયું હતું. ઝેરી કચરાની અસરો અંગે વધુ માહિતી મેળવવા માટે સંપર્ક કરોઃ શ્રી રજની દવે, પી-૭, વિશ્વાસ ફ્લેટ, નયન નગર, સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨૩૪૫.

### રાજસ્થાનમાં પંચાયતની સ્વચ્છ ચૂંટણીઓ માટેની કાર્યશાળા

'મરુસ્થલી બુનકર વિકાસ સમિતિ'એ રાજસ્થાનમાં આવી રહેલી પંચાયતોની ચૂંટણીની પ્રક્રિયા સ્વચ્છ રહે તે માટે ચર્ચા કરવા એક કાર્યશાળાનું આયોજન ૨૧-૨૨ સપ્ટેમ્બર, ૧૯૯૯ દરમ્યાન કર્યું હતું. તેમાં ૯ જિલ્લાનાં ૨૫ સંગઠનોના ૫૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જેસલમેરના વિખ્યાત સર્વોદય નેતા ભગવાનજી દાસે બે દિવસની આ બેઠકનું પ્રમુખસ્થાન સંભાળ્યું હતું. 'ઉન્નતિ' દ્વારા આ બેઠક પ્રયોજવામાં આવી હતી. બેઠક દરમ્યાન સહભાગીઓએ પંચાયતની વર્તમાન પરિસ્થિતિ વિશેનાં પોતાનાં મંતવ્યો જણાવ્યાં હતાં. એમાં એમ જણાવાયું કે દલિતોની અને મહિલાઓની અનામત બેઠકો પર ચૂંટાયેલા પ્રતિનિધિઓ મોટા ભાગે ગામના સામાજિક અને આર્થિક રીતે શક્તિશાળી વર્ગોના હાથા જ હોય છે. ચૂંટણી પછી આવા પ્રતિનિધિઓએ છેવાડે રહી ગયેલા વર્ગોના ભલા માટે સ્વતંત્ર રીતે પગલાં ભરવાનો પ્રયાસ કર્યો છે ત્યારે તેમની સામે શક્તિશાળી વર્ગે અવિશ્વાસના પ્રસ્તાવની પેરવી કરી છે. આ બેઠકમાં સહભાગીઓને એમ જણાયું કે સમૃદ્ધ વર્ગોના હાથા બની રહેવું એ તો ગુલામીનું એક સ્વરૂપ છે. એટલે કોઈ પણ હિસાબે આ પ્રક્રિયાને તો ડામવી જ પડે. આ પ્રશ્નના ઉકેલ માટે ગ્રામ, તાલુકા અને જિલ્લા સ્તરે મતદાતા સંગઠનો રચવા બેઠકમાં સંમતિ સધાઈ હતી. આગામી બે માસ દરમ્યાન જિલ્લા સ્તરની બેઠકોનું આયોજન થશે અને તેમાં જિલ્લા સ્તરની વ્યૂહરચના નક્કી કરાશે.

### લઘુમતી સમુદાય સંચાલિત શાળાઓની ક્ષમતા વધારવા અંગે કાર્યશાળા

'સોસાયટી ફોર એજ્યુકેશન, એમ્પાવરમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ' (સીડ) દ્વારા માઉન્ટ આબુ ખાતે તા. ૧૧થી ૧૩ સપ્ટેમ્બર, ૧૯૯૯ દરમ્યાન બનાસકાંઠા જિલ્લાની લઘુમતી મુસ્લિમ સમુદાય દ્વારા સંચાલિત શાળાઓની શૈક્ષણિક ક્ષમતા વધારવા અંગે વિચારણા કરવા એક કાર્યશાળાનું આયોજન કરાયું હતું. આ કાર્યશાળામાં ૧૧ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ૭૦ શિક્ષકો અને આચાર્યોએ ભાગ લીધો હતો.

આ શિક્ષકો અને આચાર્યોએ પોતાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા વધે, બાળકો શાળા છોડીને જતાં ન રહે અને બાળકોની શૈક્ષણિક ક્ષમતા વધે તે માટે નક્કર સૂચનો કર્યાં હતાં અને તેઓ પોતે આ સૂચનોનો અમલ કરવા માટે આગામી એક વર્ષ દરમ્યાન શું

કરશે તે પણ નક્કી કર્યું હતું. આ કાર્યશાળામાં શાળાઓના સંચાલકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો, વાલીઓ જેવા તમામ સંબંધિતોને અને વ્યાપક જનસમુદાયને કેવી રીતે સાંકળી શકાય તેને વિશે વિગતવાર ચર્ચા થઈ હતી. સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો કેવી રીતે શિક્ષણની પ્રક્રિયા પર વિપરીત અસર કરે છે તેની પણ છણાવટ કરાઈ હતી અને એ પરિબળોને કેવી રીતે નાથવાં અને તેમનો રચનાત્મક ઉપયોગ કેવી રીતે કરવો તે પણ વિચારવામાં આવ્યું હતું. કાર્યશાળામાં સંચાલકોએ શિક્ષિકાઓની ભરતી વિશેષ કરવી જોઈએ અને તે કન્યા કેળવણી વધારવામાં મદદરૂપ થશે એવું સૂચન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળા વાસ્તવમાં તો 'સીડ'ના કાર્યનું બીજારોપણ છે. કાર્યશાળાનાં તારણોને આધારે 'સીડ' બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓને વધારે સક્ષમ બનાવવા પ્રયત્નો કરશે.

**રાજસ્થાનમાં ખાણ મજૂરોને એકત્ર કરવાનો પ્રયાસ**

પશ્ચિમ રાજસ્થાનના બાલેસર વિસ્તારમાં વ્યાપક પ્રમાણમાં ચૂનાના પથ્થરની ખાણો છે. તેમાં હજારો લોકોને રોજગારી મળે છે, પરંતુ સાથે સાથે તેમાં મજૂરોને જીવલેણ રોગ પણ થાય છે. તેમાં બાળ મજૂરો પણ છે. આ વિસ્તારની આશરે ૮૦૦૦ નાની-મોટી ખાણોમાં હજારો મજૂરોનું શોષણ થાય છે. 'સમાજ એવમ્ પર્યાવરણ વિકાસ સંસ્થાન' દ્વારા કરાયેલા એક સર્વેક્ષણમાં ૮૦ ટકા મજૂરો દલિત હોવાનું જણાયું છે.

ખાણ અધિનિયમ-૧૯૫૨માં મજૂરોના કલ્યાણ માટેની જોગવાઈઓ છે પણ સરકારી કર્મચારીઓ અને ખાણમાલિકોના ગઠબંધનને લીધે તે જોગવાઈઓ માત્ર કાગળ ઉપર જ છે. આઠ કલાકનું કામ, રવિવારે રજા, બીમારી સમયે માલિક દ્વારા સારવાર વગેરેની જોગવાઈઓનું પાલન થતું નથી. વળી, આ ખાણ મજૂરોમાં સાક્ષરતાનું પ્રમાણ માત્ર ૫ ટકા જ છે. આ મજૂરોને 'સમાજ એવમ્ પર્યાવરણ વિકાસ સંસ્થાન' દ્વારા સંગઠિત કરવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. તેમને થતા ટીબી તથા સિલિકોસિસ જેવા રોગો સામે તેમને રક્ષણ મળે તેવા પ્રયત્નો પણ સંસ્થાન દ્વારા કરવામાં આવે છે. સંપર્કઃ 'સમાજ એવમ્ પર્યાવરણ વિકાસ સંસ્થાન', બાલેસર, જોધપુર-૩૪૨૦૨૩.

**પ્રાથમિક શિક્ષણ અંગે કાર્યશાળા**

'સિટિઝન્સ ઇનિશ્યેટિવ ઓન એલિમેન્ટરી એજ્યુકેશન ઈન ઈન્ડિયા' દ્વારા ૮થી ૧૦ જુન, ૧૯૯૯ દરમ્યાન નૈનિતાલ ખાતે પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરોની એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં દેશભરમાંથી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓના સક્રિય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યશાળાનો ઉદ્દેશ આ નાગરિક પહેલ દ્વારા ઘડાયેલા 'નાગરિકોના ખતપત્ર'ને આધારે દેશભરમાં પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવા માટેનું એક વ્યાપક જનઆંદોલન કેવી રીતે ઊભું કરી શકાય તેની વિચારણા કરવાનો હતો. આશરે ૩૫ સ્વૈચ્છિક સંસ્થાઓના નેતાઓએ તેમની સ્થાનિક સમસ્યાઓ અને અનુભવોની રજૂઆત કરી હતી અને સ્થાનિકથી રાષ્ટ્રીય સ્તરે થયેલા પ્રયાસોનું મૂલ્યાંકન કરાયું હતું. તેમ જ તેમણે સ્થાનિક સ્તરે જનઆંદોલન ખડું કરવા વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને સંચાલકોને કેવી રીતે સામેલ કરવા તેની વ્યૂહરચના અને આગામી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કર્યા હતાં.

**તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સત્કાર સમારંભ**

'ઈન્સ્ટિટ્યુટ ફોર ઈનિશ્યેટિવ્ઝ ઈન એજ્યુકેશન' દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની બોર્ડની પરીક્ષાઓમાં માર્ચ-૧૯૯૯માં અમદાવાદમાં પ્રથમ પાંચ ક્રમે આવનારા અને એસ.એસ.સી.માં ૮૦ ટકા તથા એચ.એસ.સી.માં ૭૫ ટકા કરતાં વધુ ગુણ લાવનારા મુસ્લિમ વિદ્યાર્થીઓને સત્કારવા માટે એક સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

**'વાણી'ના કારોબારીના સભ્યને જમનાલાલ બજાજ એવોર્ડ**

ગ્રામ વિકાસ માટે વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉપયોગ માટેનો પ્રતિષ્ઠિત જમનાલાલ બજાજ એવોર્ડ 'વોલન્ટરી એક્શન નેટવર્ક ઓફ ઈન્ડિયા' (વાણી)ની કારોબારીના સભ્ય ડૉ. અજયકુમાર બસુને આપવામાં આવ્યો છે. અને બાળકોના તથા મહિલાઓના કલ્યાણ માટેનો જાનકીદેવી બજાજ એવોર્ડ આંધ્ર પ્રદેશના વિજયવાડાના 'એથેઈસ્ટ સેન્ટર'નાં સુશ્રી સરસ્વતી ગોરાને આપવામાં આવ્યો છે. 'એથેઈસ્ટ સેન્ટર'ના મંત્રી શ્રી લવણમ્ પણ 'વાણી'ની કારોબારીના સભ્ય છે. ગામડાંમાં ટેકનોલોજીનાં આયોજન, ઘડતર અને તબદીલીમાં ડૉ. બસુનો ફાળો નોંધનીય છે. એ જ રીતે ગરીબો અને વંચિતોના ઉત્થાન માટેના સુશ્રી સરસ્વતી ગોરાના અથાગ પ્રયત્નો નોંધનીય રહ્યા છે. આ બંને એવોર્ડમાં પ્રશસ્તિપત્ર, સ્મૃતિચિહ્ન અને રૂ. ૨ લાખ રોકડનો સમાવેશ થાય છે અને તે નવેમ્બર-૧૯૯૯માં એનાયત કરવામાં આવશે.

# આગામી કાર્યક્રમ

**કાર્યકર વિકાસ પ્રશિક્ષણ**

કાર્યકર વિકાસ પ્રશિક્ષણ અંગે એક કાર્યશાળાનું આયોજન સહભાગી શિક્ષણ કેન્દ્ર દ્વારા તા. ૨૫.૧૧.૧૯૯૯થી તા. ૨૫.૨.૨૦૦૦ સુધી કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના ઉદ્દેશો આ મુજબ છેઃ **૧.** સામાજિક પરિવર્તનના હેતુ માટે માનવ સંસાધનોનો વિકાસ કરવો. **૨.** સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકર્તાઓની માહિતી, જાગૃતિ અને કાર્યક્ષમતાનું સ્તર

ઊંચું લાવવું અને તે વ્યાપક અને સર્વગ્રાહી બનાવવું. **૩.** કાર્યકરોના સ્વવિકાસ માટે તેઓ પોતાનાં અનુભવો અને જ્ઞાનનું વ્યવસ્થિત આદાન-પ્રદાન કરી કાર્યકરો તૈયાર કરવા કે જે ગ્રામ સ્તરે સ્વૈચ્છિક સંસ્થાઓમાં કામ કરે. વિશેષ માહિતી માટે સંપર્ક કરોઃ સહભાગી શિક્ષણ કેન્દ્ર, સહભાગી રોડ, પોલિસ ફાયર સ્ટેશન પાછળ, સીતાપુર રોડ, લખનઉ-૨૨૭૨૦૮, ઉત્તર પ્રદેશ, ફોનઃ ૦૫૨૧૨-૩૨૨૦૬૫/૩૨૨૦૬, ફેક્સઃ ૦૫૧૨-૩૨૨૦૬, ઈમેઈલઃ sahbhagi@lwl.vsnl.net.in

**ડરબનમાં તૃતીય કોમનવેલ્થ એનજીઓ ફોરમ**

તા. ૬-૮, નવેમ્બર, ૧૯૯૯ દરમ્યાન તૃતીય કોમનવેલ્થ એનજીઓ ફોરમ દક્ષિણ આફ્રિકામાં ડરબન ખાતે યોજાશે. આ ફોરમનો વિષય છેઃ 'લોકોનું ભવિષ્યઃ નૂતન સહસ્રાબ્દીમાં નાગરિકો અને શાસન'. 'કોમનવેલ્થ એનજીઓ ફોરમ' એ કોમનવેલ્થમાં ભરાતી એક પરિષદ છે. તે દર ચાર વર્ષે ભરાય છે અને 'કોમનવેલ્થ ફાઉન્ડેશન' તેને સહાય આપે છે. કોમનવેલ્થ એ બ્રિટનના ભૂતપૂર્વ ગુલામ દેશોનું સંગઠન છે. તે આ દેશોમાં ગરીબી, બેકારી અને અસમાનતાના નિવારણ માટે તથા સાર્વત્રિક પ્રશ્નોના આંતરરાષ્ટ્રીય ઉકેલો શોધવા માટે કામ કરે છે.

૧૯૯૯માં આ ફોરમ કોમનવેલ્થના સભ્ય દેશોના વડાઓની મળનારી બેઠકના થોડાક દિવસો પહેલાં જ ભરાશે. સરકારોના વડાઓની બેઠક ડરબનમાં જ ૧૨થી ૧૫ નવેમ્બર, ૧૯૯૯ દરમ્યાન યોજાઈ રહી છે. કોમનવેલ્થની સ્વૈચ્છિક સંસ્થાઓના નેતાઓ માટે આ ફોરમ સમાન હિત અને ચિંતાના વિષયો વિશે ચર્ચા કરવાની અને સભ્ય દેશોના નેતાઓ માટે ભલામણો તૈયાર કરવાની તક પૂરી પાડે છે. અન્ય રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સંસ્થાઓ માટે પણ તેઓ ભલામણો તૈયાર કરે છે. પ્રથમ કોમનવેલ્થ એનજીઓ ફોરમ પરિષદ ઝિમ્બાબ્વેમાં હરારે ખાતે ૧૯૯૧માં યોજાઈ હતી. ૧૯૯૫માં તેની પરિષદ ન્યૂ ઝીલેન્ડમાં વેલિન્ગટન ખાતે યોજાઈ હતી અને તેનો વિષય હતોઃ 'ગરીબી નિવારણના માર્ગોઃ સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા'.

**સ્વૈચ્છિક સંસ્થાઓની આંતરરાષ્ટ્રીય પરિષદ**

દક્ષિણ કોરિયામાં સિયોલ ખાતે ૧૦થી ૧૬ ઓક્ટોબર, ૧૯૯૯ દરમ્યાન સ્વૈચ્છિક સંસ્થાઓ માટેની આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાશે. આ પરિષદનો હેતુ સદીના અંતે સ્વૈચ્છિક સંસ્થાઓ એકત્ર થાય, વિશ્વના વિકાસની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરે તથા ભવિષ્ય માટે આયોજન કરે તે છે. એમાં આ દાયકાના આરંભે 'સંયુક્ત રાષ્ટ્રો' (યુએન)ની વિવિધ પરિષદોમાં સરકારો જે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે તેનું મૂલ્યાંકન કરવાનો પણ સમાવેશ થાય છે.

તેનો હેતુ આ પ્રતિબદ્ધતાઓની પરિપૂર્તિ માટે વિભિન્ન દેશોની સરકારો સમક્ષ હિમાયત કરવાનો, 'સંયુક્ત રાષ્ટ્રો' સાથે નીતિવિષયક સંવાદ ઊભો કરવાનો અને રાષ્ટ્રો વચ્ચેનો સંચાર વધારવાનો છે. સ્વૈચ્છિક સંસ્થાઓની પ્રવૃત્તિઓ અસરકારક બને, તેમના અનુભવોની આપ-લે થાય અને આત્મસુધાર તથા જોડાણોના નિર્માણ માટે સર્વમાન્ય અને નક્કર પગલાં ભરાય તે માટેની ભલામણો કરવાનો પણ તેનો ઉદ્દેશ છે.

**પ્રાકૃતિક સંસાધનોના સંચાલન માટે રાષ્ટ્રીય કાર્યશાળા**

ચિરંતન વિકાસમાં પ્રાકૃતિક સંસાધનોના સંચાલનની ભૂમિકાની ચર્ચા કરવા, વર્તમાન સંદર્ભમાં સ્વૈચ્છિક સંસ્થાઓના અનુભવોની આપ-લે કરવા અને પ્રાકૃતિક સંસાધનોના સંચાલન માટેની અસરકારક વ્યૂહરચના ઘડવા ૭થી ૧૦ ડિસેમ્બર, ૧૯૯૯ દરમ્યાન એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યશાળા એન.એમ. સદ્‌ગુરુ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન, દાહોદની સદ્‌ગુરુ ટ્રેઈનિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ દ્વારા યોજવામાં આવી છે. વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ નિયામક, સદ્‌ગુરુ ટ્રેઈનિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ, પો.બો. નં. ૭૧, દાહોદ-૩૮૯૧૫૧, ગુજરાત.

**પ્રાથમિક આરોગ્ય સંભાળ અને સંચાલન અંગે તાલીમ કાર્યક્રમ**

પ્રાથમિક આરોગ્ય સંભાળ - સંચાલન વિકાસ કાર્યક્રમ (પીએચસી - એમએપી) અંગે ૨૨થી ૨૮ ઓક્ટોબર, ૧૯૯૯ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં જોનપુર ખાતે એક તાલીમ કાર્યક્રમ યોજાશે. 'આગાખાન હેલ્થ ફાઉન્ડેશન' દ્વારા આ કાર્યક્રમ થશે અને 'આગાખાન હેલ્થ નેટવર્ક' તથા 'પ્રાયમરી હેલ્થ કેર ઓપરેશન્સ રિસર્ચ' દ્વારા તે સંયુક્ત સહયોગ મેળવશે. સમુદાયની જરૂરિયાતો, કાર્યકરની કુશળતાઓ, પ્રાપ્ય સંસાધનો અને પ્રવૃત્તિઓનું આયોજન સમુદાયમાં પ્રાથમિક આરોગ્ય સંભાળની યોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે જરૂરી છે.

આ એક પદ્ધતિસરનો અભિગમ છે અને સંચાલન વિકાસ કાર્યક્રમ એ એક એવું સાધન છે કે જેના દ્વારા તેને સ્થાનિક પરિસ્થિતિને સાનુકૂળ બનાવી શકાય છે. એનો હેતુ એવા રસ્તા શોધવાનો છે કે જેમાં સંચાલનની વ્યવસ્થા વધારે સારી રીતે કામ કરી શકે.

પ્રશિક્ષણ કાર્યક્રમમાં આયોજન, કાર્ય અને મૂલ્યાંકનના પરંપરાગત માર્ગો પર કેન્દ્રિત કરવામાં આવશે. વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ શ્રી સંજય સહાય, કાર્યક્રમ અધિકારી, પ્રશિક્ષણ અને દસ્તાવેજીકરણ, 'આગાખાન હેલ્થ સર્વિસ', ગુજરાત પ્રદેશ કચેરી, ૨૭, ખોજા ઓફિસ, વેદમંદિર, કાંકરિયા, અમદાવાદ-૩૮૦૦૨૨, ગુજરાત.

# સંદર્ભ સાહિત્ય

**માનવ વિકાસ અહેવાલઃ ૧૯૯૯**
સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ -યુએનડીપી) દ્વારા ૧૯૯૦થી દર વર્ષે માનવ વિકાસ અહેવાલ પ્રકાશિત થાય છે. ૧૯૯૯ના આ અહેવાલમાં છેલ્લા દાયકા દરમ્યાન માનવ વિકાસના ક્ષેત્રે દુનિયાભરના દેશોમાં થયેલી પ્રગતિનું સરવૈયું કાઢવામાં આવ્યું છે અને વિશ્વમાં શું પ્રગતિ થઈ અને હજુ કેટલી વંચિતતા છે તેની વિગતો આપવામાં આવી છે. આરોગ્ય, શિક્ષણ, અન્ન અને ગરીબી, મહિલાઓ, બાળકો, પર્યાવરણ અને માનવ સલામતીના ક્ષેત્રે થયેલી પ્રગતિ અને હજુ વ્યાપ્ત વંચિતતાની આંકડાકીય વિગતો આપીને જણાવાયું છે કે ગરીબો, વંચિતો અને રહિતો તરફી નીતિઓ તત્કાળ સફળ થઈ જતી નથી પરંતુ તેમની જરૂરિયાતોની પરિપૂર્તિ માટે આ નીતિઓ તકોનું સર્જન કરી શકે છે.

માનવ વિકાસ અહેવાલો કુલ ઉત્પાદન અને માથાદીઠ આવકના ખ્યાલ ઉપરાંત વિકાસના વૈકલ્પિક માપદંડ વિકસાવવામાં સફળ રહ્યા છે. આ વર્ષે તેણે વૈશ્વિકીકરણની પ્રક્રિયા માનવ વિકાસ પર કઈ વિધાયક અને વિપરીત અસરો ઊભી કરે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અહેવાલ એમ કહે છે કે, "વૈશ્વિક બજારો, વૈશ્વિક તકનિકી, વૈશ્વિક વિચારો અને વૈશ્વિક એકતા સર્વત્ર લોકજીવનને સમૃદ્ધ કરી શકે છે. પડકાર એ છે કે લાભો સમાન રીતે વહેંચાય અને આ વધતું પરસ્પરાવલંબન માત્ર નફા માટે નહિ પણ લોકો માટે કામ કરે એ જોવાય." આ અહેવાલ એવી દલીલ કરે છે કે વૈશ્વિકીકરણ કંઈ નવું નથી, પરંતુ સ્પર્ધાત્મક વૈશ્વિક બજારોથી દોરવાતું વર્તમાન યુગનું વૈશ્વિકીકરણ બજારોના વહીવટ અને લોકો પરની તેની અસરો કરતાં અત્યંત ઝડપી છે. ૨૬૨ પાનાં, પાંચ પ્રકરણો, સંખ્યાબંધ આંકડાકીય કોઠાઓ અને ધ્યાનાકર્ષક આલેખો દ્વારા આ અહેવાલ અંગ્રેજી ભાષામાં માનવીય ચહેરા સાથેના વૈશ્વિકીકરણની હિમાયત કરે છે. પ્રાપ્તિસ્થાનઃ ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, ૧૯૮, મેડિસન એવન્યુ, ન્યૂ યોર્ક-૧૦૦૧૬.

**પંચાયત-પથ**
રાજસ્થાનના બિકાનેર જિલ્લાના 'શાંતિ મૈત્રી મિશન' સંચાલિત 'પંચાયત સંદર્ભ કેન્દ્ર' દ્વારા હિન્દીમાં આ દ્વિમાસિક પ્રગટ થાય છે. પંચાયતો અને આર્થિક વિકાસ, પંચાયતો દ્વારા ગ્રામ વિસ્તારોમાં રોજગાર સર્જન, દલિતો અને પંચાયતો વગેરે જેવા વિષયો અંગે અભ્યાસપૂર્ણ લેખો તેમાં પ્રકાશિત કરવામાં આવે છે. ગ્રામ પંચાયતના સભ્યો અને સરપંચોની વિકાસલક્ષી કામગીરી, તેમને તેમની કામગીરી કરવામાં પડેલી મુસીબતો અને તેમણે આપબળે આણેલા ઉકેલો વિશે પણ તેમાં વિગતવાર રજૂઆત કરવામાં આવે છે. એ માટે સરપંચો અને મહિલા સભ્યોની સ્થળ પર મુલાકાતો પણ લેવામાં આવે છે. પંચાયત ક્ષેત્રે ગુજરાતમાં કામ કરતા સ્વૈચ્છિક કાર્યકરો, કર્મશીલો અને સ્વૈચ્છિક સંસ્થાઓને રાજસ્થાનના આ અનુભવોની વિગતો પ્રેરણા પૂરી પાડી શકે છે. પ્રાપ્તિસ્થાનઃ પંચાયત સંદર્ભ કેન્દ્ર, શાંતિ મૈત્રી મિશન સંસ્થાન, પૂગલ-૩૩૪૦૨૮, બિકાનેર, રાજસ્થાન.

**પત્તા પત્તા અક્ષર હોગા**
દક્ષિણ બિહારના દુમકા જિલ્લાના લોકોએ છ વર્ષ પહેલાં જે કામ શરૂ કર્યું હતું તે એક આંદોલન સ્વરૂપે આજે ઊભું છે. જાહેર અને ખાનગી બંને ક્ષેત્રોમાં સત્તાની જે પરંપરાગત સમતુલા છે તેને આ આંદોલને હચમચાવવાનો પ્રયાસ કર્યો છે. સ્ત્રીઓની સક્ષમતા, સરકારી યોજનાઓમાં પારદર્શકતા, ભ્રષ્ટાચારનું નિવારણ, પ્રાથમિક શાળાઓમાં સુધારો, શિક્ષકોની ગેરહાજરીમાં ઘટાડો અને વધુ સારા જીવન માટેની સ્થાનિક માંગમાં વધારો એ આ આંદોલનનું પરિણામ છે. દુમકામાં સાક્ષરતાની ઝુંબેશ ચલાવનારા ૬૦,૦૦૦ સ્વયંસેવકોનું એક મોટું જૂથ આ પ્રયાસો કરી રહ્યું છે. આ ફિલ્મમાં આ પ્રયાસોની ગાથા છે. જેઓ સાક્ષરતા માટે કામ કરે છે તેમના માટે જ તે ઉપયોગી છે એવું નથી, પરંતુ સામાજિક વિકાસની પ્રવૃત્તિ હાથ ધરવા માટે સરકાર અને સમુદાય વચ્ચેના એક સફળ સહયોગને તે રજૂ કરે છે. હિન્દી ભાષામાં આ વિડિયો ફિલ્મ 'દૃષ્ટિ મિડિયા કલેક્ટિવ' દ્વારા તૈયાર થઈ છે અને મસૂરીના 'રાષ્ટ્રીય સાક્ષરતા સંસાધન કેન્દ્ર' દ્વારા રજૂ થઈ છે. દિગ્દર્શકઃ સ્ટાલિન કે., કિંમત રૂ. ૩૦૦, અવધિઃ ૬૦ મિનીટ. નકલ માટે સંપર્ક સાધોઃ દૃષ્ટિ, ડી-૨, કર્ણાવતી એપાર્ટમેન્ટ્સ, શ્રદ્ધા પેટ્રોલ પંપ પાછળ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૨, ફોનઃ ૬૭૪૧૪૩૭, ૬૭૪૯૨૩૫.

**ટીચર્સ એઝ ટ્રાન્સફોર્મર્સ**
૧૯૯૪-૯૫ દરમ્યાન પ્રાથમિક શાળાના નોંધપાત્ર શિક્ષકો અંગે કરાયેલો આ એક અભ્યાસ છે. ગુજરાત સરકારના પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા સૌ પ્રથમ ગુજરાતીમાં આ દસ્તાવેજ પ્રસિદ્ધ થયો હતો. પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવા માટે ૧૯૮૬ની રાષ્ટ્રીય

શિક્ષણ નીતિ અને ૧૯૯૨માં ઘડાયેલી કાર્યલક્ષી યોજના અન્વયે લક્ષ્યાંક નક્કી થયો હતો. તેમાં શિક્ષકો એક મહત્ત્વનું સંસાધન છે. શિક્ષકોના વ્યવસાયી વિકાસ માટે પરંપરાગત અભિગમ સંસ્થા આધારિત વિકાસના નમૂના પર આધાર રાખે છે. તેમાં નિષ્ણાતો શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડે છે. પરંતુ કેટલાક શિક્ષકોએ તેમને નડતી સમસ્યાઓ અંગે નવતર પ્રયોગો કર્યા છે અને નવા જ રસ્તા અપનાવ્યા છે.

આ પુસ્તકમાં આવા ૩૦ શિક્ષકોના અનુભવો એવા ખ્યાલ સાથે આપવામાં આવ્યા છે કે એમના વિચારોનો પ્રસાર થાય અને સાથી શિક્ષકો પણ એમાંથી કંઈક શીખે. મૂળ ગુજરાતીનો આ અંગ્રેજી અનુવાદ પી. જી. વિજય શેરીચંદ અને શૈલેશ આર. શુક્લ દ્વારા કરાયો છે. પ્રાપ્તિ સ્થાનઃ યુનિસેફ, પ્લોટ નં. ૩૮૨, સેક્ટર-૨૨ ગાંધીનગર-૩૬૨૦૨૨૪.

**માયનોરિટી - મેનેજ્ડ સ્કૂલ્સ ઓફ બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ**

ઉત્તર ગુજરાતના પછાત અને આદિવાસી એવા બનાસકાંઠા જિલ્લામાં લઘુમતી મુસ્લિમ સમુદાય દ્વારા ચાલતી શાળાઓનો આ અભ્યાસ આ શાળાઓની માળખાગત સવલતોની સમસ્યાઓ તથા શિક્ષકો, વિદ્યાર્થીઓ, આચાર્યો અને વાલીઓ જેવા તમામ સંબંધિતોની સમસ્યાઓ પર પ્રકાશ ફેંકે છે. આ અભ્યાસના હેતુઓ નીચે મુજબ હતાઃ

૧. ગુજરાતમાં લઘુમતી મુસ્લિમ સમુદાય દ્વારા ચાલતી શાળાઓનું સર્વાંગી ચિત્ર ઊભું કરવું.
૨. અભ્યાસનાં તારણોને આધારે શાળાઓની સ્થિતિ સુધારવા માટેની યોજના તૈયાર કરવી.
૩. બાળકોની જરૂરિયાતો વિશે સમજ વિકસાવવી અને તેને આધારે એ યોજનાનો અમલ કરવો.

આ અભ્યાસ એમ દર્શાવે છે કે મુસ્લિમ સમુદાય દ્વારા સંચાલિત શાળાઓની સમસ્યાઓ માત્ર આ જ શાળાઓની નથી. પરંતુ મુસ્લિમ સમુદાયના વિવિધ સંપ્રદાયો અને પેટા સંપ્રદાયો વચ્ચેના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક તફાવતો મુસ્લિમ સમુદાયની શાળાઓને અસર કરે છે. પ્રાપ્તિ સ્થાનઃ 'સીડ' બી-એ-૧૦, યુનાઈટેડ એપાર્ટમેન્ટ્સ, સરખેજ હાઈવે, મકતમપુરા, અમદાવાદ-૩૮૦૦૫૫, ફોનઃ ૬૬૦૨૬૧૯, કિંમત રૂ. ૫૦/-.

**પૃષ્ઠ ૨૧નો શેષ ભાગ**

"લોકો હવે રોજેરોજ વધુ ને વધુ સ્વાર્થી બની રહ્યા છે... તેમણે સામાજિક દૂષણો સામે નેતૃત્વ ઊભું કરવું જોઈએ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અસરકારક રીતે ભાગીદાર થવું જોઈએ.." (ઓરિસ્સાની એક સ્ત્રી)

"...લોકો ઉપર ધ્યાન કેન્દ્રિત થવું જોઈએ. લોકોને લાગે છે કે તેમણે મતદાન કર્યું એટલે વાત પતી ગઈ છે અને હવે તો તેમણે કંઈક મેળવવાનું જ છે." (ઓરિસ્સાનાં એક મહિલા નેતા)

"આપણા દેશની સમસ્યા એ છે કે તેમને જે મળવાપાત્ર છે તેને વિશે લોકોને કશી માહિતી નથી... જો લોકો મક્કમ બને તો, સરકાર ગલ્લાંતલ્લાં ના કરી શકે." (દિલ્લીની એક સ્ત્રી)

"જરૂરિયાતો અને પ્રાથમિકતાઓ અંગેના નિર્ણયો લોકો દ્વારા લેવાવા જોઈએ. સારા સમાજ માટે એ મહત્ત્વનું છે કે લોકોનાં સપનાં ખરેખર સાકાર થાય." (ભોપાલની એક સ્વૈચ્છિક સંસ્થાના નેતા)

નાગરિકો યોગ્ય પગલાં ભરે તે માટે તેમને સક્ષમ કે અક્ષમ બનાવવા માટે સમાજની વિવિધ સંસ્થાઓ કામ કરે છે. નાગરિકો અને રાજ્ય વચ્ચે સેતુ સ્થાપનારાં મહત્ત્વનાં પરિબળો આ મુજબ છેઃ માહિતીની પ્રાપ્તિ, શિક્ષણની પ્રાપ્તિ, સાર્વજનિક સંસાધનોની પ્રાપ્તિ, મંડળો અને સંઘો, રાજ્યની સંસ્થાઓ સાથે જીવંત સંપર્ક.

રાજ્ય નાગરિકોના કર્તૃત્વને પ્રોત્સાહન આપી શકે છે, તેણે એક પુખ્ત સંસ્થા તરીકે કામ કરવાનું છે. તેણે પાયાની સવલતો પૂરી પાડવી જોઈએ, માળખાગત સવલતો ઊભી કરવી જોઈએ, નાગરિકોનાં જાનમાલનું રક્ષણ કરવું જોઈએ. તેણે નિર્ણય પ્રક્રિયાને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સુધી અસરકારક રીતે પહોંચાડવી જોઈએ અને નાગરિકોની સહભાગિતા વધે એવું વાતાવરણ ઊભું કરવું જોઈએ.

નાગરિકોના નેતાઓએ માહિતીની આપલે કરવી જોઈએ, સરકારી નીતિઓ અને કાર્યક્રમો પર દેખરેખ રાખવી જોઈએ. નાગરિકો સામાજિક અને રાજકીય સંવાદિતા જાળવવામાં પણ મદદ કરી શકે છે.

સ્વૈચ્છિક સંસ્થાઓ જાગૃતિ ઊભી કરે, માહિતીની આપલે કરે, સંગઠનો ઊભાં કરે અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને અસરકારક બનાવવા માટેનું વાતાવરણ ઊભું કરે.

પ્રસાર માધ્યમો નાગરિકોના અધિકારો અને જવાબદારીઓ વિશેની માહિતીનું આદાન-પ્રદાન કરીને લોકશિક્ષણ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે. વિદ્વદ્‌જનો નાગરિકોનાં કાર્યો માટે ઉપયોગી એવી માહિતી ઊભી કરી શકે અને એવાં મૂલ્યોને પ્રોત્સાહન આપી શકે.

## અમારા વિશે

છેલ્લા ત્રણ માસ દરમ્યાન 'ઉન્નતિ'માં હાથ ધરાયેલી પ્રવૃત્તિઓ નીચે મુજબ છેઃ

**ક્ષમતાવર્ધન એકમ (ગુજરાત)**

- પ્રશિક્ષકોના ક્ષમતાવર્ધન માટેની તાલીમ (ટીસીબીટી)નો પ્રથમ તબક્કો ૧૭થી ૨૩ ઓગસ્ટ, ૧૯૯૩ દરમ્યાન હાથ ધરાયો. આ કાર્યક્રમમાં ૨૮ વ્યક્તિઓએ ભાગ લીધો.
- 'ફ્રેન્ડ્ઝ ઓફ ધ વીમેન્સ વર્લ્ડ બેંકિંગ' - (ભારત) અને 'સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી' - અમદાવાદનું મૂલ્યાંકન હાથ ધરાયું.

**ક્ષમતાવર્ધન એકમ (રાજસ્થાન)**

- રાજસ્થાનની સ્વૈચ્છિક સંસ્થાઓને માટે સંસ્થાકીય સંચાલન અંગે ૧૨થી ૧૪ જુલાઈ, ૧૯૯૯ દરમ્યાન એક તાલીમ કાર્યક્રમ યોજાયો. આ કાર્યશાળામાં સંગઠનોના નેતાઓએ તેમનાં કાર્ય, વ્યૂહરચના, નેતૃત્વ, વ્યાપક કામગીરી અને માનવ સંસાધન વિકાસ વગેરેની છણાવટ કરી. ૧૯ સ્વૈચ્છિક સંસ્થાઓના ૨૫ કાર્યકર્તાઓએ તેમાં ભાગ લીધો.
- એપ્રિલ-૧૯૯૯ દરમ્યાન યોજાયેલા દલિત નેતાઓના સંમેલનના સંદર્ભમાં જિલ્લામાં તે પ્રકારનાં સંમેલનો સ્થાનિક સંસ્થાઓ દ્વારા યોજવામાં આવ્યાં. 'વસુંધરા સેવા સમિતિ', 'આઈડિયા', 'સમાજ એવમ્ પર્યાવરણ વિકાસ સંસ્થાન' અને 'મરુધર ગંગા સોસાયટી'એ આ સંમેલનો યોજ્યાં. આ સંમેલનોમાં પ્રાદેશિક વ્યૂહરચનાઓ ઘડાઈ અને અમલદારો તથા અન્ય લાગતાવળગતાઓને સામેલ કરવાના પ્રયાસો કરાયા.

**સ્વશાસન એકમ (ગુજરાત)**

- તા.૨૩.૭.૧૯૯૯ના રોજ ભાવનગરની સંસ્થા 'આનંદી' સાથેના સહયોગમાં પંચાયતોની પરિસ્થિતિની જાણકારી મેળવવા માટે એક બેઠક ભાવનગરમાં યોજવામાં આવી.
- તા. ૧૧-૧૩, ઓગસ્ટ, ૧૯૯૯ દરમ્યાન 'સારથિ'ના પંચમહાલના કાર્યકર્તાઓ માટે પંચાયતી રાજના પ્રશ્ને એક તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો. એ જ રીતે 'રાજપીપળા સોશ્યલ સર્વિસ સોસાયટી'ના કાર્યકર્તાઓ માટે ૨૬થી ૨૮, સપ્ટેમ્બર, ૧૯૯૯ દરમ્યાન એવો જ તાલીમ કાર્યક્રમ યોજાયો.

**સ્વશાસન એકમ (રાજસ્થાન)**

- 'મગરા મેવાડ વિકાસ સંસ્થાન' દ્વારા રચાયેલાં જાગૃત દળોની એક સમીક્ષા બેઠક તા. ૪.૯.૧૯૯૯ના રોજ યોજાઈ. તેનો હેતુ નજીકના ભવિષ્યમાં આવી રહેલી પંચાયતોની ચૂંટણીઓ માટે મહિલાઓમાં જાગૃતિ ફેલાવવાનો અને તેમને તૈયાર કરવાનો હતો.
- પંચાયતોની ચૂંટણીઓ અંગેની એક નિયમાવલી શૈક્ષણિક સામગ્રી તરીકે તૈયાર કરવામાં આવી છે.
- રાજસ્થાનમાં પંચાયતોની આગામી ચૂંટણીઓમાં ચૂંટણીની પ્રક્રિયા સ્વચ્છ રહે તે અંગે 'મરુસ્થલી બુનકર વિકાસ સમિતિ' અન્વયે એક કાર્યશાળા યોજાઈ. પંચાયતમાં ડમી પ્રતિનિધિઓની પ્રક્રિયા ઘટે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાના પ્રયાસો સ્વૈચ્છિક સંસ્થાઓ કરે એ તેનો હેતુ હતો.

**સંશોધન અને હિમાયત એકમ**

- 'અર્બન એજન્ડા ઈન ધ ન્યૂ મિલેનિયમ' વિશે ૨૩-૨૪ જુલાઈ, ૧૯૯૯ દરમ્યાન અમદાવાદની 'સ્કૂલ ઓફ પ્લાનિંગ' અને 'ઉન્નતિ'ના સંયુક્ત ઉપક્રમે એક કાર્યશાળાનું આયોજન કરાયું. ઓક્સફામ (ઈન્ડિયા) ટ્રસ્ટનો તેમાં સહયોગ મળ્યો. આ કાર્યશાળાનો હેતુ શહેરી વિકાસ અંગે દૃષ્ટિકોણ ઊભો કરવાનો હતો. કાર્યશાળા દરમ્યાન નાણાંનો પ્રવાહ, શહેરી સંઘર્ષો, શહેરની જમીન અને પુનર્પ્રાપ્તિ, આવાસના અધિકારો અને શહેરી સ્વશાસનને મજબૂત કરવાની જરૂરિયાત વગેરે જેવા મહત્ત્વના મુદ્દાઓ વિશે નૂતન સહસ્રાબ્દી માટેની કાર્યસૂચિ તૈયાર કરવાના સંદર્ભમાં સઘન ચર્ચા થઈ. સમગ્ર દેશમાંથી તેમાં ૪૦ વ્યક્તિઓએ ભાગ લીધો.
- ઉપરોક્ત કાર્યશાળામાં 'ઉન્નતિ'એ ગુજરાતની ચાર નગરપાલિકાઓના અભ્યાસને આધારે 'સ્ટ્રેન્ધનિંગ અર્બન ગવર્નન્સઃ સમ ઈમર્જિંગ ઈસ્યુઝ' વિશે એક અભ્યાસ લેખ તૈયાર કર્યો હતો.

**દસ્તાવેજીકરણ એકમ**

- અમદાવાદના 'બિહેવિયરલ સાયન્સ સેન્ટર' માટે ૮-૯ સપ્ટેમ્બર, ૧૯૯૯ દરમ્યાન લેખન કૌશલ્ય અંગે એક કાર્યશાળાનું આયોજન કરાયું હતું. તેમાં ૨૨ કર્મશીલોએ ભાગ લીધો હતો. એવી જ કાર્યશાળા 'રાજપીપળા સોશ્યલ સર્વિસ સોસાયટી'ના ૪૦ કર્મશીલો માટે ૨૩-૨૫ સપ્ટેમ્બર, ૧૯૯૯ દરમ્યાન યોજવામાં આવી હતી.
- 'ચરખા'ના નેજા હેઠળ જળસ્રાવ વિકાસ કાર્યક્રમના સફળ અમલ, અગરબત્તી કામદારોની લઘુતમ વેતન માટેની લડત અને બાંધકામ કામદારોની લઘુતમ વેતન માટેની લડત અંગેના ૧૩ લેખો તૈયાર કરાયા.
- કર્મશીલોને લખવા માટે પ્રોત્સાહિત કરવા અને નિયમિત ધોરણે સ્થાનિક સમાચારો મેળવવા 'ચરખા' દ્વારા પોસ્ટ કાર્ડ અભિયાન શરૂ કરાયું છે.

### 'વિચાર'ને 'માયારામ સુરજન ફાઉન્ડેશન' દ્વારા પારિતોષિક એનાયત



*મધ્ય પ્રદેશના 'માયારામ સુરજન ફાઉન્ડેશન' દ્વારા 'ઉન્નતિ'ના 'વિચાર' ત્રૈમાસિકને સ્વૈચ્છિક સંસ્થાઓનાં પ્રકાશનોમાં શ્રેષ્ઠ સંપાદકીય સામગ્રી માટેનું ૧૯૯૯નું પારિતોષિક એનાયત થયું છે. મધ્ય પ્રદેશના જાણીતા પત્રકાર અને મધ્ય પ્રદેશ હિંદી સાહિત્ય સંમેલનના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી માયારામ સુરજનની સ્મૃતિમાં સ્થપાયેલી આ સંસ્થાએ 'વિચાર'ને તેની સંપાદકીય સામગ્રી બદલ આ ત્રીજું પારિતોષિક અર્પણ કર્યું છે. તસ્વીરમાં 'ઉન્નતિ'ના રાજસ્થાનના એકમના પંચાયતી રાજ વિભાગના કાર્યકર્તા સુશ્રી શમ્પા બટબ્યાલ આ પારિતોષિક ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી ઇન્દરકુમાર ગુજરાલ પાસેથી સ્વીકારી રહ્યાં છે. 'વિચાર'ને મળેલા આ પારિતોષિકમાં એક શીલ્ડ અને પ્રશસ્તિપત્રનો સમાવેશ થાય છે.*


उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંસ્થાન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.

ફોન: ૬૭૪૬૧૪૫, ફેક્સ: ૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnati@ad1.vsnl.net.in

**ક્ષેત્રીય કાર્યાલય:** ૨૧-એ, ૯, પોલ રોડ, બછરાજજી કા બાગ, જોધપુર-૩૪૨૦૦૩, રાજસ્થાન. ફોન/ફેક્સ: (૦૨૯૧) ૬૪૩૨૪૮

રૂપાંકન: રાજેશ પટેલ, 'ઉન્નતિ', ડિઝાઈન કન્સલ્ટન્ટ: તરુણ દીપ ગિરધર, ચિત્રાંકન: રણજીત બાલમુચુ

મુદ્રણ: સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., ૫૫/૧૫, સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન નં. ૫૪૬૪૯૮૯.



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.